સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૯ | અંક : ૧૧ | જાન્યુઆરી ૨૦૧૮



ચાવડા ઓમકાર પ્રવિણભાઈ
ધો.૧૧-ક • શેઠ અ.હ.સરસ્વતી વિદ્યાલય

# સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં શાળાકીય રમતોત્સવ

## જે. એન. બાલિકા વિદ્યાલય









## અસારવા વિદ્યાલય










# ઘરશાળા

**જાન્યુઆરી - ૨૦૧૮**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૯૦**



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | **હરભાઈ ત્રિવેદી**<br>**રઘુભાઈ નાયક** |
| તંત્રીઓ : | **જશીબહેન નાયક**<br>**જ્યોતીન્દ્રભાઈ દવે**<br>**સજુભા ઝાલા** |
| પરામર્શ : | **મૃદુલાબહેન ત્રિવેદી**<br>**અમીતાબહેન પાલખીવાલા**<br>**અશોકભાઈ સોમપુરા**<br>**હેતલબહેન શાસ્ત્રી** |
| લે-આઉટ - ડિઝાઈન : | **મનીષ પટેલ** |


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**

**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ**

**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**

**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**

Email : gharashala@saraswatividyamandal.org

website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| પ્રાથમિક શિક્ષણ અને બાળસાહિત્ય | રવીન્દ્ર અંધારિયા / ૧૧ |
| બાળકોનાં ઉદ્ધારક | હરિત પંડ્યા / ૧૩ |
| સાહિત્ય શું કરી શકે ? | શરીફા વીજળીવાળા / ૧૪ |
| નૂતન વર્ષાભિનંદન | મહેન્દ્ર ભાટિયા / ૧૭ |
| ક્ષમાનું શાસ્ત્ર | રણછોડ શાહ / ૧૮ |
| ગાંધી પણ એવા ને એવા નહીં ચાલે | સંપાદક : મહેન્દ્ર મેઘાણી / ૨૦ |
| સારી શાળા | ડૉ. વિજય ઠક્કર / ૨૧ |
| શિક્ષકનું સ્વરૂપ | વિમલા ઠાકર / ૨૩ |
| ઓછો ઉપદેશ, વધુ કામ : લાલ બહાદુર શાસ્ત્રી | સંકલન / ૨૭ |
| પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૯ |
| વત્સલ દાદીમા | દક્ષાબહેન દાવડા / ૩૪ |
| માતૃભાષા એ તો માનો ખોળો છે | વિનોદ ભટ્ટ / ૩૫ |
| પુસ્તક પરિચય : સ્મરણ-પુષ્પ | સોલંકી ઉન્નતિ / ૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૦ |


## "ઘરશાળા"

## શૈક્ષણિક માસિક

## લેખક જોગ - વાચકો જોગ

## માહિતી મોકલવા માટે ઈ-મેઈલ

**gharashala@saraswatividyamandal.org**

## વાંચવા માટે

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## શિક્ષણ-સંક્રમણનો ફલિતાર્થ

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સાથે સંકળાયેલ એક મહત્ત્વનો અને ઉપયોગી પ્રશ્ન શિક્ષણસંક્રમણ અંગેનો છે, કેમ કે તે જીવનના વિવિધ સ્તરે અને વ્યાવસાયિક સિદ્ધિમાં મહદ્અંશે માર્ગદર્શક બની રહે છે.

કેટલાક શિક્ષણવિદો અને મનોવૈજ્ઞાનિકોની એવી દૃઢ માન્યતા હતી, કે એક માનસિક ક્રિયાનો પ્રભાવ બીજી માનસિક ક્રિયા ઉપર પડ્યા વિના રહેતો નથી. અર્થાત્ પ્રથમ માનસિક ક્રિયામાં જેટલી કઠિનતા પડે છે, તેટલી અનુગામી માનસિક ક્રિયામાં પડતી નથી.

વિદ્યાર્થી જ્યારે કોઈ પણ વિષય કે વસ્તુ વિષે માહિતી, જ્ઞાન કે કૌશલ્ય પ્રાપ્ત કરે છે, ત્યારે તેની તે સિદ્ધિ કે આવડત અન્ય વિષય કે પરિસ્થિતિના અધ્યયનમાં કેટલેક અંશે ઉપયોગી અને સરળ બને છે. વિદ્યાર્થીએ ગુજરાતી વ્યાકરણમાં મેળવેલું જ્ઞાન તેને હિન્દી કે અંગ્રેજી ભાષાનું વ્યાકરણ શીખવામાં ઉપયોગી નીવડશે. ગણિતના વિષયમાં પ્રાવિણ્ય મેળવનાર વિદ્યાર્થી સરળતાથી બીજગણિત શીખી લેશે. પૂઠાકામ કરીને મકાનોનાં મોડલ તૈયાર કરનાર વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આર્કિટેક્ચરનું શિક્ષણ અને કૌશલ્ય મેળવવામાં નોંધપાત્ર તેજસ્વિતા દર્શાવશે.

આમ, શાળામાં કોઈપણ વિષયમાં મેળવેલું જ્ઞાન કે કૌશલ્ય, માહિતી કે તાલીમ, પડેલ ટેવ, વિકસેલ વલણ બીજી શૈક્ષણિક પરિસ્થિતિમાં ઉપયોગી થવાની પ્રક્રિયાને શૈક્ષણિક પરિભાષામાં શિક્ષણસંક્રમણ (transfer to training) કહે છે. જો કે સંક્રમણ વિશે મનોવૈજ્ઞાનિકોમાં મતભેદ અને જુદા જુદા અભિપ્રાયો પ્રવર્તે છે. છતાં તેની મૂળભૂત વિભાવના અને તારણો અંગે સૌ સહમત થાય છે.



# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## શિક્ષણમાં જરૂરી છે... આંદોલન

થોડા વર્ષો પહેલાના આ પ્રસંગ યાદ છે. અમારા ટ્રસ્ટી મંડળની સભા શ્રી એચ. એમ. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. તે સમયે પણ શિક્ષણના પ્રશ્નો અંગે સૌ શિક્ષણ પ્રેમીઓ અકળામણ અનુભવતા હતા. ચર્ચાઓ, સંમેલનો, ચિંતન બેઠકો વગેરે આજની જેમ જ યોજવામાં આવતા. શ્રી એચ. એમ. પટેલ પણ શિક્ષણ વ્યવસ્થા અંગે અકળામણ અને આક્રોશ વ્યક્ત કરતા. અમારી મિટિંગમાં પટેલ સાહેબે જણાવ્યું "હવે ચર્ચાઓ કરવાનો કોઈ અર્થ નથી એક રેલીનું આયોજન કરો જેની આગેવાની હું લઈશ. ગાંધીનગર જઈ આંદોલન દ્વારા આપણો અવાજ રજૂ કરવાનો સમય પાકી ગયો છે. ક્યાં સુધી ચર્ચાઓ કરીશું ?" આ શબ્દો એક બાહોશ, અનુભવી અને ખૂબ જ શાલીન આઈ.સી.એસ. અધિકારીના હતા. કમનસીબે મિટિંગ દરમિયાન જ પટેલ સાહેબની તબિયત અચાનક બગડી અને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

આ વાત એટલા માટે યાદ આવી કે આજે પણ પરિસ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી. આપણે શિક્ષણપ્રેમીઓ અને કેળવણીકારો ચર્ચાઓ કરીએ છીએ, સેમિનાર યોજીએ છીએ, ચિંતન શિબિરોનું આયોજન કરીએ છીએ પણ આપણો અવાજ નથી તો સમાજને પહોંચતો કે નથી તો સત્તાધીશોને. પરિણામે આપણે સૌ લાચારી અનુભવીએ છીએ. આપણા અવાજને અસરકારક બનાવવા માટે આપણે અભિગમ બદલવો પડશે. કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ અને ચિંતકો જૂની મવાળ માનસિકતામાંથી બહાર આવતા નથી. લોકશાહીમાં ક્યારેક મોટા અવાજની અને આક્રોશની જરૂર હોય છે. સમાજના બદલાવ માટે પણ આંદોલન જરૂરી છે. સત્તાધીશોના કાન સુધી વિચાર પહોંચાડવો હશે તો દબાણ ઊભું કરીશું તો જ બદલાવ આવશે. સમાજને ઢંઢોળવા માટે પણ આંદોલન જરૂરી છે.

શિક્ષણના કયા મુદ્દાઓને અગ્રતા આપી આંદોલન કરવું તે વિચાર માંગે તેવો પ્રશ્ન છે. મુદ્દાઓની યાદી તૈયાર કરી અગ્રતાક્રમ આપવો પડશે. ઉકેલ માટે યોજના બનાવી પડશે. અમારી દૃષ્ટીએ નીચેના મુદ્દાઓને અગ્રતા આપવી જરૂરી છે.

(૧) શિક્ષણને વ્યાપારીકરણથી મુક્ત કરવું. (૨) કેન્દ્ર અને રાજ્ય સરકારોના બજેટમાં શિક્ષણ ખર્ચની જોગવાઈ જીડીપીના ૧૦ ટકા થવી જ જોઈએ. (૩) ધો. ૧થી ૧૨નું શિક્ષણ માતૃભાષા દ્વારા ફરજિયાત કરવું. (૪) શારીરિક શ્રમ, સમાજ સેવાનું શિક્ષણમાં મહત્ત્વ આપવું - મૂલ્યાંકન કરવું. (૫) જીવનલક્ષી અને મૂલ્યનિષ્ઠ શિક્ષણને અસરકારક કરવું.

શિક્ષણમાં બીજા અનેક મુદ્દાઓ છે જેમાં ફેરફારની આવશ્યકતા છે.

આપણે શિક્ષણમાં રસ ધરાવતા સૌ પ્રાથમિકતા અંગે સર્વ સંમતિ મેળવીએ પછી લોક આંદોલનની દિશામાં આગળ વધીએ તો જ શિક્ષણમાં આમુલ પરિવર્તન આવશે તેવું અમારું માનવું છે.

આશા છે આ દિશામાં આપણે સક્રિય બનીએ.

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# આગમન સંસ્થાના અંગસમા હિંમતભાઈનું...

"હા...શ... આખરે સાંજ પડી. સરસ ગરમ મસાલો નાખીને ચા પીએ." સાંજ પડી. શાળા પૂરી થઈ એટલે ઑફિસમાંથી ઘરે જવા નીકળતી વખતે થાકમાં જ મારાથી બોલાઈ ગયું. "શાળાની વાત ચાલો થોડી વાર ભૂલી જઈએ." રઘુભાઈ હસી પડ્યા. અને કહે, "ચાલો જોઈએ, કેટલી મિનિટો એ વાત કર્યા વિના રહી શકીએ છીએ તે જોઈએ."

માંડ બે મિનિટ થઈ હશે. હજુ ઘરનાં બારણાં સુધી અમે પહોંચ્યા હોઈશું, ત્યાં જ હું બોલી પડી.

"તમને યાદ છે ? ભરતભાઈના એક મિત્ર હિંમતભાઈ કરીને આવેલા. આપણે ઇન્ટરવ્યૂ પણ કરેલો. ત્યારે એ કહીને ગયેલા કે ૧૫ દિવસ પછી તેઓ આવી જશે. તો ૧૫ દિવસ તો થઈ ગયા. હવે આવી જવા જોઈએ નહીં ?

"મને તો હતું જ કે આપણે આપણાં કામની વાતો ફરી શરૂ કરી દઈશું." રઘુભાઈ હસી પડ્યા અને વાત આગળ ચલાવી. "અને અત્યારે જ્યારે સંસ્થાને યોગ્ય પાયા ઉપર મૂકવાની હોય ત્યારે બીજું સૂઝે પણ શું ? બસ આજકાલમાં બે સપ્તાહ થઈ જશે. પણ તમને એ ભાઈની છાપ સારી પડી લાગે છે. નહીં ?"

તરત જ મેં કહ્યું, "મને તો એમના ચહેરા ઉપરથી એક સમજદાર અને વ્યવહારકુશળ સજ્જન (જેન્ટલમૅન) હશે એવી છાપ પડી છે. કદાચ આપણી શિક્ષકોની મંડળીમાં એક સારી વ્યક્તિ આવે તો વાતાવરણમાં ફરક પડી જાય ને ?"

"એમના માટે મારા મનમાં પણ સારી છાપ પડી છે. વ્યવહારકુશળ જો હશે તો રોજ-બરોજના પ્રશ્નોનો નિકાલ તરત જ લાવી શકશે. રઘુભાઈએ તરત જ પોતાના મનની વાત કહી.

" તો તો આપણને બંનેને એમના વ્યક્તિત્વ માટે એક જ સરખી ને સારી છાપ પડી છે, નહીં ? એમનાં જેવા મિડલએજના શિક્ષક વાતાવરણમાં સમતોલપણું જાળવવામાં જરૂર મદદરૂપ થાય. સ્ટાફરૂમમાં પણ એની અસર પડ્યા વિના રહે નહીં." હું મારા વિચારોમાં જ બોલ્યે જતી હતી. વાત પૂરી થઈ અને ત્યારે ઘરે અમે પહોંચી ગયાં હતાં.

ઘરની સામે એક ઘટાદાર લીમડો હતો. એ અમારે માટે અમારો વિસામો હતો. શાળા પૂરી થતાં ઘરમાં કામ કરતાં 'હાકુમાં' બે ખુરશીઓ મૂકી જતા અને ચા પણ આવી જતી. ઘરની ચિંતા નો'તી કરવી પડતી એ અમારું એક સદ્ભાગ્ય હતું.

રાત્રે જમીને પણ અમે આજ ઘટાદાર વૃક્ષ તળે પ્રશાંતની સાથે થોડી ધમાલ કરતાં રમતાં અને તેના હનુમાનજીના પ્રયોગો - અમારે જોવાના રહેતા. પ્રશાંત જાણે આખાયે દિવસનો બદલો લેતો હોય એમ અમે જો જરાક વાત કરીએ તો "મારો કાર્યક્રમ જૂઓને, બા-બાપુજી." એમ કહીને અમારું ધ્યાન દોરતો.

આમ પ્રશાંત રમતો રમતો સૂઈ ગયો અને અમે સૂવાનો વિચાર કરતાં હતાં. પણ કંઈક વાતો ચાલ્યા કરતી. શાળાનો પટાવાળો-લક્ષ્મણ પણ બે ઘડી અમારી પાસે આવીને બેસે અને વાતો કરે. અમે જ્યારથી શાળા હાથમાં લીધી ત્યારથી લક્ષ્મણે સંસ્થા સાથે ઐક્ય એવું તો કેળવેલું કે આખાયે દિવસમાં બનેલી વાતો રાત્રે કહેતો. "લક્ષ્મણ ! બધા વર્ગોને બરાબર તાળાં દેવાઈ ગયાં છે કે નહીં ?" રઘુભાઈએ પૂછ્યું.

"હા...હા... સાહેબ બધું યે બરાબર છે. પણ સૂતાં પહેલાં પાછો આંટો મારી લઈશ."

લક્ષ્મણ રોજ ૯ વાગે એટલે ૧૫ મિનિટ અમારી સાથે બેસે અને આખાયે દિવસમાં અમને શું જણાવવા જેવું છે તેની વાત કરે.

આમ અમે લીમડા નીચે બેઠાં હતાં. લગભગ ૯ વાગવા આવેલ ત્યાં શાળાના ગેટમાંથી કોઈ અમારી તરફ આવી રહ્યું હતું.

તદ્દન નજીક આવીને કહે, "નમસ્તે સાહેબ ! હું હિંમતભાઈ, ૧૫ દિવસ પહેલા આપને મળી ગયો હતો. કલકત્તાથી આજે સવારની ટ્રેનમાં હું મારા કુટુંબ સાથે આવી ગયો છું. એટલે કાલથી જ શાળામાં હું હાજર થઈ જઈશ. એમ કહેવા આવ્યો છું." આમ હિંમતભાઈ અમારી સાથે વાત કરતા હતા ત્યાં લક્ષ્મણ દોડીને ખુરશી લઈ આવ્યો.

એટલી સહજ રીતે હિંમતભાઈ અમારી પાસે બેસીને વાતો કરતા હતા કે "અમારી એમના માટેની છાપ સાચી પડતી જાય છે." એવું લાગ્યું. "પણ હિંમતભાઈ ! રઘુભાઈ વચ્ચે બોલી ઊઠ્યા, તમે હજુ આજે જ આવ્યા છો. તો પછી બે દિવસ આરામ કરોને ? એક બે દા'ડા શાળામાં મોડા જોડાશો તો કંઈ તકલીફ નહીં પડે."

"રઘુભાઈ ! અમારે તો બે દિવસ ટ્રેનમાં આરામ જ હતો અને અહીં પહોંચ્યા ત્યારે એક મિત્રે એમનું એક બે રૂમનું ઘર અમને વાપરવા આપ્યું છે. તેથી હમણાં એ જ ઘરમાં રહીશું. મારાં પત્ની ઘર વ્યવસ્થિત કરશે. હું કામે લાગી જઈશ. મને આરામની જરૂર નથી. કાલે ૧૦-૩૦ વાગે હું પહોંચી જઈશ." સહજભાવથી બોલીને ઊઠ્યાં." "નમસ્તે સાહેબ, કાલે મળીશું."

આ હતા હિંમતભાઈ !

સહજભાવે સંસ્થામાં પ્રવેશ્યા હતા. ખુશ હતા.

બીજે દિવસે સાડા દસ થતાં પહેલાં જ સફેદ ખાદીનાં કફની ધોતિયામાં તેઓ આવી પહોંચ્યા.

પ્રાર્થના શરૂ થતાં પહેલાં તેમના કામ વિશે ૧૫-૨૦ મિનિટ વાત કરવા અમે ત્રણેય ઑફિસમાં બેઠાં.

"બોલો હિંમતભાઈ ! તમને કેવા વિષયો શિખવવા ફાવશે ?" રઘુભાઈને પૂછ્યું.

"સાહેબ, ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં અમને તો બધા જ વિષયો શિખવવાની તાલીમ આપવામાં આવી છે. ભાષા, ગણિત, વિજ્ઞાન અને સંગીત તથા ચિત્ર પણ. જરૂર પડે તો લઈ શકીએ." વિનય-પૂર્વક તેમણે જવાબ આપ્યો.

"તો પછી અત્યારના સ્ટાફમાં જે શિક્ષકો અમુક વિષયમાં સરખી રીતે શિખવી નથી શકતા, એવા વિષયો તમને આપીએ તો ? કદાચ જુદા જુદા શ્રેણીમાં જ લેવાનું બને." રઘુભાઈએ વિદ્યાર્થીઓની તકલીફને ધ્યાનમાં રાખીને વાત કરી.

"કોઈ પણ જાતની ચિંતા વિના વિષયો આપો. ૫-૬-૭માં ગમે તે વિષય હું શિખવી શકીશ."

ત્યાં પ્રાર્થનાની ઘંટી વાગી. શાળામાં રોજ ઉપાસના થતી જ. હિંમતભાઈ પણ પહેલે જ દિવસથી પ્રાર્થનામાં બેઠા. જાણે જૂના શિક્ષક ન હોય ? એવા લાગતા હતા. સરસ્વતીની પરંપરા મુજબ દરેક નવા આગંતુકનો પરિચય થતો. રઘુભાઈએ હિંમતભાઈનો પણ પરિચય બાળકોને પ્રાર્થનામાં આપ્યો. રિસેસમાં તો ઘણા શિક્ષક મિત્રો સાથે તેઓ વાતો કરવા લાગ્યા. તે દિવસના એક ગેરહાજર શિક્ષકના પીરિયડો એમને આપી દીધા.

સાંજે ઘરે જતાં બાળકોને મેં જ્યારે સાંભળ્યા. "આ નવા શિક્ષક પાઠ સરસ સમજાવે છે, નહીં ?" ત્યારે મનમાં શાંતિ અનુભવી.

એકાદ અઠવાડિયામાં તો રિસેસમાં ઘણા શિક્ષકો હિંમતભાઈની આસપાસ બેસીને વાતો કરતાં અમે જોયાં. બીજા લોકોના વર્તન ઉપર તેમની હાજરી અસર કરે છે

એ અમે જોઈ શકતા. બે-ત્રણ માસ પછી શિક્ષકોને અમે કહેતા "હિંમતભાઈ ભણાવે છે, ત્યાં એમના વર્ગ જોવા જશો તો તમને જરૂર કંઈક લાભ થશે."

**અમને લાગવા માંડ્યું કે સરસ્વતીને પોતાની બનાવીએ પોતાનું જીવન સંસ્થામાં જ ગાળશે એવો એક માનવી મળ્યો છે.**

પછી તો ધીરે ધીરે સરસ્વતીના જે મિત્રો બનતા ગયા. સારા શિક્ષકોને ઘણીએ વાર ચા-નાસ્તા માટે પોતાને ઘરે પણ બોલાવવા લાગ્યા.

અને અમને થયું કે આવી વ્યક્તિઓથી જ સરસ્વતી સમૃદ્ધ બની શકે.

એક દિવસે રવિવારે ઑફિસ ખોલીને રઘુભાઈ, હું અને અમારા પડોશી. ચુનીભાઈ પટેલ ત્રણે ય બેસીને ઑફિસનું પેન્ડિંગ 'પેપર વર્ક' કરી રહ્યાં હતાં. જૂની સરસ્વતીનું રેકોર્ડ વર્ક લગભગ નહિવત્ શાળાની ખરીદી, શાળાના વિદ્યાર્થીઓનાં હાજરીપત્રકો વગેરે અનેક રેકોર્ડ્ઝ અધૂરા મળી આવતા અને અમે અધૂરા રફ કામ ઉપરથી વ્યવસ્થિત રેકોર્ડ કરવામાં તલ્લીન હતાં. અમારા પડોશી ચુનીભાઈ દૂર કરી શકો એવો મારો વિશ્વાસ છે.

સારા શિક્ષકો તો ધીરે ધીરે મળી શકે. સારી રીતે ઑફિસ સંભાળનાર વ્યક્તિને મેળવવાની તકલીફ છે. માટે તમને કામ કરતા જોયા પછી આ વાત પૂછવાની હિંમત કરું છું."

"તમારી આજ્ઞા - મને શિરોમાન્ય છે, સાહેબ ! હું એટલો તમારી નજીક આવ્યો છું એનું મને ગૌરવ છે. ઑફિસને સંભાળીશ. આંધળીકિયા કરીને નહીં - ખુલ્લી આંખે - પોતાનું કામ માનીશ."

ખુલ્લા હૃદયથી તેમણે આ જવાબદારી સ્વીકારી. - આ હતા હિંમતભાઈ જે કામ હાથમાં લેતા તે જેટલું સારું થઈ શકે એટલું સારું કરતા.

ઑફિસના કામ સાથે કેળવણી ખાતાની અનેક જવાબદારીઓ સંકળાયેલી રહેતી. કેળવણી ખાતાના અમલદારો સાથે એમનો વ્યવહાર એવો તો સરસ ફળદાયી બન્યો. ખાતાના કાર્યકરો પણ તેમની મૈત્રીથી ખુશી થતા. હિંમતભાઈ સાથેની મૈત્રી એટલે સંસ્થા સાથેની મૈત્રી, જોતજોતામાં હિંમતભાઈ તો તેઓને શાળાના અને રઘુભાઈના પરિચયમાં લઈ આવ્યા. અને રઘુભાઈની ઓળખાણ પછી તેઓ સંસ્થાને માનની દૃષ્ટિએ જોવા લાગ્યા. ઇન્સ્પેક્ટરોએ પણ આવે ત્યારે જૂની સરકારી સ્ટીફનેસને બદલે "આ શાળામાં શું સારું છે એ જોવાની દૃષ્ટિ કેળવી. જ્યાં મૈત્રી બંધાય ત્યાં સંસ્થાને સમજવા માટેની દૃષ્ટિ પણ આપોઆપ બદલાય.

આમ સંસ્થાના પ્રશ્નો હળવા થવાથી રોજ-બ-રોજનું કામ વધારે સરળ બનતું. હિંમતભાઈની હાજરી સૌને માટે ફળદાયી નીવડવા લાગી.

એક દિવસ સાંજે હિંમતભાઈ સાથે ઑફિસની બહાર બેઠાં બેઠાં વાતો કરતી હતી. એ જ ઘટાદાર લીમડાના વૃક્ષની નીચે.

"હિંમતભાઈ એક વાત પૂછું ?" મેં પૂછ્યું, "પૂછો ને બહેન ! એવું તે કંઈ પૂછાતું હશે ? હિંમતભાઈ મને કાયમ 'બહેન' કહીને બોલાવતા. અને મારા પ્રશ્નની રાહ જાણે ન જોતા હોય ?

'તમને આ ગરીબ લત્તાની શાળામાં આવતાં જરા પણ ક્ષોભ ન થયો ? મને તો એવું દેખાય કે તમે આ ગરીબ લત્તાની શાળામાં વધારે ઓતપ્રોત થતા જાઓ છો. શિસ્તમાં માનવાવાળા રઘુભાઈની રીત-રસમ તમને અનુકૂળ આવે છે ? કોઈવાર એ શિસ્ત કઠિન નથી લાગતી ? તમે ધીરે ધીરે આ સંસ્થાને તમારી જ માનવા લાગ્યા છો તેથી પૂછું છું. રઘુભાઈનો સ્વભાવ કડક નથી લાગતો ?" હજુ તો મારી વાત પૂરી નો'તી થઈ ત્યાં જ

તેઓ જોરથી હસી પડ્યા અને કહેવા લાગ્યા, "એવું કેમ પૂછો ચો બહેન ! સાચું કહું ? રઘુભાઈનો સ્વભાવ કડક જરૂર છે પણ મને બરોબર એમની સાથે ફાવી ગયું છે. મને તો એ સ્વભાવ પાછળ એમનું પ્રેમાળ હૃદય દેખાય છે. એ પ્રેમાળ હૃદયનું આકર્ષણ પણ એટલું છે કે બસ મને તેમના માટે ખરેખર ખૂબ પ્રેમાદર છે ?

રઘુભાઈ તરફના આદર અને પ્રેમ જ મને આ સંસ્થામાં કામ કરવા હૃદયમાંથી પ્રેરણા આપી રહ્યાં છે, રઘુભાઈના લીધે જ હું સંસ્થાને ચાહું છું.

"બહેન ! સંસ્થાના મોવડીમાં વિશ્વાસ એવો તો બેઠો છે કે વિશ્વાસ હવે તો જિંદગીના છેલ્લા દિવસ સુધી રહેશે. એમને માટે ભરતભાઈ પાસેથી કલકત્તામાં જે સાંભળેલ ત્યારથી જ એમના તરફ આકર્ષણ વધ્યું હતું. મને તો સંસ્થાના સ્વરૂપે જ હંમેશ તેઓ દેખાય છે. એ પ્રેમાળ હૃદયનું આકર્ષણ પણ એટલું છે કે બસ મને તેમના માટે ખરેખર ખૂબ પ્રેમાદર છે ?

રઘુભાઈ તરફના આદર અને પ્રેમ જ મને આ સંસ્થામાં કામ કરવા હૃદયમાંથી પ્રેરણા આપી રહ્યાં છે. રઘુભાઈના લીધે જ હું સંસ્થાને ચાહું છું.

તેઓની આંખમાં આંસુ દેખાયાં. પોતે ઝડપથી ધોતિયાના છેડાથી એ બિંદુઓ લૂછી નાખ્યાં.

થોડીવાર હું પણ વિચારમાં પડી ગઈ. બંનેની એવી કેટલીએ વિચારસરણીઓ છે - જેમાં તેઓ જુદા પડે છે છતાં સંસ્થાની વાતમાં કેવું ઐક્ય છે ? કેવી સુસંગતતા છે ?

રઘુભાઈનું - સંસ્થાનું - કોઈને વાંકુ બોલતાં સાંભળે તો તરત જ તેમની સાથે મુક્ત મનથી ચર્ચા કરતા અને સાચું શું છે એ સમજાવતા. "સંસ્થાની ખામીઓ સાંભળી રાજી થજો હો હિંમતભાઈ." રઘુભાઈએ આ વાત એમને સમજાવી હતી - તેથી તેઓ રાજી થઈ ખુલ્લા મને બીજાને સાચી વાત સમજાવતા - અને પોતે સાચું ચિત્ર આપ્યાનો સંતોષ મેળવતા. - તેમાં પણ રઘુભાઈ ઉપર વિશ્વાસ હતો."

હિંમતભાઈ ! કોઈ આપણાં કાર્યો ઉપર ટીકા કરે તો આવકારવાની. - એથી આપણને સાચી ટીકા તથા ખોટી ટીકાનો ખ્યાલ આવે." આ વિચાર એમને સાચો લાગેલો. ત્યારથી સંસ્થા માટેની અપ્રિય વાત પણ સાંભળવા તેમનું મન તૈયાર રાખતા.

આવા નાના પ્રસંગોમાંથી સાથે કામ કરવામાં સમજણ વધવા લાગી. અમને થયું કે આ સહયોગ જરૂર વિકાસના પંથે લઈ જઈ શકશે.

આવા નાના નાના પ્રસંગોમાંથી સાથે કામ કરવામાં સમજણ વધવા લાગી. અમને થયું કે આ સહયોગ જરૂર વિકાસના પંથે લઈ જઈ શકશે.

પાછળથી અનુભવ પછી સમજાતું ગયું કે હિંમતભાઈ રઘુભાઈમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે.

સંસ્થા મોટી કે વ્યક્તિ :

એક વખત શિક્ષકોની સભા પૂરી થઈ. રઘુભાઈએ શિક્ષકોની સભામાં વિચાર મૂક્યો :

"આપણે સૌ જરૂર વ્યક્તિ તરીકે કામ કરીએ છીએ, પણ આપણા વ્યક્તિત્વમાં આપણું 'હું પણું' - 'સ્વ' એવું ન હોય કે એ 'સ્વ' સામે - સંસ્થાનું સ્થાન બીજું આવે.

વ્યક્તિ ગમે તે હોય પણ આપણે સૌએ સંસ્થાને પહેલે સ્થાને મૂકવી જોઈએ - આપણે પછી.'

સભા પૂરી થઈ. ધીરે ધીરે શિક્ષકો - આ ટોપિક પર વાતો કરતા ઘરે જતા રહે પછી જતા. રઘુભાઈ કહે.

"બેસોને હિંમતભાઈ ! તમને આજની સભા કેવી લાગી ? તમારો અભિપ્રાય શું છે ? તેઓ ધીરેથી બોલ્યા.

"સાહેબ ! તમે શિક્ષકસભામાં જે કહ્યું એ માટે મારે કંઈ જુદો અભિપ્રાય નથી, પણ મારો પોતાનો અભિપ્રાય જુદો છે."

"તમારા વિચારો કેવા છે ?" તરત જ રઘુભાઈએ

પૂછ્યું.

"સંસ્થા મોટી પણ મને તો એમ લાગે છે કે વ્યક્તિ પણ મોટી છે. જે વ્યક્તિ સંસ્થા શરૂ કરે છે; એ વ્યક્તિના વિચારો; અને એના તેજથી સંસ્થાની પ્રતિભા બને છે. એ વ્યક્તિ જ્યારે ન હોય ત્યારે સંસ્થા ઝાંખી પડવા માંડે છે. હા, એ સંસ્થામાં કોઈ અપિરિચિત વ્યક્તિ આવે તો કદાચ તમારા વિચાર પ્રમાણે સંસ્થાને મહત્ત્વ આપવું જરૂરી. પણ પાયાની વ્યક્તિ મારે મન મોટી છે. કારણ એ સંસ્થા એણે શરૂ કરી છે. વ્યક્તિ સંસ્થા માટે ઘણી મોટી ગણાય છે.

'ભાવનામાં હંમેશાં સંસ્થાને મોટી ગણાવો.'

'તમે સંસ્થાને ભલે મોટી ગણો, પણ મારે મન તો આ સંસ્થામાં તમે મોટા છો. મારે મન તમે અને સંસ્થા બંને મહત્ત્વનાં છો ખરા. પણ તમને સમજ્યા પછી સંસ્થામાં વધારે કામ કરવાનું મેં સ્વીકાર્યું છે."

તમે વડીલ મિત્ર, અને મિશનરી-ફિલોસોફર હોઈ - તમને સમજીને સંસ્થામાં કામ કરવાની જે મજા પડે છે - એની, હું તમને ન સમજ્યો હોત તો મજા ન પડત. તમારી નેતાગીરી નીચે જ કામ કરવું છે. એવું આજે તો મારું મન કહે છે. એ નેતાગીરી એટલે વ્યક્તિ.'

આ હતી એમની કોમન સેન્સ યા તો ફિલોસોફી.

"તેથી હું મારા વિચારોને તમારી સમક્ષ મૂકું છું." હિંમતભાઈએ પોતાના વિચારો સ્પષ્ટ કર્યા. છતાં રઘુભાઈ કહે, 'પણ હિંમતભાઈ ! સંસ્થાના વિકાસમાં વ્યક્તિનો ફાળો ઘણો મોટો છે - એ વાતમાં 'ના' નહીં પણ વ્યક્તિને તો આખરે જવાનું જ છે - એ વાતમાં 'ના' નહીં પણ વ્યક્તિને તો આખરે જવાનું જ છે. સંસ્થા રહે છે. એ સંસ્થા સમાજનાં કલ્યાણ માટે રહે - લાંબુ કામ કરે તો - સમાજને કેટલો બધો લાભ થાય ? સંસ્થા સમાજનું એક મહત્ત્વનું અંગ છે, સંસ્થા સમાજના વિકાસનું એકમ છે, જે ઘણી વ્યક્તિઓને સ્પર્શે છે. તેથી મને લાગે છે કે સંસ્થા મોટી ગણાય.

બધું યે સાંભળીને થોડીવાર હિંમતભાઈ શાંત રહ્યા. પછી કહે, "સાહેબ ! દા.ત. આજે હું જો તમને તમારા કામને કેળવણી ક્ષેત્રે કામ કરવાની તમારી ભાવનાને, હું સમજું છું - તેથીસ્તો મને વ્યક્તિ મોટી લાગે છે - પણ સંસ્થાને હું ઊતરતી નથી ગણાતો."

.... "પણ આપણી ચર્ચાઓ પછી સંસ્થાની વાત મને સ્પષ્ટ થઈ અને તે એ કે સૌ શિક્ષકોએ (કાર્યકરોએ) પોતાનું 'સ્વ' સંસ્થાના વિકાસ આડે લાવવું ન જોઈએ. આ લત્તામાં ભણતાં બાળકોને માત્ર પુસ્તકિયા જ્ઞાન ન મળે. તેમનો આત્મ-વિશ્વાસ વધે. અનેક નાની-મોટી પ્રવૃત્તિમાં તેઓ આગળ વધે - અને સમાજમાં મહત્ત્વનું અંગ ગણાય - આવી વિચારસરણીને અમલમાં મૂકીને બાળકોને વિકસાવવામાં ઘણા કાર્યકરોએ સંસ્થાને જ મહત્ત્વની ગણવી પડશે." - રઘુભાઈએ પોતાની વાત સ્પષ્ટ કરી. એ જ ઘટાદાર વૃક્ષની ઠંડી - હવામાં આજે જાણે કોઈ નવી સ્ફૂર્તિનો અનુભવ થઈ રહ્યો હતો. વાતાવરણમાંથી મનને પ્રેરણા મળતી હતી. હિંમતભાઈના મનમાં શું ચાલી રહ્યું હશે એ તો ખબર ન પડી.

પણ પરિસ્થિતિ પ્રમાણે તેઓ મહત્ત્વ આપતા જરૂર થશે એમ લાગ્યું.

"સાહેબ ! ઈશ્વરનો આશીર્વાદ જ હોવા જોઈએ કે આ લત્તાને તમે અને સંસ્થા બંને મળ્યાં છો."

રઘુભાઈ કહે, "એ આશીર્વાદના અધિકારી તમે ત્રીજી વ્યક્તિ બનવા લાગ્યા છો, એ પણ એક આશીર્વાદ જ છે ને ?"

આમ સમયાન્તરે સારાં સારાં કાર્યકરોનું અમને મિલન થતું રહ્યું. સ્વસ્થ હતા અમે ત્રણેય, સ્વસ્થ હોવા છતાં ત્રણેયના હૃદયમાં ઈશ્વરના આશીર્વાદોની ભાવનાના તરંગો - સૂરમાં સૂર મિલાવી રહ્યા હતા.

# પ્રાથમિક શિક્ષણ અને બાળસાહિત્ય

**રવીન્દ્ર અંધારિયા**

**૨, અનુશીલ એપાર્ટમેન્ટ, ૧૦-એ, સરસ્વતી નિવાસ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.**

શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. સાહિત્ય જીવનમાંથી જડેલ જણસ છે. શિક્ષણ એ વ્યક્તિગત નહીં, સામાજિક સાહસ (ઉપક્રમ) છે. સાહિત્ય સમાજનું દર્પણ છે. શિક્ષણ માનવ જીવન વિકાસની ઊર્જા છે. સાહિત્ય માનવીમાંથી માનવ બનાવનાર પારસમણિ છે. આ રીતે શિક્ષણ અને સાહિત્ય માનવ-જીવન નાભિમાંથી ઉત્સર્ગિત થતાં કિરણો છે. જેમ જીવન એ નિરંતર વિકાસમાન યુદ્‌ગળ છે તેમ સાહિત્ય પણ સતત વિકસતો જતો પદાર્થ છે. જેમ શાસ્ત્રીઓએ જીવનના વિકાસને વિવિધ તબક્કાઓમાં વિભાજ્યું છે, જેમ કે શિશુ અવસ્થા જન્મથી ૦૩ વર્ષ, (એ પહેલા ગર્ભાવસ્થા - ગર્ભધાનથી લઈને જન્મ સુધી), બાલ્યાવસ્થા - ૦૪ થી ૧૦ વર્ષ સુધી, કિશોરાવસ્થા - ૧૧ વર્ષથી ૧૪ વર્ષ સુધી, તરુણાવસ્થા ૧૫ થી ૧૮ વર્ષ, યુવાવસ્થા ૧૯ થી ૩૫ વર્ષ સુધી ને ૩૫ વર્ષ પછીથી પ્રૌઢાવસ્થા તેમ સાહિત્યાચાર્યોએ સાહિત્યને જીવન વિકાસ સાથે સાંકળીને સાહિત્યને વિવિધ તબક્કાઓમાં વિભાજ્યું છે, જેમ કે બાળ-સાહિત્ય - જન્મથી સાત વર્ષ સુધીના બાળકો માટેનું, કિશોર સાહિત્ય - આઠ વર્ષથી ૧૪ વર્ષ સુધીના વાચક વર્ગ માટેનું અને વયસ્ક સાહિત્ય-યુવા વર્ગના વાચકો માટેનું ને પ્રૌઢ સાહિત્ય - પ્રૌઢો માટેનું સાહિત્ય, આટલી ચર્ચા ઉપરથી તારવી શકાય કે શિક્ષણ અને સાહિત્ય પરસ્પર સંકળાયેલા જ નહિ, અપિતુ પરસ્પરને પ્રભાવિત કરતાં કારકો છે. તંત્રી જીવનના એક ખાસ તબક્કાને લક્ષમાં રાખી યોજતી શિક્ષણ વ્યવસ્થામાં જીવનના એક ખાસ તબક્કાને લક્ષમાં રાખી રચાતા સાહિત્યની શી ભૂમિકા છે તેને રેખાંકિત કરવાનો અહીં વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. લેખકે તદર્થે જીવનના એક ખાસ તબક્કા તરીકે બાલ્યાવસ્થાને કેન્દ્રમાં રાખી છે તેથી સ્વાભાવિક છે બાલસાહિત્યની ચર્ચા કેન્દ્રમાં રહેશે.

**શાળા પ્રવેશ અને બાળમાનસ :**

શિક્ષણ જગત સાથે સંકળાયેલ દરેક વ્યક્તિને ખબર છે કે શાળામાં પ્રવેશ કરતું બાળક સાવ જ કોરી સ્લેટ જેવું હોતું નથી. તે કેટલકેટલાય પૂર્વાનુભવ લઈને શાળામાં દાખલ થાય છે. વળી બાળક એ સમયે માત્ર જીવિત યુદ્‌ગળ જ નથી હોતું, તેનું પોતાનું વજૂદ લઈને પ્રવેશ કરે છે. ભલે તે તેનાથી સચેત નથી હોતું પરંતુ તે ગમા-અણગમા સાથે લઈને આવે છે. એ લક્ષણ જ તેના વજૂદનો આપણને અનુભવ કરાવે છે. શાળામાં પ્રવેશ કરતું સરેરાશ બાળક ચારથી પાંચ હજાર શબ્દોને જાણતો થઈ ગયો હોય છે. વળી તેનો અર્થબોધ અને સંકલ્પના બોધ પણ કરી લેતો હોય છે. તેને પરિણામે જ પોતાનાથી સાત-આઠ ગણી મોટી ઉંમરના શિક્ષકનાં કાયિક અને વાચિક વ્યવહારોનો અર્થ સમજી શકતો હોય છે. તેમ છતાં શિક્ષક એમ માનીને કે બાળક કશું જ જાણતો નથી, શીખવવાનું શરૂ કરી દે છે.

ત્યારબાદ શિક્ષક એવું પણ માની લે છે કે બાળક નાનું છે તેથી તે શાળા પાઠ્યપુસ્તક માત્ર વાંચી શકે એટલું પૂરતું છે. તેથી તેને વિશેષ વાચન સામગ્રી દેવાની જરૂર નથી. ત્યારે શિક્ષક એ ભૂલી જાય છે કે બાળક તેની કિશોરાવસ્થા સુધી જિજ્ઞાસાનો અવતાર હોય છે. શિશુઅવસ્થાથી બાલ્યાવસ્થા સુધી તો તે આ ચરાચર જગતને ઓળખી લેવા, જાણી લેવા તલપાપડ હોય છે. વિકાસાત્મક મનોવિજ્ઞાન કહે છે કે શિશુ હજુ છ માસનું થાય ત્યારે તેને રંગીન ચિત્રોવાળું પુસ્તક જોવું ગમે છે, તેની ઉપર તેની આંખો સ્થિર થાય છે, ચહેરા ઉપર પ્રસન્નતા છવાવા લાગે છે. તે લાલ રંગ જોઈને તેને

સ્પર્શવા થનગની ઊઠે છે. નવ મહિનાનું બાળક તો વાત સાંભળવા મથે છે ત્યારે માતાપિતા અને વાલીઓએ બાળકને ગીતો, હાલરડાં વાંચી-ગાઈ સંભળાવવા જોઈએ. એક વર્ષ થતા તો બાળક તમારા હાથમાંથી છાપું કે પુસ્તક ઝૂંટવવાની ચેષ્ટા કરવા લાગે છે, આ ઉંમર છે જ્યારે બાળકને નાની નાની સરળ વાર્તાઓ વાંચી સંભળાવો અથવા કહી સંભળાવો. એ ઉપરાંત જૂનાં છાપાં-સામયિકનાં રંગીન ચિત્રો ઉપર આંગળી મૂકી તેઅંગેની વાતો કરવી જોઈએ. બાળક ત્રણ વર્ષનું થાય ત્યારે તે અપેક્ષાકૃત સ્વાવલંબી બનવા લાગે છે હવે તે દરેક વસ્તુને સ્પર્શીને તેને સમજવા માંગે છે. દરેક વાત સાંભળીને તેને પોતાની સમજણ પ્રમાણે અર્થ કરવા લાગે છે. આ સમયે શિશુકથાઓ સંભળાવો, વાંચીને સંભળાવો, ગીતો ગાવા અને અભિનય કરો. બાળકને શબ્દોના સંગે ચડાવવાનો આ ઉત્તમ સમય છે. સંશોધનો એમ કહે છે જે બાળક પાસે શબ્દ ભંડોળ વધુ તેના વ્યક્તિત્વનો વિકાસ પણ વધુ. સાહિત્ય (બાળકાવ્યો, વાર્તાઓ, અભિનય ગીતો, જોડકણાં અને નાટકો) એ બાળકોના શબ્દભંડોળ વધારવાના રાજમાર્ગો છે.

બાળક ચાર વર્ષનું થાય એટલે તેની મનોક્ષિતિજો વિકસવા તત્પર બને છે. તેની જિજ્ઞાસાનું ઘોડાપૂર આવે છે. તે આસપાસના પરિવેશને વિશે પ્રશ્નોની ઝડી વરસાવા લાગે છે ત્યારે માતા-પિતા અને આંગણવાડીના શિક્ષકોએ અવનવી વાતો સંભળાવવી જોઈએ અને સચિત્ર પુસ્તકમાંથી વાંચી સંભળાવવું જોઈએ. હવે બાળ સાહિત્યનું કામ તેનું શબ્દભંડોળ વધારવા ઉપરાંત જ્ઞાનરાશિ વધારવાનું પણ રહે છે.

પાંચ વર્ષનું બાળક વાર્તા સાંભળતાં સાંભળતાં વાર્તાની પૂર્તિ કરવા અને એકવીસમી સદીનાં બાળકો તો વાર્તા સાંભળતાં સાંભળતાં વાર્તાની પૂર્તિ કરવા લાગે છે. શિક્ષકે આ તાર્કિક વિકાસના તબક્કાનો પૂરતો લાભ ઊઠાવવો જોઈએ. જ્ઞાનાત્મક મનોવિજ્ઞાની બી. એફ. સ્કીનરે પ્રયોગો કરી કરીને તારવ્યું છે કે ચાર વર્ષની ઉંમર સુધીમાં બાળકનો બૌદ્ધિક વિકાસ મહત્તમ પ્રમાણમાં થાય છે. શેષ જીવનમાં પછી આટલો બૌદ્ધિક વિકાસ કદી થતો નથી હોતો. સાહિત્ય આ દિશામાં અતિ મહત્વની ભૂમિકા અદા કરી શકે છે. બાળ સાહિત્ય બાળકના ચિત્ત સમક્ષ એક અદ્‌ભુત વિસ્મય લોક ખડું કરી દેતું હોય છે. ત્યારે પ્રશ્ન થાય કે આ અતિ દોડધામના યુગમાં મા-બાપો કે શિક્ષકો બાળવિશ્વ સમક્ષ અવનવું, રોમાંચક માને ઉત્સાહવર્ધક સાહિત્ય પીરસે છે ? કે ટેડીબેયર કે છુક છુક ગાડી અપાવીને પોતાનો ધર્મ પૂરો સમજી લે છે. શિક્ષકો પણ માને છે કક્કો બારાખડી અને એકથી સો આંક ગોખાવવી એ જ મારું શિક્ષણ કર્મ છે. મૂછાળી મા તરીકે વિખ્યાત ગિજુભાઈ તથા તેમના સાથીદાર મોંઘીબહેને મબલખ શિશુ સાહિત્ય તૈયાર કર્યું છે. આજના બાળસાહિત્યકોશો પણ શિશુ સાહિત્ય સર્જે છે. આ બધાનું મહત્ત્વ સમજીએ અને ઘર કે શાળામાં ઉપયોજીએ...

## મુક પ્રાર્થના

મારી અહીં એકત્ર થયેલ તમને સૌને વિનંતી છે કે, આખો મીંચીને બે મિનિટ શાંતિથી બેસી તમે સૌ મારી જેમ મૂક પ્રાર્થના કરો. આ મૌન દરમિયાન દિલમાં તમે સૌ અનંત, અમેય, અજ્ઞેય તેમ જ કોટિકોટિ નામવાળા પરમેશ્વરનું ધ્યાન ધરજો અને ફરી વાર આજે પણ પ્રાર્થના અટકાવનાર આ જુવાન પર યત્‌કિંચિત્ રોષ કરશો મા.

**મો.ક.ગાંધી**

## બાળકોનાં ઉદ્ધારક

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, નડિયાદ-૨. મો.: ૯૪૦૯૨૭૭૬૨૨

જાણીતાં સામાજિક કાર્યકર, ઈરિના સેન્ડલર ૨૦૦૮ ના મે ની ૧૨ મી તારીખે પોલેન્ડમાં દેવલોક પામ્યાં.

એમની વાત શાથી મહત્ત્વની છે એનો ખ્યાલ નીચેની ઘટના પરથી આવી શકશે.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન આ મહિલાને વોર્સોની શ્રમશિબિરો (ઘેટો) માં પ્લમ્બિંગ તથા ગટરને લગતા કામકાજના જાણકાર તરીકે કામ કરવાની મંજૂરી મળેલી. આ કામ મેળવવા પાછળ એમનો ઈરાદો કંઈક જુદો જ હતો.

જર્મન હોવાને નાતે એમને ખબર હતી કે યહૂદીઓ માટે નાઝીઓની યોજના શી હતી.

એમણે યહૂદી મહિલાઓને સમજાવ્યું કે નાઝીઓની શ્રમ શિબિરોમાં એમનાં બાળકો પર મોતનો ખતરો તોળાઈ રહ્યો છે, અને આ બાળકોને મોતના મુખમાંથી ઉગારી લેવા પોતે બધું જ કરી છૂટવા તૈયાર છે.

એમણે યહૂદી બાળકોને શ્રમશિબિરોમાંથી ચોરીછૂપીથી બહાર લઈ આવવાનું અભિયાન આરંભી દીધું. આવાં બાળકોને દત્તક લેવા પોલેન્ડના પરિવારોને સમજાવવામાં એ સફળ થયાં. કેટલાંક બાળકોને એમણે અનાથાશ્રમોમાં અને કોન્વેન્ટમાં મૂક્યાં.

પ્લમ્બિંગના ઓજારોની પેટીઓમાં બાળકોને સંતાડીને તેઓ એમને શ્રમશિબિરોની બહાર લઈ આવતાં. મોટાં બાળકો માટે કોથળાનો ઉપયોગ કરતાં.

આ ભલાં સન્નારીએ એક કૂતરો પાળેલો. એમના સાધનોની ટ્રક પાછળ એ દોડતો રહેતો. શ્રમશિબિરના દરવાજામાંથી એમની ટ્રક પસાર થતી ત્યારે કૂતરો જોર જોરથી ભસવાનું શરૂ કરી દેતો. જેથી ટ્રકમાં છૂપાવવામાં આવેલાં બાળકોમાંથી કોઈ કશો અવાજ કરે તો એ અવાજ ચોકીદારોના ધ્યાનમાં ન આવે. ટ્રક દરવાજા પાસે આવે એટલે ભસવાનું શરૂ કરવાની તાલીમ ઈરિના મેડમે એમના કૂતરાને આપેલી.

આ મહિલાએ એમણે નાઝીઓના કેમ્પમાંથી મુક્ત કરેલાં બાળકોનાં નામ તથા નજીકના પરિવારનાં સભ્યોનાં નામોની નોંધ પણ કરી રાખેલી. આ નોંધો એમણે બરણીમાં મૂકીને બરણીને પોતાના બાગમાં સંતાડી રાખેલી.

પણ છેવટે એ પકડાઈ ગયેલાં. એ સાથે જ યહૂદીઓનાં બાળકોને ઉગારવાના એમના અભિયાનનો અંત આવી ગયેલો. એમને કારાવાસ ભેગાં કરી દેવામાં આવેલાં. પણ જેલ ભેગાં થતાં સુધીમાં તો એમણે જાનના જોખમે ૨૫૦૦ જેટલાં યહૂદી બાળકોને ઉગારી લીધેલા.

શાંતિના નોબલ પુરસ્કાર માટે ૨૦૦૭માં એમના નામનું સૂચન કરવામાં આવેલું.

**ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના "Saving Children"નો ભાવાનુંવાદમાંથી સાભાર...**

## સેવા ધર્મ

હું માત્ર એક જ ગુણનો દાવો ઈચ્છું છું - સત્ય અને અહિંસાનો. દેવી શક્તિ ધરાવવાનો મારો દાવો નથી. તેવી શક્તિ મારે જોઈતી પણ નથી. ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસના જેવું માંસ-રુધિરનું ખોળિયું મને પણ મળ્યું છે અને તેથી ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીના જેટલો હું દોષને પાત્ર છું. મારી સેવામાં પુષ્કળ ત્રુટિઓ છે, પણ એ બધી અપૂર્ણતા છતાં પરમેશ્વરે આટલા દિવસ મારી સેવાને અમીદૃષ્ટિએ જ નિહાળેલી છે. શરીરની સ્થિતિ અહંકારને લઈને જ સંભવે છે. શરીરનો આત્યંતિક નાશ એ મોક્ષ. અહંકારનો આત્યંતિક નાશ જેનામાં થયો છે તે તો સત્યની મૂર્તિ થઈ રહે છે... તેથી ઈશ્વરનું રૂડું નામ તો દાસાનુદાસ છે.

**મો.ક.ગાંધી**

# સાહિત્ય શું કરી શકે ?

**શરીફા વીજળીવાળા**

ધારો કે મારે મારા વિદ્યાર્થીઓને સ્વકેન્દ્રી નથી બનવા દેવા, તો એક શિક્ષક તરીકે હું શું કરી શકું ? અથવા મારે શું કરવું જોઈએ? આપણે સૌ તો એવા દેશના વાસીઓ છીએ જેણે હંમેશાં સર્વના ઉદયની વાત કરી છે. મારે મારા વિદ્યાર્થીઓને 'સ્વ' થી 'સર્વ' સુધી લઈ જવા છે. મારે એમને શીખવવાનું છે કે કોઈ જ્ઞાતિ, કોઈ ધર્મ મહત્ત્વનાં નથી, એનું માણસ હોવું એ જ સૌથી મહત્ત્વની વાત છે એ મારે એમને ગળે ઉતારવું છે. મારે એને સંપૂર્ણ માણસ, સાચુકલો માણસ બનાવવો છે જે સર્વધર્મ સમભાવમાં માનતો હોય તો શું કરું હું ? મારો અભ્યાસક્રમ લાંબો છે, ને એમાં એવું કશું આવતું નથી એવી આપણા સૌની દલીલ રહેવાની. હકીકત એ છે કે અભ્યાસક્રમની સમાંતરે હું એને દુનિયા આખીની વાતો કરી શકું, મૂલ્યઘડતર કરી શકું. મારા વર્ગમાં હું શું કરું છું એના પર ક્યાં કોઈ રોકટોક છે ? અભ્યાસક્રમ સિવાયનાં અનેક પુસ્તકો વિશે પણ વાતો કરી જ શકાય છે ને ? આપણા વર્ગોમાં હોંશિયાર અને નબળા બંને પ્રકારના વિદ્યાર્થી હોવાના. હોંશિયાર ઘણું વધારે ઝીલી શકશે ને આપણે આપવું પણ જોઈએ. નબળા વિદ્યાર્થી માટે વર્ગ પછીનો સમય હું ફાળવું. હું નોકરીનો સમય પૂરો થયા પછી કાયમ બે-અઢી કલાક વિદ્યાર્થી સાથે ગાળવા ટેવાયેલી છું. કોઈ આપણને વેદિયા કહે તેની ઝાઝી ચિંતા ન કરવી, પણ વર્ગમાં એકેય વિદ્યાર્થીને તમારી વાત ન પહોંચે એ ન ચાલે. નબળા માટે વધારે મથામણ કરવી પડે તો કરવાની. વધારાનું ભણાવવાના વધારે પૈસા નથી મળતા એ વાત સાચી, પણ જે પગાર મને મળે છે તે એટલો છે કે હું વધારાના બે કલાક ભણાવી શકું. એટલે એક મહત્ત્વની વાત મારો નબળો વિદ્યાર્થી પાછળ ન રહી જવો જોઈએ.

બીજી મહત્વની વાત એ કે મારે જો એને નર્યો માણસ બનાવવો હોય તો મારે તમામ ધર્મોથી પર થઈ જવું પડે. અથવા તમામ ધર્મોનાં સારા પાસા સમજી લેવા પડે. આમ પણ આપણે ધર્મથી દૂર થઈ શકીએ એમ નથી. કારણ કે ધર્મ આપણી ટેકણલાકડી છે. એના વગર જિંદગીનું ગાડું નથી ચાલતું. તો પછી તમામ ધર્મોનાં સારા પાસા જાણી લેવાં એ જ ઉત્તમ રસ્તો. આમ પણ દુનિયાનો કોઈ ધર્મ નફરત, અપ્રામાણિકતા, ભ્રષ્ટાચાર, અનૈતિકતા નથી શીખવતો. બધા જ ધર્મો સારી જ વાતો પ્રબોધે છે. જો મને બધા ધર્મો પ્રત્યે સદ્ભાવ થશે તો પછી તિલક-ચોટી કે દાઢી-બૂરખાની મારી અંદર પ્રતિક્રિયા નહીં જાગે. મને પહેલી નજરે કોઈના બાહ્ય દેખાવ-પોશાકથી એલર્જી નહીં થાય. મારી અંદર થયેલા આ ફેરફારથી હું તમામ વિદ્યાર્થી સાથે સમભાવ અને સદ્ભાવથી વર્તીશ.

મારે મારા વિદ્યાર્થીને ટોળાંનો ભાગ ન બનવા દેવો હોય, એનું એક વ્યક્તિ તરીકે, માણસ તરીકે ઘડતર કરવું હોય તો મારે પણ બહુ વાંચવું પડે. મને દુનિયાનો ઈતિહાસ, ધર્મોનું સત્ત્વની ખબર હોવી જોઈએ. મારા પોતાની અંદર 'સમદષ્ટિને સર્વ સમાન'નો ભાવ હોય તો જ હું મારા વિદ્યાર્થીને ગળે ઉતારી શકું. આમ પણ માણસ ઘડવો વધારે અઘરો છે. તમારે વિદ્યાર્થીને રોજેરોજ અભ્યાસક્રમ ઉપરાંતના વાચન વિશે કહેવું પડે. દુનિયાભરની ઉત્તમ કૃતિઓ, ઉત્તમ વ્યક્તિઓ, ક્રાન્તિઓ વિશે વાતો કરતા રહેવું પડે. તો જ તમે એમના ભાવજગતને બૃહદ વિશ્વ વિશે વિચારવા પ્રેરી શકશો.

આજે દરેક શાળા પાસે ગ્રંથાલય છે... એમાં સારાં-નરસા પુસ્તકો છે જ. જરૂર છે વિદ્યાર્થીને વાંચવાની લત પાડવાની. એ પુસ્તક સુધી પોતાની જાતે જાય એ જવાબદારી શિક્ષકની છે. એને કોઈક રીતે સમજાવવું પડે કે આ હરિફાઈની દુનિયામાં ભલે માત્ર ટકા મહત્ત્વના

હોય, પણ સાચા અને સારા માણસ બનવામાં માત્ર ટકા મદદ નહીં કરે. વધારાનું વાંચન, વિચારો જ તને સારો માણસ બનાવશે. હું તારા માતાપિતાને સમજાવી શકું એવી આપણી વ્યવસ્થા જ નથી. હું તો તને કહી શકું કે તું રેસનો ઘોડો ન થા. આ દુનિયામાં એટલું બધું સરસ વાંચવાનું-જાણવાનું છે જે તારી અંદરના વ્યક્તિત્વને ઘડશે, નક્કર બનાવશે, તને જાતે વિચાર કરતો કરશે. ભણવા સાથે તું આ તક જતી ના કરીશ. ને યાદ રાખજો મિત્રો, જે વાંચે છે તે જ વિચારે છે અને જે વિચારે છે તે કદીપણ ટોળાનો ભાગ નહીં બને, કોઈનો દોરવાયો નહીં દોરવાય. કોઈ રાજનેતા કે ધર્મનેતા-કોઈની પણ પાછળ એ વગર વિચાર્યે ચાલી નહીં નીકળે. કારણ કે વાચન એની વિચારવાની તાકાતને, એની મૌલિકતાને ધાર કાઢી આપશે. આવું હું તો જ કહી શકું જો હું કોઈ ટોળાનો ભાગ ન હોઉં. મારે એને કહેવું જોઈએ કે 'બેટા દુનિયાના દરેક ધર્મ સારી જ વાતો શીખવે છે. પ્રશ્ન આપણો છે કે આપણે ધર્મને સાચા અર્થમાં પાળતા નથી. જો બધા જ ધર્મ માણસને પ્રામાણિકતા શીખવતા હોય, સાચું બોલવાનું શીખવતા હોય, સીધા રસ્તે ચાલવાનું શીખવતા હોય, કોઈને નહીં નડવાનું, કોઈનું કશું નહીં બગાડવાનું શીખવતા હોય તો પછી દુનિયામાં અને દેશમાં કેટલી શાંતિ હોવી જોઈએ ? એના બદલે સૌથી વધુ તોફાનો, ઝઘડા ધર્મના નામે જ કેમ થાય છે ? અથવા આપણો દેશ ભ્રષ્ટાચારમાં, ખોટાં કામો કરવામાં નંબર વન બનવાની હોડમાં કેમ છે ? એવું નહીં લાગે કે ધર્મ માત્ર બાહ્ય કર્મકાંડ બનીને રહી ગયો છે ? એ આંતરસત્ત્વ ન બની શક્યો. જો એ આંતરસત્ત્વ બની શક્યો હોત તો દેશ કે દુનિયાના આ હાલ ન હોત. મારા - તમારાના સાંકડાં બનતા જતાં કુંડાળાંએ 'આપણાવાળા'ની સંસ્કૃતિ ભૂંસી કાઢી છે ત્યારે ચિંતા થાય કે શિક્ષણે શું કર્યું ? કેમ એ માણસ તરીકે કેળવતી કેળવણી ન બની શક્યું ? મારે વિદ્યાર્થીને એ કહેવાનું છે કે ગમે તેટલી લાલચ હોય, ગમે તેટલી પ્રાપ્તિઓ હોય પણ ખોટા રસ્તે કદી ન મેળવવી. દરેક વ્યકિત જો સાચું બોલે, સાચું કરે તો જ સમાજ નગર દેશ સુધી એનો પ્રભાવ પ્રસરે ને ? જે દિવસે ઘરમાં એક પણ પૈસો હક્ક કરતાં વધારાનો આવે એ દિવસે ઘરના સભ્યો જવાબ માગશે તો ભ્રષ્ટાચાર પર આપોઆપ લગામ કસાશેને એવા નાગરિકો માત્ર શિક્ષક જ ઘડી શકે.

હું તો ધૂળિયા નિશાળમાં ભણી છું. જ્યાં એક જ શિક્ષક ચારેય ધોરણને ભણાવતો. કોઈ વિષય નિષ્ણાત નહીં, તમામ વિષય એને આવડે ને પરિણામે આજે તમામ વિષય મનેય આવડે. ગણિત જેટલી જ ભાષા પણ પાક્કી. ઉપરાંત અભ્યાસ સિવાયના તમામ વિષય - રમતો, ફિલ્મો, છાપાંઓ, વાર્તાઓ, બધે જ રસ જગાડ્યો એ શિક્ષકે. આ શિક્ષક પાસે વાર્તાઓ અને ગીતોનો અખૂટ ખજાનો હતો. જે સતત ચકચક કરતા વિદ્યાર્થીઓને બાંધતો પણ ખરો ને જાણ્યે-અજાણ્યે એમને કેળવતો પણ ખરો.

ભણવા સિવાયનાં પુસ્તકો કેટલું શીખવાડી શકે છે એ તો તમે વાંચો તો જ સમજાય. પુસ્તકો એ જ મને સમજાયું કે દુનિયાનો કોઈ ધર્મ ઉતરતો નથી. 'માનવીની ભવાઈ' વાંચું ને કપરા સંજોગોમાં ટકી જવાની તાકાત મારામાં ઉમેરાય. 'સળગતા સૂરજમુખી' વાંચું ને તળિયે જઈ બેઠેલી મારી શ્રદ્ધા પાછી જાગે. 'દુખિયારાં' વાંચું ને મને માણસની ભલાઈમાં ભરોસો બેસે... આ પુસ્તકો તમને અંદરથી મજબૂત, નક્કર, પોલાદ જેવા બનાવી દે છે. જેને દુનિયાના કોઈ ઝંઝાવાતો પછી નમાવી નથી શકતા. મારો કવિ એમ કહે,

'ખુદનો ભરોસો જેને હોય નહિ તેને ખુદાનો ભરોસો નકામો.'

આત્મવિશ્વાસથી ડોક ઊંચી થઈ જાય... નથી માંગવું મારે કોઈ ખુદા, કોઈ ભગવાન કે કોઈ ગોડ

પાસેથી કંઈ. નથી જરૂર મને કોઈ મંદિર, કોઈ મસ્જિદ, કોઈ દેવસ્થાનની... ખુદનો ભરોસો કાફી છે. ખુદા, ખુદાના બંદાઓને જાજો નડતો નથી... પણ આવા નક્કર થવા માટે મારી આસપાસ પુષ્કળ પુસ્તકો હોવાં જોઈએ. વળી પુસ્તક એટલે શું ? મારા માટે રામાયણ, મહાભારત, ગીતા, કુરાન, ભાગવત, બાઈબલ પણ પુસ્તકો જ છે. હું એને ધર્મગ્રંથો તરીકે કદી નથી વાંચતી. હું એને ગ્રંથો તરીકે જ વાંચું છું. આ તમામ ગ્રંથો મને ધાર્મિક નહીં પણ આસ્તિક બનાવે છે. એ શીખવે છે કે તારી અને મારી અંદર, જડમાં કે ચેતનમાં બધે એક જ ઈશ્વરનો વાસ છે. તો આપોઆપ આપણે નાતજાત, ધર્મનાં જડ ચોકઠાંઓને વળોટી જઈશું. એટલે શિક્ષકનો વ્યવસાય છે કેળવવાનો, માણસ બનાવવાનો. હું અને તમે આ ધંધો કયા શસ્ત્રાથી કરીએ છે ?

તો એ શસ્ત્ર છે પુસ્તક. પણ મિત્રો, યાદ રાખજો, દુનિયામાં આ શસ્ત્રથી અસરદાર બીજું કોઈ શસ્ત્ર નથી.

મેં આગળ જેની વાત કરી તે વિન્સેન્ટ વાનગોગનું 'સળગતાં સૂરજમુખી' મને શીખવે છે કે આ દુનિયામાં કોઈ મનુષ્યનો જન્મ હેતુ વગર થતો નથી. દરેકે અહીં આવીને કંઈકને કંઈક તો કરવાનું જ છે. મને કંઈ નથી આવડતું, દરેક ક્ષેત્રે હું નિષ્ફળ જ જાઉં તોય હું સાવ નકામો તો આ દુનિયામાં નહીં જ આવ્યો હોઉં એવું મને વાનગોગનું આ પુસ્તક સમજાવે છે. પુસ્તકો જ આવા ચમત્કારો કરી શકે છે. દુનિયા તમારા રસ્તામાં રિવાજોના, ધર્મના, જાતિ (સ્ત્રી-પુરુષ)ના એવા કેટકેટલા અવરોધ ઊભા કરશે. પણ આ તમામ અવરોધોના કોઠાઓને વીંધીને કોઈ બુર્ખાધારી સ્ત્રી ભણી શકે, પુરુષોની દુનિયામાં, સાહિત્ય અને ફિલ્મલાઈન બંને જગાએ - પોતાનો મુકામ બનાવી શકે. એવું મને ઈસ્મત ચુગતાઈની આત્મકથા 'કાગઝી હૈ પૈરહન' શીખવે છે. એક ગુરુ, માતાપિતા, એક મનોચિકિત્સક, એક ફિલોસોફર કરતાં વધારે મને એક પુસ્તક શીખવાડે છે. મનની ખરી પ્રસન્નતા સુધી મને પુસ્તક લઈ જાય છે અને આ વાત શિક્ષક તરીકે મારે મારા વિદ્યાર્થીને સમજાવવાની છે.

મારે એને એ પણ સમજાવવું છે કે 'બેટા આપણા ધર્મ ભલે જુદા હોય પણ આવી સંસ્કૃતિ તો હિન્દુસ્તાની - એટલે કે એક જ છે. આપણને બધાને પરસ્પર ધર્મ નથી બાંધતો પણ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ બાંધે છે. 'આધાગૉવ', 'જેણે લાહોર નથી જોયું', 'કિતને પાકિસ્તાન', 'આઈસકેન્ડી મેન', 'તમસ', આ તમામ કૃતિઓ મને આ શીખવાડે છે કે જ્યારે જ્યારે આપણે ધર્મને સંસ્કૃતિ કરતાં મોટો / ચડિયાતો માની લઈએ છીએ ત્યારે ત્યારે આપણે હિંદુ-મુસ્લિમ, શીખ, ઈસાઈ બની જઈએ છીએ અને ભારતીય / હિંદુસ્તાની મટી જઈએ છીએ. આ દેશને આબાદ કરવા કોઈ હિંદુ, મુસ્લિમ, શીખ કે ઈસાઈ કે પારસીની જરૂર નથી. આ દેશને જરૂર છે સાચા ભારતીઓની, સાચુકલા મનુષ્યોની જે માત્ર સાચા શિક્ષકો ઘડી શકે. આપણે જો માત્ર મનુષ્યોનું ઘડતર કરીશું, માત્ર ભારતીયો જ પકવીશું તો આવતીકાલે આપણને કેવો નાગરિક સમાજ જોઈએ છે,કેવો હિંદુસ્તાન જોઈએ છે તે આપણે નક્કી કરવાનું છે. મિત્રો શિક્ષકની તાકાત, સત્તાધીશ કરતાં અનેકગણી વધારે છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે આપણે એ તાકાત વાપરવાની યોગ્યતા કેળવીએ. મિત્રો, દુનિયામાં શિક્ષણથી ઉમદા કોઈ વ્યવસાય નથી. ઈજનેર - ડૉક્ટરોને બનાવનારો તો શિક્ષક જ છે તે યાદ રાખવું.

એક બીજી વાત એ પણ યાદ રાખવી કે એક નબળો દાક્તર બે દર્દી મારે, એક નબળો ઈજનેર બે પૂલ તોડે પણ જો એક શિક્ષક નબળો પાકે તો આખી પેઢીનું સત્યાનાશ વળી જાય. આજે આપણે સૌએ જરા અપને

અપને ગિરેબાન મેં ઝાંક કે દેખને કી જરૂરત હૈ... શિક્ષક નબળો પડી રહ્યો છે, એ ઓછું વાંચે છે, પરાણે ભણાવે છે. – કૂવામાં નહીં હોય તો હવાડામાં નહીં જ આવે... હું હવાડાઓની ચિંતા નથી કરતી પણ મને સૂકાઈ રહેલા, તળિયા ઝાટક થઈ ગયેલા કૂવાઓની ભારે ચિંતા છે. છઠ્ઠું, સાતમું પગારપંચ બરાબર ગણી શકતો શિક્ષક ગુજરાતી ભાષાના દસ લેખકો, ઈતિહાસની મહત્ત્વની ઘટનાઓ એકશ્વાસે ન બોલી શકે તો ચિંતા તો થાય. ઈતિહાસ નહીં જાણનાર, એને ખરા પરિપ્રેક્ષ્યમાં નહીં મૂલવી શકનાર શિક્ષક સમાજ માટે, આવનારી પેઢી માટે પણ જોખમી છે. વાંચવું પડે, વધુને વધુ વાંચવું પડે, રોજે રોજ પોતાની જાતને તૈયાર કરવી પડે. મારા વિદ્યાર્થીને જો કોઈ કહી જાય કે 'સરદાર પટેલ મુસ્લિમ વિરોધી હતા' તો એના મનમાં ઊંડું ઊતરે એ પહેલાં મારે સરદાર પટેલના પત્રો, ભાષણો, જીવનચરિત્રો વગેરે વાંચવું પડે. આ સમયગાળાની મહત્ત્વની આત્મકથાઓ, જીવનકથાઓ વાંચવી પડે. પછી હું તારણ પર આવીને કહીશ મારા વિદ્યાર્થીને કે સરદાર પટેલને મુસ્લિમ વિરોધી કહેનારની કાચી સમજ પર દયા ખાવી.

જો કોઈ એવું કહે કે વાંચવું છે પણ સમય નથી મળતો, – તો હું એમની સાથે સંમત નથી. સમય શોધવો પડે. ઈશ્વરે બધાને ૨૪ કલાકનો જ દિવસ આપ્યો છે. એટલે બહાનાં શોધવાને બદલે વાંચો. મિત્રો, ઈસુ ખ્રિસ્તીના ખભા પરના ક્રોસ કરતાં પણ ભારે જવાબદારી આપણા સૌના ખભા પર છે. આપણે પેઢી ઘડવાની છે, સ્વસ્થ નાગરિક સમાજ, સ્વસ્થ દેશનું નિર્માણ કરવાનું છે. જો એવું કરવામાં આપણે કાચા પડીશું તો ભવિષ્યનો ઈતિહાસકાર આપણને માફ નહીં કરે.

કેળળણી વિમર્શમાંથી સાભાર...

## નૂતન વર્ષાભિનંદન

મહેન્દ્ર ભાટિયા

**આગંતુક, નવલા વર્ષે,**
**સ્વચ્છતા અભિયાન,**
**અંતરગત,**
**સ્વચ્છતા આપણા,**
**હૃદય બાગથી, આરંભીએ.**
**જાત જાત ને, ભાત ભાત ના,**
**રંગબેરંગી, પુષ્પો બિછાવી,**
**સુવાસથી ભરી દઈએ.**
**અંધકાર ને, દેશવટો આપી,**
**રોશનીથી, ઝળકાવીએ.**
**હેત ના હાર, હૈડે બાંધી,**
**માનવતા ના, મેવા ધરી,**
**મુખડાં, મીઠાં કરીએ.**
**સર્વ જન હિતાય, સર્વ જન સુખાય,**
**દૂધ, ઘીની નદીઓ વહાવીએ.**
**નવલા ભારતનાં સપના,**
**સાકાર કરીએ.**
**સર્વ સ્નેહી, દેશવાસીઓને,**
**નૂતન વર્ષાભિનંદન.**

# ક્ષમાનું શાસ્ત્ર

**રણછોડ શાહ**

**ઍમિટી સ્કૂલ, ભરૂચ. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

આજે સમાજમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધો ધીમે ધીમે અલ્પજીવી બનતા હોય તેવું નજરે પડી રહ્યું છે. સામાન્ય રીતે બાળપણ, યુવાની અને આધેડ વયના સંબંધો વૃદ્ધાવસ્થા સુધી નભતા હોય તેવું બહુ જ જૂજ પ્રમાણમાં જોવા મળે છે. અભ્યાસ, રહેઠાણ કે વ્યવસાયને કારણે બંધાતો નાતો તે સમય ગાળો પૂર્ણ થાય પછી મહદ્અંશે સમાપ્ત થઈ જાય છે. બે મિત્રોની અંગત મૈત્રી પણ આજીવન ટકતી હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે. બે વ્યક્તિઓ કોઈપણ કારણે ભેગી થાય તો તેમની વચ્ચે કોઈને કોઈ કારણે મનભેદ કે મતભેદ તો ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. કોઈક ઘટના કે વિવાદ બે જણ વચ્ચે એવી દીવાલ ચણી લે છે કે તેઓ કાયમી ધોરણે વિખૂટા કે છૂટા પડી જાય છે. સંબંધ તો એવાં જ સારા જેમાં હક્ક પણ ન હોય અને શક પણ ન હોય. આ જ પરિસ્થિતિ સગાંઓ વચ્ચે પણ બનતી હોય છે.

બે વ્યક્તિઓ વચ્ચે વૈચારિક મતભેદ ઊભો થાય ત્યારે જે જતું કરે તે નબળો ગણાય તેવી કેટલાક લોકોની સમજ છે. જિદ કરીને પોતાના મંતવ્ય ઉપર અડગ રહેનારને વિજેતા ગણવામાં આવે છે. જે વ્યક્તિ પોતાના વિચારમાં થોડું બાંધછોડ કરી અને સંબંધ નિભાવી રાખે તેની પ્રશંસા કરવાને બદલે, તેને નબળો સમજવાની આદત સમાજમાં ક્યારેક નજરે પડે છે. કોઈકે કહ્યું છે :

*"બાવળને પણ એ ક્ષણ ગમી હશે,*
*જ્યારે કોઈ વેલ તેના તરફ નમી હશે."*

દરેક વ્યક્તિને કોઈને કોઈ વ્યક્તિગત નબળાઈ હોય તે સ્વાભાવિક છે. સૌને એકબીજા સામે નાની મોટી ફરિયાદ હોય. આ સંજોગોમાં તંદુરસ્ત લગ્નજીવન, સુખી કૌટુંબિક જીવન અથવા સ્નેહાળ મૈત્રી વર્તુળ પામવું હોય તો ક્ષમાવૃત્તિનો સાક્ષાત્કાર કરવો જોઈએ. અન્યોને માફ કરવાનો સ્વભાવ સ્વાભાવિક હોવો જોઈએ. બીજાઓની ક્ષતિઓને ક્ષમ્ય ગણવાની ટેવ પાડવી જોઈએ. ગમતી વ્યક્તિથી દુઃખ લાગે ત્યારે યાદ રાખવાનું કે દુઃખ મહત્વનું હોય તો વ્યક્તિને ભૂલ જવાની અને વ્યક્તિ મહત્વની હોય તો દુઃખ ભૂલી જવાનું.

ક્ષમાવૃત્તિ લાગણીશીલ સ્વભાવ માટે પાયાની જરૂરિયાત છે. તેને કારણે જ આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકે છે. જો કુટુંબમાં ક્ષમાનો અભાવ હોય તો ઘર અથડામણનો અખાડો બની જાય તથા કુટુંબમાં સતત ઝઘડો કંકાસ અને કલૂષિતતાનું વાતાવરણ રહે. ક્ષમાવૃત્તિના અભાવે કુટુંબ સામાજિક, સાંસારિક અને લાગણીની રીતે પણ બીમાર બની જાય. ક્ષમા મનને સ્વચ્છ અને તંદુરસ્તતા બક્ષે છે. તે હૃદયને નિર્મળ અને પારદર્શી બનાવી જીવનમાં શાંતિનો અનુભવ કરાવે છે.

રજનીશએ આ વાત એક ઉદાહરણ દ્વારા ઉત્તમ રીતે સમજાવી છે. એક ફકીર ઘોર અંધારી રાત્રે ફાનસ લઈને રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યો હતો. ગાઢ જંગલનો રસ્તો હતો, વાતાવરણ સુમસાન હતું. જંગલી જાનવરોનો ભય હતો. એક માણસ પણ તે જ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો. તે પણ ફકીરની સાથે ચાલવા લાગ્યો. ફકીરના ફાનસના અજવાળે અજવાળે માણસ પણ ચાલવા લાગ્યો. ફાનસ ગમે તેના હાથમાં હોય તેથી રોશનીમાં કોઈ ફરક પડતો નથી. પ્રકાશ તો રસ્તા ઉપર જ પડતો હતો ને ? ફકીરને પણ દેખાતો હતો અને માણસને પણ અંધારામાં ચાલવામાં મદદરૂપ થતો. બંને જણ અડધી રાત્રિ સુધી સાથે ચાલ્યા. પરંતુ ત્યારબાદ રસ્તા અલગ અલગ થતાં છૂટા પડવાની ઘડી આવી ગઈ. રસ્તા જુદા થઈ ગયા પછી માણસે અંધકારમાં ચાલવું પડ્યું. ત્યારે તેને સમજ પડી કે પ્રકાશ ઉપર તેનો અધિકાર નહોતો. પ્રકાશ તો ફકીરના ફાનસને કારણે હતો. પ્રકાશ ઉપર ફકીરનો અધિકાર હતો. માણસ માટે તો તે પારકી રોશની હતી.

આ વાત આપણા શરીરને પણ લાગુ પડે છે. બે યાત્રી સાથે સાથે ચાલે છે — અમૃત અને મૃત્યુ. અમૃત અંદર છે. પ્રકાશ અંદરથી આવે છે અને જીવન તેને કારણે સરળતાથી પસાર થાય છે. આનંદ, ઉત્સાહ અને લાગણી શરીરની અંદરથી પ્રાપ્ત થાય છે. શરીર તો માત્ર સ્થૂળ પદાર્થ છે. જ્યાં સુધી શરીર સાથે હશે ત્યાં સુધી જીવન છે તેવું લાગે છે. પરંતુ તે તો ભ્રમ છે. માણસ ભૂલી ગયો હતો કે ફાનસરૂપી પ્રકાશ તેનો નહોતો. ફાનસનો માલિક તો બીજો કોઈ હતો. ફકીર તો આનંદથી બિન્દાસ બનીને જંગલમાં ગીત ગાતો ગાતો વિહરી રહ્યો હતો. પરંતુ જ્યારે છૂટા પડવાનો સમય આવ્યો ત્યારે માણસને પ્રકાશની જરૂરિયાત સમજાઈ. જે દિવસે આત્મા શરીરને છોડી દે તે દિવસે માત્ર અને માત્ર માટી બાકી રહે છે. જેને આપણે લાશ તરીકે ઓળખીએ છીએ. શરીર માટે મૂંઝાતા રહેવાની જરૂર નથી. જીવન શરીર નથી. શરીર જીવન છે તેવું લાગે છે કારણ કે તે ચાલે છે, બોલે છે, ઊઠે છે, ખાય છે, પીએ છે. પરંતુ યાદ રાખવાનું એ છે કે જીવન તો શરીરમાં રહેલ આત્માને આભારી છે. આત્મા એટલો જીવંત હોય છે કે તે જેની સાથે હોય તેને પણ તે જીવંત બનાવી દે.

*"સ્વાદ છોડો એટલે શરીર સ્વસ્થ,*
*વિવાદ છોડો એટલે સંબંધ સ્વસ્થ."*

સંબંધનો વિકાસ પાંચ પગથિયાને આભારી છે. પહેલાં ચાર ખૂબ સરળ અને સહજ હોય છે : જોવું, ગમવું, ચાહવું અને પામવું. પરંતુ પાંચમુ પગથિયું અત્યંત કઠિન હોય છે અને તે છે : નિભાવવું. બે સંબંધોને અક્ષત બનાવવા માટે નિભાવવાની વૃત્તિ ખૂબ જરૂરી હોય છે. નિભાવવાની પ્રક્રિયાના પાયામાં ક્ષમા રહેલી છે. ક્ષમા આત્માને શાંતિ અર્પે છે. ક્ષમાને કારણે જ પ્રભુ સાથે પ્રત્યાયન શક્ય બને છે. કોઈને શાબ્દિક અથવા શારીરિક રીતે આઘાત પહોંચાડીને તેને પરાજિત કરવાની વૃત્તિ વ્યક્તિને આપઘાત તરફ દોરી જાય છે. ક્ષમાને કારણે જીવન જીવવા જેવું બને છે. તે તો જીવન જીવવાની જડીબુટ્ટી છે. જેઓ ક્ષમા બક્ષતા નથી તેઓ શારીરિક, સાંવેગિક, માનસિક અને આધ્યાત્મિક રીતે અસ્વસ્થ રહેતા હોય છે. સંબંધમાં ક્ષમાવૃત્તિનો અભાવ થાય ત્યારે તે સંબંધ મૃત્યુ પામે છે. ક્ષમાને કારણે જ જીવન જીવંત બને છે. ક્ષમા એ પ્રકાશનો પર્યાય છે. માણસને પ્રકાશ રસ્તો દેખાડે છે તેવી જ રીતે ક્ષમાવૃત્તિ જીવન દૃષ્ટિ બક્ષે છે.

---


## "ઘરશાળાના ગ્રાહકો - વાંચકોને વિનંતિ"

શાળા, કોલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યિક શાળામાં 'ઘરશાળા' આવે છે? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦=૦૦ મોકલશો તેવી વિનંતિ છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતિ છે. ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦=૦૦**
**આજીવન રૂપિયા : ૨૦૦૦=૦૦**

**લવાજમ મોકલવાનું સ્થળ :**
**'ઘરશાળા' માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**


---

# ગાંધી પણ એવા ને એવા નહીં ચાલે

**વિનોબા ભાવે ● સંપાદક : મહેન્દ્ર મેઘાણી**

**અજવાળું થયું છે**

સ્વરાજ્ય મળ્યું અને પરમેશ્વર ગાંધીજીને ઉઠાવી ગયા.

આપણા દેશને સંપૂર્ણ સ્વરાજ મળે, તેના કરતાં ઓછી ઈશ્વરની ઈચ્છા હોત તો તેણે ગાંધીજીને આપણી વચ્ચે રહેવા દીધા હોત. પણ દેશ બધી જાતની પરાધીનતાથી મુક્ત થઈ જાય, એવી જ એની ઈચ્છા લાગે છે. અંગ્રેજોના જવાથી બહારનું દબાણ ગયું. ગાંધીજીને ઉપાડી લઈને ઈશ્વરે આપણી બુદ્ધિને હચમચાવી નાખી. જાણે કે એ આપણને કહેતા ન હોય કે, હવે તમે લોકો બધી રીતે સ્વતંત્ર છો, સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરો અને સાચી રીતે સ્વતંત્ર બનો.

મનુષ્ય ગમે તેટલો મહાન થાય, તોપણ શું એ આખા દેશને સ્વરાજ અપાવી શકે ? મારી ઊંઘ જેમ મારે જ કરવી પડે છે, તેમ મારું સ્વરાજ પણ મારે જ મેળવવું જોઈએ. પરમેશ્વર હંમેશાં આપણે માટે મહાપુરુષો મોકલ્યા કરે, તો તેનાથી આપણી ઉન્નતિ જ થશે એવું નથી. ભગવાન વારંવાર અવતાર લેતા નથી, એ પણ એની કૃપા જ સમજવી જોઈએ.

લોક કહે છે કે ગાંધીજીની પાછળ ચોપાસ અંધારું છવાઈ ગયું છે. હું કહું છું કે હવે તો અજવાળું થયું છે. આંખો ઉઘાડો તો સમજાશે. ગાંધીજી વારંવાર કહેતા કે, હું જે કહું છું તેની ઉપર તમે સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરો, અને એ ગળે ઊતરે તો જ તે પ્રમાણે ચાલો. પણ આપણે વિચારવાની તકલીફ લીધા વિના એમની પાછળ-પાછળ ચાલ્યા કરતા હતા. એટલે પછી ઈશ્વરે નક્કી કર્યું કે હવે આ લોકોને વિચારવાની તકલીફ આપવી પડશે.

●

ઘનશ્યામદાસ બિરલાજીએ બાપુનાં સ્મરણોની સરસ ચોપડી લખી છે. એમાં એમણે બાપુની વ્યવહારકુશળતા બતાવવા એક પ્રસંગ ટાંક્યો છે. ઘણાં કામો વચ્ચેથી પણ વખત કાઢીને બાપુએ પૂછેલું કે ફલાણું ફંડ સરખી બેંકમાં રાખ્યું છે ને ? અને એનું સરખું વ્યાજ મળે છે ને ? એવો પ્રસંગ ટાંકીને બિરલાજી લખે છે : બાપુ ચતુર વાણિયા હતા.

પરંતુ હું બહુ નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે ફંડ એકઠું કરવું, એને વ્યાજે મૂકીને વધારવું, એ બધી હવે જૂનીપુરાણી વાતો થઈ ગઈ છે. આજે જો કોઈ મહાત્મા થાય અને વ્યાજની ચિંતા કરે તો એની તે વાત પછાત મનાશે. આજે તો એવું સૂઝવું જોઈએ કે વ્યાજ ન લેતાં ઊલટું આપવું જોઈએ. મૂડીને વધારવાની વાત જ ન હોય, એને તો ઘટાડવાની જ હોય. જેણે આપણો પૈસો લીધો એણે જો એનો બરાબર ઉપયોગ કર્યો હોય તો પાછો લેતી વખતે તેને ઊલટી કસર આપવી જોઈએ. આવું જેને સૂઝશે તે જ આ જમાના માટે લાયક ગણાશે. આપણે કોઈએ ગાંધીજીના સ્થૂળ ચરિત્રના આકારનું પૂછડું ન પકડવું જોઈએ. એ તો નિત્ય નવું અને તાજું વિચારતા અને કહેતા; તેમ છતાં આપણે એમની સ્થૂળ વાતોને પકડી રાખવાની ભૂલ કરીએ છીએ.

ગાંધીજી જેટલે અંશે વ્યક્તિ હતા તેટલે અંશે, તેઓ જેમ ગુણોથી ભરેલા હતા તે જ રીતે દોષોથી પણ ભરેલા હતા. ત્યારે એમના ગુણ-દોષોની છણાવટ કરીને ગુણોનો સ્વીકાર અને દોષોનો પરિહાર કરવો એ અનિવાર્ય થઈ પડે છે. આપણે જો એ નહીં સમજીએ, તો આપણે ગાંધીજીને જરાય સમજ્યા નથી. તેઓ તો રોજેરોજ બદલાતા ગયા હતા, પળેપળ વિકસતા રહ્યા હતા, અને આજે તેઓ હોત તો તેવું વલણ લેત તે કોઈ કહી શકે તેમ નથી.

માર્ક્સને કેટલીયે વાતો નહોતી સૂઝી, કેમ કે આજે જે વિજ્ઞાન વિકસ્યું છે તે એણે ભાળ્યું નહોતું. એને જો આ

(અનુસંધાન પૃષ્ઠ ૪૨)

# સારી શાળા

**ડૉ. વિજય ઠક્કર**

**મ. શિ., આંકલાવ હાઈ સ્કૂલ, આંકલાવ, જિ. આણંદ.**
**મો.:૯૪૨૬૩૩૧૨૩૭**

એક વાલીએ પોતાના નાના બાળકને પૂછ્યું - 'બેટા તને કેવી શાળા ગમે ?' છોકરાએ પળનાય વિલંબ વગર ઉત્તર આપ્યો 'બંધ'. પછી એમણે મોટાને પૂછ્યું - 'બેટા તને શાળાએ જવું ગમે ?' 'હઅ્ન' 'બાપા શાળાએ જવુંય ગમે ને શાળાએથી આવવુંય ગમે પણ સાલું વચ્ચે બવ કંટાળો આવે છે.' શિક્ષણપ્રધાન અને પદ્મશ્રી નાનાભાઈ ભટ્ટ ઈ.સ. ૧૯૪૮માં લખે છે કે 'થોડા વખત પહેલાં ડૉ. મહેતાસાહેબ મને આયુર્વેદિક કૉલેજ જોવા લઈ આવ્યા હતાં. ત્યાં માણસનું હાડકું ભાંગે ત્યારે તે શોધી કાઢવા માટે તેને સાજા હાથની સાથે સરખાવવામાં આવે અને તફાવતથી કેટલી ઈજા થઈ છે તે ખબર પડે તે વાત તેમણે મને સમજાવી હતી. આજે તે પ્રમાણે, તમારી શાળા બરાબર ચાલે છે કે નહીં તે જોવા માટે તમારે એક સ્ટાન્ડર્ડ શાળા જોઈએ, પણ એવી કઈ શાળા બતાવવી તેની હું શોધમાં છું.' આ નાનાભાઈ કેવી શાળા શોધતા હશે ? એ વિચાર મને એમનું પુસ્તક 'કેળવણીની પગદંડી' વાંચેલું ત્યારથી સતત પજવતો કે સારી શાળા કેવી કહેવાય ? બસ એ વિચારના પરિપાકરૂપે જ આ સારી શાળા પ્રગટી છે...

સારી શાળા એટલે ભવ્ય આધુનિક મસમોટાં બિલ્ડિંગને પીળી બસોની લાઈનો ગણી લેવી, વિદ્યાર્થીઓની અને શિક્ષકોની જબરી સંખ્યા ગણી લેવી, ગોખાવીને મારી નાખતી ૧૦૦% પરિણામની હારમાળા ગણી લેવી કે પછી શહેરની બહુ ચર્ચિત રહેતી શાળાની સારી શાળા ગણી લેવી વગેરે પ્રશ્નો વિચારતા મને એવું જણાય છે કે સારી શાળાને બનાવવી હોય અથવા તો તપાસવી હોય તો એને મુખ્યત્વે ચાર ભાગથી વિચારી શકાય.

સારી શાળા તાત્વિક રીતે જોઈએ તો શાળાનું નિર્માણ થાય એ પહેલાં અથવા તો એનો વહીવટ સ્વીકારું એ પહેલાં શિક્ષણની મૂળભૂત બાબતો કે વિભાવના સંચાલક, આચાર્ય અને શિક્ષકો પાસે હશે તો સારી શાળાનું પીંડ બંધાશે. ગાંધીજી અને વિવેકાનંદને ખબર હતી કે શિક્ષણની આ દશા થશે એટલે એમણે પહેલાં કામ સોંપી દીધું કે તમે શિક્ષણનો ગમે તેટલો વેપાર કરો, વહીવટ કરો પણ બાળકના આ મન, શરીર, આત્મામાં જે કાંઈ શ્રેષ્ઠ છે એ બહાર કાઢવાનું ભૂલતા નહીં અને બાળકની પૂર્ણતાનું પ્રગટીકરણ કરવાનું ચાલુ રાખજો. પણ પ્રશ્ન પાછો એ છે કે આ મન, શરીર અને આત્મા એટલે શું ? આવું બધું બાળકમાં હોય ? પૂર્ણતાતો બધી અમારા શિક્ષકોમાંને નવનીતની ગાઈડોમાં છે તો પ્રગટીકરણ શેનું કરવાનું - ફી સિવાય ? જ્યાં વિદ્યાર્થી આચરણથી શીખતા હોય, જ્યાં પ્રેરણાપૂંજ આપનારી પ્રાર્થના હોય, જ્યાં કળા, સાહિત્ય અને કવિતાને પ્રોત્સાહન હોય, જ્યાં બાળક અને શિક્ષક નવસર્જન માટે મુક્ત હોય, જ્યાં વિચારોનું વાવેતર થતું હોય, અન્યના વિચારો સ્વીકારનારા વહીવટકર્તા હોય, જ્યાં ઉંમરને કે જ્ઞાતિને બદલે ડહાપણ કે બુદ્ધિને સ્થાન હોય અને જ્યાં માનવઘડતરના પાઠ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં લાઈફ સ્કીલના પીરિયડ ને બદલે સહઅભ્યાસિક પ્રવૃત્તિ દ્વારા શીખાતા હોય ત્યાં છુપાવેશે વિવેકાનંદ આંટો મારી હરખાતાં હશે કદાચ. શિક્ષણ એટલે જીવન ઘડતર. જીવન જીવવા માટે આવશ્યક તેવી સર્વ વિદ્યાઓનું ભણતર અને ઘડતર - આ યથાર્થ શિક્ષણ. મનુદાદાને કોઈએ કહ્યું કે ઈઝરાયેલમાં ડંખ વગરની માખીની શોધ થઈ છે તો દાદાએ કહ્યું કે આપણે તો ડંખ વગરનો માણસ પેદા થાય તેવું શાળાઓમાં કરવું છે. દરેક કાર્ય અંગેની પૂરતી વિચારણા અને કાર્ય પાછળનો ઉમદા આશય શિક્ષણની જવાબદારી છે પણ એ માટે એ પહેલાં શિક્ષણને

એ પ્રક્રિયામાંથી પસાર થવા દેવું પડે. ટૂંકમાં, જ્યાં સુધી શાળા મારી ના બને ત્યાં સુધી શાળા સારી ના બને.

સામાજિક રીતે શાળાનું વાતાવરણ બાળકને, શિક્ષકોને, વાલીને શાળામાં જવાનું મન થાય તેવું હોવું જોઈએ. ખાનગી શાળામાં બાળક, વાલીને આનંદપોષક વાતાવરણ જોવા મળે છે તો ઘણીવાર શિક્ષકોને માનસિક ત્રાસ આપવામાં આવે છે. જેટલો શિક્ષક મજબૂર વધુ તેટલું તેનું શોષણ વધારે. શિક્ષક આચાર્ય વચ્ચે, અને શિક્ષક શિક્ષક વચ્ચે સૌંદર્યાત્મક સંબંધ હોય, નિર્ણયો હોય કે નિયમો બધાની ભાગીદારી હોય, મતભેદની છૂટ હોય, મુક્ત વિચારણા શક્ય હોય અને દરેકની સત્યનિષ્ઠામાં ઉણપ ના હોય એ આ પાસાનાં પાયામાં ગણાવી શકાય. મોનિટર માટેની નેતાગીરીને પ્રોત્સાહન મળે તેવી આદર્શ વ્યવસ્થા હોય, શિસ્ત માટે હથિયાર પ્રયોગ પર પ્રતિબંધ હોય અને મિટિંગો દ્વી-પક્ષી હોય પાછી લાંબી ચાલતી હોય એ પણ સમાજમાન્ય બાબત ગણી શકાય. શિક્ષકને યોગ્ય માનસન્માન મળે, વૈચારિક ન્યાય મળે, તેની ગરિમા સચવાય અને યોગ્ય વેતન મળે તો એ સમાજને વધુને વધુ મદદરૂપ થવાનો પ્રયત્ન કરશે.

**(૩) શૈક્ષણિક પાસું :**

શૈક્ષણિક દૃષ્ટિએ સારી શાળામાં સાચા અર્થે લાયક શિક્ષકો હોય અથવા તો શાળામાં તે લાયક બની જતા હોય. પોતાને ભાગે આવતું કાર્ય આનાકાની વગર નિષ્ઠાથી થતું હોય, સ્ટાફરૂમમાં પગાર કે ઈજાફાની સાથેસાથે શિક્ષણ અને બાળકોના સર્વાંગી વિકાસની ચર્ચા પણ થતી હોય. બધા શિક્ષકો પાસે શાળાને વિઝનને પોષણ આપતું સમાન ધ્યેય હોય અને તે પાર પાડવા માટેનો એક્શન પ્લાન પણ. મારી શાળાનો ભાવ શાળાને જીવંતતા બક્ષે છે બાકી તો પોતાનો તાસ યાદ જ ના રહે અને પગારમાં રૂ. ૧૦ની ભૂલ માટે કચેરીએ ભીખ માંગતા શિક્ષકોનો તો રાફડો છે. આયોજન એ સારી શાળાનું મહત્ત્વપૂર્ણ અંગ છે જ્યાં દરેક બાબત, દરેક શિક્ષક અને દરેક સંસાધન માટે યોગ્ય વિચારણા હોય છે. શાળામાં થતી દરેક સહઅભ્યાસ પ્રવૃત્તિ, દિન ઉજવણી, ઉત્સવ ઉજવણી, પ્રાર્થના-સભામાંથી બાળક કંઈક શીખી શકે તે આયોજન સારી શાળા કરી લેતી હોય છે. ડૉ. ભોગાયતાસાહેબ કહેતા કે શિક્ષણ એટલે બાળક શીખે તેમ કરવું તે. અહીં પરિણામ અને ગમે તેમ અભ્યાસક્રમ પૂર્ણ કરવાને બદલે શીખવા પર વધુ ભાર મૂકવામાં આવે છે. જ્યાં શિક્ષકો પ્રમાણિક હોય અને તેમના પરીક્ષાના પ્રશ્નપત્રો બહારથી ના મંગાવવા પડતા હોય. સારી શાળામાં રેંઢા પિરિયડનું (બાબુભાઈ રાણપુરા ળી પિરિયડને રેંઢો તાસ કહેતા.) ચોક્કસ શૈક્ષણિક આયોજન હોય જેથી તેમાં થોડું વધુ કંઈક શીખી શકાય. શિક્ષકો સમયસૂચક હોય અને સિદ્ધાંતોના પાલક હોય તથા તેમના કેન્દ્રમાં માત્રને માત્ર વિદ્યાર્થી હોય એ આવશ્યક છે. સારી શાળામાં શિક્ષકોને શાળાએ આવવાનું ગમે અને સારા શિક્ષકો એ કે જે બીમાર પડે એવી બાધા વિદ્યાર્થીઓ ના રાખે. પૂર્ણ સમય શિક્ષક શાળામાં રોકાય અને વિદ્યાર્થીઓ જાય પછી તે જાય. છૂટવાની ઉતાવળે બે તાસ અગાઉ તૈયારી કરતાં શિક્ષકો માટે ડૉ. ઈશ્વર પરમાર કટાક્ષમાં લખે છે કે વિદ્યાર્થીઓ છૂટે છે અને શિક્ષકો વછૂટે છે.

ભૌતિક બાબતે બાળકને શાળાએ આવવું ગમે એવી પ્રાથમિક સુવિધા તો શાળામાં હોવી જ જોઈએ. શુદ્ધ પાણી, દરેક માળે પુરતાં સ્વસ્છ બાથરૂમ-સંડાસ, વર્ગમાં હવા-ઉજાસ, પંખા, લાઈટ, પાટલી, બોર્ડ આટલું પ્રાથમિક કહેવાય. શાળા જર્જરિત હોય તો બાળકને ભણતાં ડર લાગે છે. વર્ગનું ફ્લોરિંગ પણ ક્યાંક ખાડાવાળું કે વાયરો આમતેમ લબડતાં આપણે ક્યાંક જોયા હશે. શાળાના બાંધકામની રચના, કલર, મેદાન, બગીચો, વૃક્ષો, ડિઝાઈન એ શાળાને સૌંદર્ય બક્ષે છે. શાળામાં પુરતા અને જીવંતરૂમ જેવા કે પુસ્તકાલય, સંગીતરૂમ, ચિત્રખંડ, પ્રયોગશાળા,

(અનુસંધાન પૃષ્ઠ ૪૨)

# શિક્ષકનું સ્વરૂપ

**વિમલા ઠાકર**

હવે એ તો જાહેર જ છે કે શિક્ષણનું કામ ધંધો બની ગયું છે. આપણી વ્યક્તિગત, પારિવારિક, આર્થિક આવશ્યકતાઓ અનિવાર્યતાઓ છે. એમાં આપણે બેઠા છીએ. આ સંદર્ભમાં આપણે શું કરી શકીએ ?

પહેલાં તો શિક્ષક હોવાનું ગૌરવ અને ગરિમા પોતાના ચિત્તમાં પેદા કરવાં. જેને ક્યાંય નોકરી નથી મળતી એટલે એ સ્કૂલમાં જાય છે અને જેની ક્યાંય કોઈ યોગ્યતા નથી એ શિક્ષક બને છે, આવી શિક્ષક માટે આજની મનોદશા છે. પહેલાં તો શિક્ષક પંડિત કહેવાતા હતા. ત્યારે શિક્ષકના કામ માટે ગૌરવ અને ગરિમા જનતાના ચિત્તમાં હતાં. એ ગૌરવ-ગરિમા જનતાના ચિત્તમાં અને સમાજમાં પેદા કરવાની વાત તો પછી કરીશું. પહેલાં આપણે પોતાનામાં હીનભાવ કે લઘુતાગ્રંથિ ન રાખીએ. આ લઘુતાગ્રંથિ તમારી સૃજનશક્તિને ખાઈ જશે. ધ્યેયનિષ્ઠા - મૂલ્યનિષ્ઠાની વાત આપણે પછી કરીશું. પરંતુ પહેલાં તો શિક્ષકના વ્યક્તિત્વમાં કોઈપણ પ્રકારની લઘુતાગ્રંથિ ન હોય, વિદ્યાર્થીની સામે વર્ગમાં જઈને ઊભા રહો તો પોતે સરકારી વેતન ખાનારો કોઈ વેતનભોગી વ્યક્તિ છે એવું તેમના ચિત્તમાં ન આવવું જોઈએ. આવું સમજશો તો હીનદશા નહિ રહે. જે કામ હું કરી રહ્યો છું કે કરી રહી છું એ એક 'સાંસ્કૃતિક કામ' છે. ભૂગોળ, ગણિત, ઈતિહાસ, પદાર્થવિજ્ઞાન ભણાવતાં હું મારી સંસ્કૃતિના મૂલ્યોનું તેજ મારા કામોમાં પ્રગટ કરીશ. અંદર પ્રાણોમાં આ પ્યાસ જાગે તો હીનતાનો ભાવ ચાલ્યો જશે. તમે અને હું વેતન લઈએ છીએ એમાં આપણો અપરાધ નથી. વ્યાપારી સંસ્કૃતિ (Commercial Civilization) આ દેશમાં થોપવામાં આવી છે. એના આપણે શિકાર છીએ. પરંતુ શિકાર બનીને પડ્યા રહીશું, રોતા રહીશું દૃષ્ટિહીન બનીશું તો જે બાળકો સામે ઊભા રહીશું એ બાળકોનો શો અપરાધ ? એમના સામે આત્મસન્માન શૂન્ય, આત્મવિશ્વાસ શૂન્ય વ્યક્તિ ઊભી રહે અને એક કોમ્પ્યુટરની માફક એ ભાષા, ભૂગોળ અને ગણિત શીખવાડે તો એ શિક્ષક નહિ હોય. Education is transmission of creativity. સૃજનશીલતાનું સંક્રમણ શિક્ષણમાં થાય છે. શિક્ષણમાં ઘણું બધું સંક્રાન્ત થાય છે. પુસ્તકમાંથી વિદ્યાર્થીઓના મસ્તકમાં જાણકારી ભરવી એ શિક્ષણ નથી. એમાં તો જાણકારી - સૂચનાઓનું પ્રદાન થાય છે. આજના યુગમાં વધારેમાં વધારે જાણકારીની આવશ્યકતા છે એ હું જાણું છું. પરંતુ વર્ગમાં કોમ્પ્યુટર કે રોબોટ ઊભો કરવો અને એક મનુષ્યનું ત્યાં હોવું એમાં જમીન આસમાનનું અંતર છે. પહેલાં તો એક માનવ હોવાનું ગૌરવ હોય. માનવ કે જેની અંદર કેવળ મનન, ચિંતનની કે સાચા-જૂઠાને પારખવાની બુદ્ધિ જ નહિ, પરંતુ આત્મા નામનું એક તત્ત્વ છે, શક્તિ છે, ઊર્જા છે. મનુષ્ય કેવળ બૌદ્ધિક કે સામાજિક પ્રાણી જ નથી. એની પાસે શરીર-મનથી પણ વધારે ઘણું બધું છે. 'અમૃતસ્ય પુત્રાઃ' અથવા તો 'Children of immortality' આ મારા શબ્દો નથી. આ સ્વામી વિવેકાનંદના શબ્દો છે.

પહેલાં તમારી અંદર અભારતીય સંસ્કૃતિનું જ બીજ પડ્યું છે તેની શોધ કરીને એને બહાર લાવવાનો પ્રયત્ન કરનારા મહાવીર બની જાઓ. તમારી નસનસમાં, રગેરગમાં આત્મવિશ્વાસ ભરી દો. તમારું વ્યક્તિત્વ હુષ્ટપુષ્ટ નહિ હોય, તમારા જીવનમાં કોઈ મૂલ્ય નિર્ધારીત કરીને તમે એને જીવશો નહિ, તો પછી કાંઈ કરી શકશો નહિ. પહેલાં મેં તમને આત્મવિશ્વાસની વાત કરી લઘુતાગ્રંથિને ફેંકી દેવાની વાત કરી. હવે આગળ ચાલીએ.

વિદ્યાલય કે મહાવિદ્યાલયમાં મારે નિશ્ચિત સમય પર જવાનું હોય તો ત્યાં એક મિનિટ પણ મોડો નહિ પડું. ઘરમાં અણબનાવ થયો હોય, કલેશ થયો હોય તો એ કલેશ પીડિત ચિત્તને લઈને વર્ગમાં નહિ જાઉં. તનાવ, ખેંચ, સંઘર્ષ પરિવારમાં થાય એ પીડા એ વેદના એ હતાશા એ નિરાશા અને એ કટુતાને હું ઘરમાં જ રાખીને જઈશ. વિદ્યાલયના વર્ગમાં હું કામ કરું છું એ તો મારી યજ્ઞભૂમિ છે. મારું મંદિર છે. એની પવિત્રતા હું પ્રાણપણે સાચવીશ.

જેટલી પવિત્રતા આપણા ચિત્તમાં હશે એટલી કર્મમાં ઊતરશે. પવિત્રતાની ભાવનાથી કરેલું કર્મ યજ્ઞ બની જાય છે. આ રીતે વિદ્યાલયને આપણે પવિત્રતા પ્રદાન કરીશું. ઉદંડ બાળકો, વિકૃત મનોવૃત્તિવાળા માતા-પિતાના સંતાન છે એની વાત તો કાલે કરીશું. શિક્ષક કેવો હોવો જોઈએ એ સવાલ છે. આપણે શું કરવું છે ?

બધાં લોકો ક્યાં આવી ફિકર કરે છે ? બધાં તો ઓછામાં ઓછો પરિશ્રમ કરીને વધારેમાં વધારે કમાય છે. અમે શા માટે મહેનત કરીએ ? વર્ગમાં અમે શું કરવા ભણાવીએ છીએ ? ઘેર Coaching કરીશું અને પૈસા લઈશું. આવું માનસ થઈ ગયું છે. એમાંથી આપણે તો બચી શકીએ. નફો કરનારું ધંધાકીય માનસ ન રહે એવું શિક્ષક નામનું એક પ્રાણી ભારતમાં ઊભું થાય. વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે ક્રાંતિની જીવંત ચિનગારી બની જાય. ક્રાંતિનાં બીજ પહેલાં દિમાગમાં રોપવા પડે છે પછી એ દિલમાં ઊતરે છે અને ત્યારપછી એ વ્યવહારમાં ઊતરે છે. મારે જે કોઈ વિષય ભણાવવાનો હોય એમાં હું વાંચ્યા વગર ન જાઉં. ઘરમાં બે-ત્રણ કલાક ટી.વી. જોતો બેસું અને જેવી તેવી રીતે કેટલીક નોટ્સ લઈને નીકળી પડું એવું ન બને. આજની વ્યવસ્થામાં મને જે વેતન મળે છે એને હું ન્યાય આપીશ. એક રૂપિયાનું અન્ન મફતમાં નથી લેવું. એકવાર પરિશ્રમ વિના લેવાની આદત પડી જાય પછી ભિખારીનું મન, મફત લેનારું મન, બની જાય છે. આવા મનુષ્યના વ્યક્તિત્વમાં આત્મસન્માનના તેજ-ઓજ-વીર્ય રહેતાં નથી. જે વિષય ભણાવવાનો છે તે ઘેર બરાબર સમય કાઢીને વાંચીશ. એના સંદર્ભનાં પુસ્તકો વાંચીશ, આવું આપણા મનમાં આવવું જોઈએ. આપણું કર્મ સમૃદ્ધ બનાવો, ખંડિત કર્મ નહિ. જેવી તેવી રીતે કર્યું, અન્યમનસ્કતાથી કર્યું એવું નહિ. ચાર-છ કલાક તમે વિદ્યાલયમાં રહો છો એ સમયમાં તમારા વ્યક્તિત્વનું પરિણામ વાતાવરણ પર થશે. ત્યાંના પુદ્‌ગલો પર થશે. તમારી ચિત્તવૃત્તિથી, સાત્ત્વિકતા કે કુટિલતાથી વિદ્યાલયમાં વાતાવરણ બને છે.

નદી પાસે બેસો છો જળની શીતળતા સ્પર્શ કરે છે. બગીચામાં બેસો છો તો ફૂલની સુગંધ સ્પર્શ કરે છે. તમે અને હું તો જીવતા જાગતા માણસો છીએ. આપણી અંદર માનવતાની અગ્નિજ્યોત હોય, આત્મબળનું ભાન હોય, આત્મવિશ્વાસ હોય તો તમારી અને મારી સાથે બેસનારાઓમાં એ ઊર્જા સંક્રાત થયા વગર કેવી રીતે રહે ? પછી શું મજાલ છે બાળકોની કે એ તમારી મજાક કરે ? પરંતુ શિક્ષકો જ વિદ્યાર્થીઓને લઈને હોટેલમાં ખાવા જાય અને એમની સાથે આપણે જેને સસ્તી-બજારુ વાતો કહીએ છીએ તે કરે એવી વ્યક્તિ શિક્ષક કહેવડાવવા માટે લાયક રહેતી નથી. 'સા વિદ્યા યા વિમુક્તયે' આ એક વ્યાખ્યા છે. જે વિદ્યાનું દાન કરે છે જે વિદ્યા સંક્રાન્ત કરે છે તે આચાર્ય છે. 'આચરણાત્ આચાર્યઃ'.

મારી બીજી દરખાસ્ત એ છે કે જે પ્રારબ્ધ પ્રાપ્ત છે કે પ્રારબ્ધ પ્રાપ્ત પરિસ્થિતિમાં જે કામ આપણા ભાગે આવ્યું હોય પછી તે નોકરી હોય કે બીજું હોય એ કામ ન્યાયપૂર્વક, પ્રેમથી કરીએ. મન લગાવ્યા વગર બેહોશીમાં કે મૂર્છામાં નહિ, સાવધાન બનીને કરીએ. આ બીજી વાત થઈ. હવે ત્રીજો મુદ્દો તમારી સમક્ષ રાખું. પહેલં તો 'માતૃદેવો

ભવ પિતૃદેવો ભવ આચાર્ય દેવો ભવ' શીખવાડતા હતા. પરંતુ આજે આપણે શિક્ષક બનવા માંગીએ છીએ તો આપણી સામે જે વિદ્યાર્થી છે એ 'વિદ્યાર્થી દેવો ભવ'. સામાજિક પરિસ્થિતિ અથવા આ બાળકોના માતાપિતાની કમજોરીઓ કે વિકૃતિઓની સજા બાળકોને કરવાની નથી. જે વર્ગમાં તમે પગ મૂકો, ત્યાં જે વિદ્યાર્થી હોય તેના માટે તમારા ચિત્તમાં પ્યાર તો હોય જ પણ સાથે સાથે આદર પણ હોય. પછી તે પંદર, વીસ કે ચાલીસ હોય. 'બાલ દેવો ભવ', 'વિદ્યાર્થી દેવો ભવ'. મારી તો ઉલટી ગંગા વહે છે ! હું આ એટલા માટે કહી રહી છું કે આજના સમાજમાં જે નાનાં નાનાં બાળકોને આપણા જમાનામાં મળતું હતું તેવું શ્રદ્ધામય ચિત્તનું આનુવંશિક વરદાન મળતું નથી. એમના માતાપિતા તથા દાદા દાદીના જીવનમાં શ્રદ્ધા નામનું જે તત્ત્વ હતું તે ક્ષીણ થયું છે, નામશેષ થઈ રહ્યું છે. એમની પાસે તર્ક છે, એમની પાસે smartness છે, હોંશિયારી છે પણ શ્રદ્ધા નથી. એ તમારા કહેવાથી જ માની લેશે એવું નથી. ઘરમાં માતાપિતાનું સન્માન રાખવાની એમને ખબર નથી. મોટાઓ સાથે કેવો વ્યવહાર કરવો એના સંસ્કાર કોઈએ આપ્યા નથી. ખોટા ઢંગથી એમને લાડ લડાવાય છે, એમની આળપંપાળ થાય છે. આઝાદીના નામે એમને સંસ્કારહીન રાખવામાં આવ્યા છે. તમારી પાસે આ જે બાળકો પચાસ મિનિટ માટે આવ્યા છે એમના બધાંના જીવનના સંદર્ભને ધ્યાનમાં રાખીને તમારે આદર પ્યાર અને સહનશીલતાથી એમની સામે આવવું પડશે. નહિ તો આ બાળકો એટલા ચપળ-ચંચળ છે સંસ્કાર ન હોવાને કારણે કંઈ પણ બોલી નાખશે, અપમાન પણ કરશે. ખબર નથી કે ક્યારે કેવો વ્યવહાર કરશે. દસ અગિયાર વર્ષની ઉંમરે એમનામાં ઉપદ્રવ કરવાની સૂઝ પણ આવી જાય છે. છ સાત વર્ષ સુધીના બાળકોનું મન અલગ પ્રકારનું અને નવ વર્ષ પછીના બાળકોનું મન અલગ પ્રકારનું હોય છે. ઉપદ્રવ કરવાની શક્તિ, એમની સૂઝ એકબીજાને મળવું, તોફાન મસ્તી કરવી, જીવનનું આ ઘણું રોચક પર્વ છે. એટલે જ્યારે તમે વર્ગમાં બેસશો અને તમારા ચિત્તમાં એમના પ્રત્યે આદર અને સહનશીલતા હશે તો ચાર દિવસમાં નહિ તો એક મહિનામાં બાળકો પર એનું પરિણામ થયા વગર નહિ રહે. જે મજાક કરવા, સતાવવા, તકલીફ આપવા આવ્યા હતા એ જ વિદ્યાર્થી તમારી તરફ સ્નેહ અને આદરથી જોવા લાગશે.

આપણું માધ્યમ તો વાણી જ છે. એ વાણીમાં સત્યાચારનું તેજ ન હોય તો બાળક શું ઝીલશે ? માટે આપણે નાનકડું વ્રત લઈએ કે આપણે મિથ્યાચાર નહીં કરીએ. ડરને કારણે કોઈને ખુશ કરવા માટે જૂઠું નહિ બોલીએ. આપણે વક્તા બનવું છે 'અપ્રિયસ્ય ચ પથ્યસ્ય'. આ માટે નિર્ભય અને સાહસિક બનવું પડશે. આ એક સાંસ્કૃતિક યુદ્ધભૂમિ છે. ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે આપણે ઊભા છીએ. બધા જ નાગરિકોને આ લાગુ પડે છે. પરંતુ તમે અને હું શિક્ષણ માટે વિચારવા બેઠા છીએ એટલે શિક્ષકોની વાત કરું છું. માતા-પિતાની વાત કરું છું. માતા-પિતાનું અવિવેકી અને સંયમહીન ઉપભોગપરાયણ જીવન, આત્મપ્રશંસા અને પરિનંદા કરવાની આદતો બાળકો પર અસર કરે જ છે. એવી રીતે શિક્ષકોનો વ્યવહાર પણ પરિણામ કરે છે. જેવી રીતે શારીરિક સ્વચ્છતા કરીએ છીએ એવી રીતે બૌદ્ધિક શુદ્ધિકરણ સત્યાચરણી થાય છે. 'વસ્ત્રપૂતમ્ પિબેત જલમ્'. કહે છે કે પાણી વસ્ત્રથી ગાળીને શુદ્ધ કરીને પીઓ. એવી જ રીતે 'સત્યપૂતમ ઉચ્ચરેત્ શબ્દ.' સત્યથી વાણીનું પ્રક્ષાલન કરીને શબ્દ બોલો. ક્રાંતિ ઈચ્છો છો ને ? દેશમાં નૈતિક મૂલ્યોનું જે પતન થયું છે એમાંથી ઊઠવા માંગીએ તો પહેલાં પોતે એમાંથી ઊઠવું પડશે ને ? કોઈપણ માળખામાં કે સંસ્થામાં આપણે બેઠા હોઈએ, ચિત્તમાં શાંતિ અને સંતોષ હોય તો એનું એક વાતાવરણ સર્જાય છે. અશાંત ચિત્ત સંઘર્ષ કરી શકતું નથી. વિભાજીત વ્યક્તિત્વ નવું સૃજન કરી શકતું નથી. તમે કહેશો કે

બહેન વિષયને ક્યાંથી ક્યાં લઈ ગયા? પરંતુ હું અભાગી દેશની ગંભીર પરિસ્થિતિને ભૂલી શકતી નથી. એના સંદર્ભમાં તમે અને હું બેઠા છીએ. આજના રાજનૈતિકપક્ષોની દયનીય શરમજનક અવસ્થા તો જુઓ. ચૂંટણીમાં માફિયાઓ વગર ચાલતું નથી. જીવન સોદાબાજીનું counter બની ગયું છે. રાજનીતિમાં, અર્થનીતિમાં, ધર્મનીતિમાં અને શિક્ષણના ક્ષેત્રમાં ખરીદવું, વેચવું, સોદો કરવો આ બધું સ્વાભાવિક બની ગયું છે. આ જંજાળમાં તમે અને હું પંચાગ્નિ સાધના કરવા બેઠા છીએ.

આપણે પહેલાં મનુષ્ય બનીએ. પશુમાં અને મનુષ્યમાં ફરક છે. પશુની સામે કોઈ લીલું ઘાસ લઈને જાય તો પશુ એની પાછળ જશે. પરંતુ મનુષ્યમાં તો એ જોવાની શક્તિ છે. એ સમજે છે કે આ કોણ લાવ્યું છે. કેવી રીતે લાવ્યું છે. શા માટે લાવ્યું છે. એ વિચારી શકે છે પણ વિકાસની અવનતિને કારણે આપણે એવા બની ગયા છીએ કે કોઈ આપણી સામે એક કે બે લાખની થેલી લઈને આવે તો આપણે એની હા માં હા કહીએ છીએ. આમ, પોતે જ પોતાનું લીલામ બોલે છે. કેવળ ગામમાં જ નહિ, દિલ્હીમાં બેસનારા મંત્રીમંડળવાળા પણ આ જ કરે છે. રૂપિયાની થેલી જોઈને એની પાછળ જનારા આપણને એ કોણ લાવ્યું ક્યાંથી લાવ્યું એ જોવાની ફુરસદ જ નથી ! એ આપણા માટે સુરક્ષાનું પ્રતીક બની ગયું છે. ચિત્ત શાંતિ, સંતોષનું કે માનવતાનું પ્રતીક નથી રહેતું. સુખ-સુવિધા-સુરક્ષાના નામે આપણે માનવ મટી જવાનું પસંદ કરીએ છીએ. આ દેશમાં એક એવી નાનકડી જમાત ઊભી થાય જે કહે કે, 'અમે અમારી માનવતાનું રાજીનામું આપવા માગતા નથી ! મનન-ચિંતન કરીને જે યોગ્ય લાગશે તે કરીશું, તે જ અપનાવીશું અને એ જ દીક્ષા અમારી પાસે શીખવા આવનારા બાળકોને આપીશું કે 'મનુષ્ય બનો !' મનુષ્યદેહમાં મનુષ્યતાનો આશય આપણે પોતે જ એમાં ભરીએ.'

મનુષ્યમાં પશુસુલભ ક્ષુધા, તૃષા, કામવિકાર અને નિદ્રા છે. એની વ્યવસ્થા તો આપણે કરીશું. મનુષ્ય પાસે ભૂતકાળના સંસ્કાર છે. સંપૂર્ણ માનવજાતિના સંસ્કારો છે. આ સંસ્કારોને ઓળખી લઈને એનો ઉપયોગ કેવી રીતે કરવો એ જોઈશું. પરંતુ આટલામાં જ મનુષ્યતા સમાપ્ત થતી નથી. મનુષ્યમાં બીજું પણ કાંઈક છે. જેને તમે પ્રેમ કહો છો, જેને તમે કરુણા કહો છો. આ શક્તિ મનુષ્યમાં ક્યાંથી આવી ? મનુષ્યના શરીરમાં મનબુદ્ધિથી પરે કોઈ તત્ત્વ હશે ત્યારે જ આવી. મન આસક્ત થઈ શકે છે. બુદ્ધિ આવેશમાં આવી શકે છે. પરંતુ પ્રેમ નામનું જે તત્ત્વ છે, એ તો કેવળ આત્માની ઊર્જા છે. એ આત્મબળ છે. અપબલ, તપબલ ઔર બાહુબલ ચોથો બલ હૈ રામ. આ ત્રણ બળથી અલગ કોઈ બળ છે જેને ભક્તોએ 'રામબલ' કહ્યું. આ આત્મબળ છે. પ્રેમ અને કરુણા એ આત્મબળની અભિવ્યક્તિ છે. એનો અર્થ એટલો જ કે મનુષ્ય પાસે એવું કોઈ તત્ત્વ છે, જેને આત્મા કહે છે. આજના પદાર્થવિજ્ઞાનવેત્તાઓ એને Energy of Supreme intelligence કહે છે. આપણે ત્યાં એને 'સંવિદ્ ચિતિશક્તિ', 'આત્મા' કહેવામાં આવ્યો. બ્રહ્માંડવ્યાપ્ત છે એને પરમાત્મા કહ્યો અને દેહમાં વ્યાપ્ત છે એને આત્મા કહ્યો છે. તમારા અને મારા દેહમાં જે છે તે હોવાપણાનો અર્ક છે, સાર છે, આપણું સત્ત્વ એમાં છે. પશુતાને સમજીને એનાથી મુક્ત રહીએ. તે આપણા પર સવાર ન થાય એ રીતે એને વેશમાં રાખીએ. ભૂતકાળના સંસ્કારોનો ઉપયોગ કરીએ પરંતુ એને આપણા પર સવાર થવા દઈએ નહિ. આ શક્તિ મનુષ્ય પોતાનામાં વિકસિત કરી શકે છે. એને અધ્યાત્મ કહો. આત્મવિદ્યા કહો જે કહેવું હોય તે કહો. મારા મિત્રો આપણે શિક્ષણપ્રેમી લોકો પહેલાં મનુષ્ય બનવાનો પુરુષાર્થ કરીએ અને મનુષ્ય બની રહેવાનું પ્રણ કરીએ.

**સમગ્રતાનું શિક્ષણમાંથી સાભાર...**

# ઓછો ઉપદેશ, વધુ કામ : લાલ બહાદુર શાસ્ત્રી

**સંકલન**

'સખત કામ કરવું એ પ્રભુની પ્રાર્થના કરવા બરાબર છે.' આ શાસ્ત્રીજીનું સૂત્ર હતું. તેઓ એમના જીવનના અંત લગી સખત કામ કરતા રહ્યા. જીવન દરમિયાન સખત કામ કર્યું, અને જીવનનો અંત પણ આ કારણે જ બહુ વહેલો આવ્યો.

સતત કાર્યશીલ રહેવાની પ્રેરણા શાસ્ત્રીજીને ક્યાંથી મળી ? એમને આ 'કર્મ'ની પ્રેરણા ભગવદ્ ગીતામાંથી મળી હોવાનો સંભવ છે. એમની માતા રામદુલારીદેવીને ગીતામાં અનન્ય આસ્થા ! એકવીસ વર્ષની ઉંમરથી માંડીને આજ લગી તેઓ ગીતાનો પાઠ નિયમિત કરે છે. પં. નિષ્કામેશ્વર મિશ્ર, ડો. ભગવાનદાસ, મહાત્મા ગાંધીજી, આચાર્ય નરેન્દ્ર દેવ અને પં. જવાહરલાલ નહેરુના ગાઢ સંપર્કમાં આવ્યા. આ બધાના જીવનમાં પરિશ્રમ સર્વોચ્ચ સ્થાને જોયો, અને તેઓ પરિશ્રમના પ્રેમી બન્યા.

બાળપણથી જ શાસ્ત્રીજી સખત મહેનત કરનારા હતા. તેઓ હરિશ્ચંદ્ર હાઈસ્કૂલમાં હતા ત્યારે એક મહેનતુ વિદ્યાર્થી તરીકે એમની નામના હતી.

આખો દિવસ હરિશ્ચંદ્ર હાઈસ્કૂલમાં ભણે, સાંજે આવીને બીજાને ભણાવવા જાય. રાત્રે બાર એક વાગે પાછા આવે. આવીને જમી લઈ સૂઈ જાય. એ જમે ત્યારે એમની નાની બહેન સુંદરીદેવી એમનાં બધાં પુસ્તકો એમની પથારી આગળ મૂકી દે. સવારે બરાબર ત્રણ વાગે ઊઠીને શાસ્ત્રીજી વાંચે. આમ આખોય દિવસ તેઓ મહેનત કરતા. હરિશ્ચંદ્ર હાઈસ્કૂલના ગુરુ બેનીપ્રસાદ ગુપ્તને રમત પર બહુ પ્રેમ. હંમેશાં મેદાન પર જાય. બાળકોને નવી-નવી રમતો શીખવે. એકવાર એમણે વિદ્યાર્થીઓને કહ્યું, હવે આ મેદાન સાફ કરવાની જરૂર છે. મેદાન પર કાંકરા ખૂબ થઈ ગયા છે. ત્રણ દિવસ પછી તેમણે જોયું તો શાસ્ત્રીજી અને એમના મિત્રોની ટોળકીએ મેદાન સાફ કરી નાખ્યું હતું !

વાચન એ લાલબહાદુરનો પ્રિય શોખ હતો. એકવાર બનારસ વિદ્યાપીઠના આચાર્ય ડો. ભગવાનદાસ વિદ્યાપીઠમાં ફરી રહ્યા હતા. સૂર્ય આથમી ચૂક્યો હતો. રાત ધીમે ધીમે આવતી હતી.

ડો. ભગવાનદાસે જોયું કે પુસ્તકાલય હજી ખૂલ્લું છે. તેઓ એ તરફ ગયા. અંદર ડોકિયું કર્યું તો કર્મચારી દેખાય નહીં ! ધ્યાનથી જોયું તો ખૂણામાં એક છોકરો બેઠેલો જણાયો. એ વાંચવામાં મશગૂલ હતો. ડો. ભગવાનદાસ એની પાસે ગયા. જોયું તો લાલબહાદુર. લાલની અભ્યાસની આટલી બધી તમન્ના જોઈ તેઓ ખુશ ખુશ થઈ ગયા.

અલાહાબાદનો ખૂણેખૂણો શાસ્ત્રીજીને ઓળખે. ગરમી, ઠંડી કે વરસાદ ગમે તે ઋતુ હોય શાસ્ત્રીજીને કોઈ રોકી શકે નહીં. ક્યારેક રેલગાડીમાં જાય, ક્યારેક એકો કે ઘોડાગાડીમાં જાય, તો ક્યારેક ચાલતા નીકળી પડે ! અલાહાબાદનું એકેય ગામ એવું નહીં હોય કે જ્યાં શાસ્ત્રીજી ગયા ન હોય. એકેય વિસ્તાર એવો નહીં હોય કે જ્યાં એમણે ભાષણ આપ્યું નહીં હોય !

વહેલી સવારે ઘેરથી નીકળે, મોડી રાત્રે પાછા ફરે. એક પરિશ્રમી ને મૂકસેવક તરીકે તેઓ આખાય વિસ્તારમાં જાણીતા હતા.

શાસ્ત્રીજીના પરિશ્રમની એક વાત તો આજે પણ બહુ ઓછા જાણે છે. હિંદુસ્તાનના સીમા પ્રાંત પેશાવરમાં અંગ્રેજોએ ગોળીબાર કર્યો. આની તપાસ માટે સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિના મંત્રી સ્વ. રફી અહમદ કીડવાઈ હતા. શાસ્ત્રીજી સ્વ. કીડવાઈના સેક્રેટરી તરીકે કામ કરે. પરિણામે રિપોર્ટ છપાવવાનું કામ એમને માથે આવ્યું. આ માટે તેઓ સ્વરાજ્ય ભવનમાં રહેવા આવ્યા.

રોજ સ્વરાજ્ય ભવનથી છાપખાનાના આંટા લગાવે. બસ આ જ એમની દુનિયા. જમીન પર સૂવે. સૂવા માટે

પાગરણ બે કામળીનું - એક પાથરે, બીજી ઓઢે.

રિપોર્ટ છપાઈ ગયો. સરદાર વલ્લભભાઈ પટેલે સહુને મોકલ્યો, પણ સરકારને ખબર પડી જતાં એની બધી નકલો જપ્ત કરી. એ સાથે શાસ્ત્રીજીએ લીધેલો શ્રમ પણ ભૂલાઈ ગયો, પણ એ તો નિષ્કામ કર્મ કરનારા યોગી હતા.

શાસ્ત્રીજી પ્રધાનપદે હતા એ સમયની વાત છે. એકવાર એમના વિભાગના કર્મચારીઓએ કેટલીક જરૂરી ફાઈલો તેમને ન મોકલી, જાતે જ એ કામ પતાવી લીધું, આ ફાઈલો શાસ્ત્રીજી માટે જોવી જરૂરી હતી. એમણે કર્મચારીઓને આવી ફાઈલો મોકલવા કહ્યું. પણ પછી તો જરૂરી કે બિનજરૂરી બધી જ ફાઈલો કર્મચારીઓ એમને આપવા લાગ્યા. શાસ્ત્રીજી આ દેમારથી મૂંઝાય એમ ન હતા. એમણે પોતાના કામના બે કલાક વધારી દીધા એટલે કામ પત્યું.

આવો જ પરિશ્રમ કરીને શાસ્ત્રીજી અંગ્રેજી શીખ્યા હતા. એમનું અંગ્રેજી જવાહરલાલ જેવું છટાદાર નહોતું, પણ પોતાની વાતને સચોટ રીતે રજૂ કરનારું ને મુદ્દાસરનું હતું. એમના અંગ્રેજી વિશે સહુને શંકા હતી, પણ વડાપ્રધાન તરીકે સોગંદવિધિ લીધા પછી રાષ્ટ્રજોગ વાયુપ્રવચન અંગ્રેજીમાં કર્યું, ત્યારે સૌ આશ્ચર્યમાં પડી ગયા !

વડાપ્રધાન શાસ્ત્રી એમના કુટુંબ સાથે ઓખલા મુકામે પિકનિક પર ગયા. પહેલી જ વાર વડાપ્રધાન થયા પછી સતત બે માઈલ ચાલવાનો મોકો મળ્યો ! ઓખલા આવ્યાને બે કલાક થયા કે લલિતાદેવીને કહ્યું, "ચાલો હવે."

લલિતાદેવી વિચારમાં પડ્યાં, આ તે કેવી પિકનિક.

પણ શાસ્ત્રીજી પાસે આનાથી વધુ સમય ન હતો, કામ એમની રાહ જોતું હતું.

શાસ્ત્રીજી રાત્રે સૂતા પહેલાં બધી ફાઈલો તપાસી નાખતા. કાલને માટે કોઈ કામ બાકી રાખતા નહીં.

તેઓ તાસ્કંદ ખાતે લાંબી મંત્રણા કરવા ગયા. અને પછી ફરી તે ૧૦, જનપથ ખાતેની પોતાની કચેરીમાં પાછા ન ફર્યા, પણ તાસ્કંદ જતાં પહેલાં તેઓ બધી ફાઈલો તપાસીને ગયા હતા. એમના મુખ્ય ટેબલ પર એકે ફાઈલ તપાસવાની બાકી ન હતી ! આવી હતી એમની પરિશ્રમશીલતા !

શાસ્ત્રીજીએ એમના જીવનમાં ગાંધીજીનું ઓછા ઉપદેશ, વધુ કામનું સૂત્ર સ્વીકાર્યું હતું.

લાલબહાદુર ક્યારેય કોઈની શેહ કે શરમમાં તણાયા નહીં. નમ્રતા ને સહાનુભૂતિ એમના હૃદયમાં વાસ કરતી હતી. પણ ક્યારેય કોઈની પ્રવૃત્તિ દેશને માટે કે કોંગ્રેસ સંગઠન માટે વિરોધી લાગે, તો એને તરત દૂર કરી દે. પછી ભલે ને એ ગમે તેટલો મોટો માણસ હોય.

પંજાબના પ્રતાપસિંગ કૈરોન, સિરાજુદ્દીન મામલામાં સંડોવાયેલા કેશવદેવ માલવિયા અને કાશ્મીરના ગુલામમહમ્મદ બક્ષીને રાજકારણમાંથી દૂર કરવા તરફેણ કરી હતી. સત્ય ને સિદ્ધાંતની બાબતમાં તેઓ બાંધછોડ કરવામાં માનતા ન હતા. તાસ્કંદ જતાં પહેલાં થોડા કલાકો અગાઉ નાણાપ્રધાન ટી.ટી. ક્રિષ્ણમાચારીનું રાજીનામું સ્વીકારી આવી જ મક્કમતા બતાવી હતી.

એમની મક્કમતાની પરાકાષ્ઠા તો પાકિસ્તાન સાથેના યુદ્ધમાં જણાઈ. લાહોર-સિયાલકોટ પર ચડાઈ કરવાના હુકમોમાં એમની મક્કમતા છતી થઈ. જે જે સ્થળોએ પાકિસ્તાનના સૈન્યે યુદ્ધવિરામનો ભંગ કર્યો, તે તે સ્થળે હિંદી લશ્કરે તેનો પ્રતિકાર કર્યો ને તેઓને મારી હઠાવ્યા.

અયૂબખાનની 'ધોતીદાસો' ને હરાવવાની મુરાદ ધૂળમાં મળી. આથી પ્રતાપગઢ ખાતે ૧૯૬૫ના ડિસેમ્બરની અગિયારમી તારીખે એમણે કહ્યું, 'પ્રમુખ અયૂબખાનને ખુશ કરવા કાશ્મીરની ઓફર કરી ન શકું. તેવી જ રીતે એને ખુશ કરવા મારો પોશાક બદલી પાયજામો પહેરવાનું શરૂ કરી ન શકું.'

યુદ્ધ સમયે એમણે શ્રી નહેરુને એક વાક્ય વારંવાર કહ્યું, 'હું માથું કપાવી શકું છું, માથું ઝુકાવી શકતો નથી.'

એમની આ મક્કમતાએ જ પાકિસ્તાનને ઝૂકાવી દીધું. એમનું યુદ્ધકાળ દરમિયાનનું સૂત્ર 'ગમે તેવી આપત્તિ આવે, અમે તેનો સામનો કરવા તૈયાર છીએ.' એ સૂત્ર તો હજી દરેકે દરેક માનવીના મનમાં ગૂંજે છે.



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

**ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવ, પરમવીર ચક્ર**
**પરમવીર ચક્ર, ૧૮ ગ્રેનેડિયર યુનિટ**
**જન્મ : ૧૦ મે ૧૯૮૦**

જૂન-૧૯૯૯ કારગીલ યુદ્ધ 'ઑપરેશન વિજય' દરમિયાન

આ કહાની ભારતીય સેનાના એક એવા વીર યોદ્ધાની છે, જેણે એકલાએ જ પાકિસ્તાનની આર્મીની એક પૂરી બટાલિયનને હાર સ્વીકારવા માટે ફરજ પાડી. હા આ વાત છે ટાઈગર હિલ ટોપ વિજેતા ૧૮ ગ્રેનેડિયરના વીર જવાન યોગેન્દ્રસિંહ યાદવની.

માત્ર ૧૯ વર્ષની ઉંમરમાં 'પરમવીર ચક્ર' પ્રાપ્ત કરનારા આ વીર યોદ્ધા યોગેન્દ્રસિંહ યાદવનો જન્મ તા. ૧૦-મે-૧૯૮૦ના રોજ ઉત્તરપ્રદેશના બુલંદ શહેર જનપદના ઓરંગાબાદના અહીર ગામમાં થયો. ભારતીય સેનામાં તેઓ જ્યારે નિયુક્ત થયા ત્યારે તેમની ઉંમર માત્ર ૧૬ વર્ષ ૫ મહિના હતી. ૨૭ ડિસેમ્બર ૧૯૯૬માં ભારતીય સેનાની ૧૮ ગ્રેનેડિયર બટાલિયનમાં ભરતી થયેલા યોગેન્દ્રસિંહ યાદવની પારિવારિક પૃષ્ઠભૂમિ સેનાની જ રહી છે.

કારગીલ યુદ્ધ વિશ્વના અત્યાર સુધીના સૌથી જટિલ યુદ્ધોમાંનું એક હતું. વળી ભારતીય ભૂમિ ઉપર ખેલાયેલા યુદ્ધોમાં રણનીતિની દૃષ્ટિએ પણ તે સૌથી મહત્વનું યુદ્ધ હતું. મે થી શરૂ થઈ જુલાઈ ૧૯૯૯ માં ભારત અને પાકિસ્તાનને કારગીલની લડાઈ હંમેશાની જેમ ભારતની જીત સાથે ખતમ થઈ. પરંતુ આ યુદ્ધમાં પાકિસ્તાનનું કપટી ચિત્ર ફરી એકવાર દુનિયાની સામે આવ્યું. પાકિસ્તાન ભલે બહારથી શાંતિનો સંદેશ બતાવવાની ચૂક નહોતું કરતું પણ આ લડાઈ માટે તે ઘણા વર્ષોથી યોજના બનાવી રહ્યું હતું અને પોતાના સૈનિકોને ન જાણે ક્યારથી યુદ્ધના પાઠો ભણાવી રહ્યું હતું. આ યુદ્ધમાં ભારતના ચાર યોદ્ધાઓને પરમવીરચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. જેમાંના એક ગ્રેનેડિયન યોગેન્દ્રસિંહ યાદવ હતા.

ગ્રેનેડિયર શબ્દ ફ્રેંચ શબ્દ ગ્રેનેડ પરથી ઊતરી આવ્યો છે. મૂળભૂત રીતે ગ્રેનેડિયર એ અસાધારણ કુશળતા ધરાવનાર સૈનિક હતો. સતરમી સદીના મધ્ય ભાગમાં ગ્રેનેડ ફેંકવાના અને કેટલીકવાર હુમલાની વિશિષ્ટ કામગીરી માટે તેમની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે સૌથી મજબૂત અને સૌથી મોટા સૈનિકોમાંથી ગ્રેનેડિયર્સને પસંદ કરવામાં આવતા હતા.

ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ ૧૯૯૯ના કારગીલ યુદ્ધના થોડા દિવસો પહેલાં લગ્ન કરવા માટે પોતાના ઘેર ગયા હતા. ૫-મે-૧૯૯૯નાં રોજ એમણે પ્રભુતામાં પગલાં પાડ્યાં. લગ્નના થોડા દિવસોમાં રેડિયો પર સમાચાર વહેતા થયા કે કારગીલ ઉપર મુશ્કેલીઓ પ્રબળ બની છે અને એવામાં જ ગુલમહોરના ઝાડ નીચે નવી નવેલી દુલ્હન સાથે ભાવિ જીવનના સપનાઓની ગૂંથલી કરતા હતા ત્યાંજ

એમને અરજન્ટ તાર મળ્યો અને યોગેન્દ્રસિંહે ઘરમાં જણાવ્યું કે, ભલે મારી રજાઓ હજુ પૂરી નથી થઈ ગઈ પણ પોતે યુનિટમાં પાછા ફરશે. કારણ કે ત્યાં મારી જરૂર છે. યોગેન્દ્રસિંહ મરમ દેશભક્ત વ્યક્તિ હતા. જેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝના સિદ્ધાંતો સ્વીકાર્યા હતા. લડાઈ કારગીલ પરની હતી અને આ સમાચાર તેમને બિલકુલ હેરત પમાડનારા હતા. તેમણે કહ્યું, ''પાછો આવીશ તો વીજયી થઈને નહીં તો શહીદ થઈને આવીશ.'' વીરની પત્નીએ પણ વીરને છાજે એવી રીતે ફરિયાદ કર્યા વગર પતિને ભાલે તિલક કર્યું અને કહ્યું, ''ચિંતા કર્યા વગર જાઓ અને ભારતમાતાની રક્ષા કરો. અમારા કરતાં તમારી વધારે જરૂર માતૃભૂમિને છે.''

લગ્નના ૧૫ જ દિવસ પછી એટલે કે તા. ૨૦-૫-૧૯૯૯ના રોજ તેઓ પાછા જમ્મુ-કાશ્મીર પહોંચ્યા. તેમની બટાલિયનના ૧૮ બ્રિગેડિયર દ્વારા સેક્ટરની સૌથી ઊંચી પહાડી તોલોલિંગ પર લડાઈ લડી રહ્યાં છે, એની જાણ થતાં તેઓ ટ્રાસ સેક્ટર પહોંચ્યા. ૨૨ દિવસ સુધી દુશ્મનો સામે લડીને તોલોલિંગ પર જીત મેળવી અને તા. ૨૨-૬-૧૯૯૯ ના રોજ તોલોલિંગની પહાડી પર તિરંગો લહેરાવી દીધો. જો કે આ લડાઈમાં તેમની બટાલિયનના ૨ ઑફિસર, ૨ જુનિયર કમિશન્ડ ઑફિસર અને ૨૨ જવાનોએ વીરગતિ પ્રાપ્ત કરી.

હવે ટાઈગર હિલ પરની જીત મહત્વની હતી. જેને જીતવા માટે બટાલિયનને ત્રણ હિસ્સામાં વહેંચવામાં આવી. આલ્ફા, ચાર્લી અને ઘાતક. આદેશ મળતાં જ એમની બટાલિયનના કમાન્ડિંગ ઑફિસર કુશાલચંદ ઠાકુરે એક નવી ઘાતક ટુકડીનું નિર્માણ કર્યું. જેમાં બટાલિયનના નવયુવાન સૈનિકોને પસંદ કરવામાં આવ્યા. ૧૮ ગ્રેનેડિયરની આ સૌથી મહત્વની ટુકડી હતી જેણે ટાઈગર હિલ પર સૌથી પહેલા કબજો જમાવી એની ટોચ ઉપર પહોંચવાનું હતું. યોગેન્દ્રસિંહ આ ઘાતક ટુકડીના સભ્ય રહ્યાં. એટલું જ નહીં પણ ટુકડીમાં સૌથી આગળ ચાલનારા બન્યા.

ટાઈગર હિલ ..... ટાઈગર હિલ સેક્ટરનું સૌથી ઊંચું શિખર છે. તેથી પાકિસ્તાની દળો આ વિસ્તારના ચાર્જમાં રહેલા ૫૬ બ્રિગેડના લશ્કરી વડામથકને સરળતાથી જોઈ શકે છે. વળી ટાઈગર હિલથી ભારતનો રાષ્ટ્રીય ધોરી માર્ગ ૧-ડી જોઈ શકાય છે કે જે સિયાચીન ગ્લેસિયરનો એક વ્યૂહાત્મક માર્ગ છે. અને શ્રીનગરને લડાખમાં આવેલા લેહ સાથે જોડે છે કે જે પાકિસ્તાનને શ્રીનગર લેહ ધોરીમાર્ગ પર નજર રાખવા શક્તિમાન બનાવે છે. આ ધોરીમાર્ગ કારગીલ સેક્ટરને પુરવઠો પૂરો પાડવા માટેનો મુખ્ય માર્ગ છે અને પ્રસારિત થતી ટુકડીઓની માહિતી અને અધિકારીઓની તમામ હિલચાલને જોઈ શકે છે. પાકિસ્તાની રાષ્ટ્રીય ધોરીમાર્ગના ૨૫ કિ.મી.ની લંબાઈ પર સરળતાથી તોપમારો કરી શકે છે. પાકિસ્તાન ચોક્કસપણે અને સરળતાથી ભારતના ગઢમાં છેદ પાડી શકે. આની જાણ હોવાથી ભારત ક્યારેય પણ આ માટે પરવાનગી આપી શકે જ નહીં. બીજું પાકિસ્તાની સૈનિકોએ કારગીલ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી અને ભારતને આ પોસ્ટનો નાશ કરવા માટે ચાંપતી નજર રાખવાની જરૂર હતી. આમ ટાઈગર હિલની વ્યૂહાત્મક અગત્યતા ઘણી છે.

યોગેન્દ્રસિંહ માનતા હતા કે ભગવાન મનુષ્ય જીવનને હંમેશાં એક અવસર પ્રદાન કરે છે અને માનવ જીવનથી ઉપર ઉઠીને માનવ સેવા કરવાનો મોકો આપે છે. ત્યારે દેશ માટે કંઈક કરી છૂટવું છે એવી તમન્ના રાખનાર તેમને માટે આ સોનેરી તક હતી. ઘાતક ટુકડીના તેઓ સભ્ય રહ્યાં તે તેમનું સૌભાગ્ય સમજીને દેશની પ્રતિષ્ઠા માટે ટાઈગર હિલ તરફ કૂચ કરી ગયા. ટાઈગર હિલ પર કબજો જમાવવામાં ભારતને ધીરે ધીરે સફળતા મળી રહી હતી. પરંતુ સંપૂર્ણ કબજો મેળવવાનું બાકી હતું. ટાઈગર હિલની ઉત્તર, દક્ષિણ અને પૂર્વીય ભાગને પણ દુશ્મનો પાસેથી ખાલી કરાવવાનું હતું. જેમાં પશ્ચિમી ભાગને ઘાતક પ્લેટનને

સોંપવામાં આવ્યો હતો. જેનું નેતૃત્વ યોગેન્દ્રસિંહનું હતું.

ટાઈગર હિલનો આ વિસ્તાર ૧૬,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલો છે. ૩ જુલાઈએ રાતે ૧૮ ગ્રેનેડિયરના જવાનોએ ટાઈગર હિલ પર ઑપરેશન શરૂ કર્યું. દુશ્મન તો ઉપર હતા અને ભારતીય જવાનો નીચે. બરફના તોતિંગ પહાડો પર ચડવાનું હતું અને એ પણ દુશ્મનોથી બચતાં બચતાં. રાતના અંધારાને ચીરતી યોગેન્દ્રસિંહની નજર ચટ્ટાનોને પાર કરીને કાળા ડિબાંગ આસમાન પર મંડાઈ અને વૃદ્ધ માતાપિતા અને પત્નીનો ચહેરો તરવરી ઉઠ્યો. પણ એ સાથે જ પરિવારને આપેલું વચન યાદ આવ્યું અને તેમનામાં બમણું જનૂન ઉમેરાયું. બરફની ચટ્ટાનો પાર કરતાં એમની ટુકડી સાથે તેઓ આગળ વધ્યા. રાત્રે દોઢ વાગ્યે એક લક્ષ્ય પાર કરી નાંખ્યું. એક ટેકરી પરથી દુશ્મનો અને બંકરોનો ખાત્મો બોલાવી દીધો. પણ હજુ સંપૂર્ણ ટાઈગર હિલ સર કરવાનું બાકી હતું. ફરીવાર માથે કફન બાંધી તેઓ આગળ વધી ગયા. હવેની લડાઈ કપરી હતી. દુશ્મનો જે ટેકરી પર હતા એ બહુ ઊંચી હતી. બરફની ઊંચી ઊંચી ચટ્ટાનોને પાર કરીને દુશ્મનો સુધી પહોંચવાનું હતું. યોગેન્દ્રસિંહે સૌથી આગળ રહીને દોરડું લઈને આરોહણ કરવાની શરૂઆત કરી.

"ખૂબ જ ચૂપકીદી રાખો !" મંદ સ્વરે કરેલી વાત પણ આ અંધારી રાતમાં મોટી લાગે છે. બીજી સાંજે યોગેન્દ્રસિંહે તેમની પ્લેટન સાથે ફરીથી છૂપી રીતે પહાડી પર ચઢાણ કરવાનું શરૂ કર્યું. પર્વતની બંને બાજુએથી જોરથી વહેતા નાળા અને નાળામાં દુશ્મનોના બંકર વળી નાની ટેકરીઓથી પણ દુશ્મનોના બંકરો રક્ષાયેલા હતા. એકદમ સાંકડી પગદંડી, બરફથી આચ્છાદિત પહાડીઓ, બર્ફિલા તોફાનો, હિંસક હવામાન અને લાગ જોઈને હુમલો કરવા માટે છુપાવાની કોઈ જગ્યા પણ નહીં. આવા જોખમો વચ્ચે પણ આપણી ટુકડી ખૂબ જ શાંતિથી, કશાની ચિંતા કર્યા વગર, કોઈપણ પ્રકારના અવાજ વગર, નાનીસૂની પણ ગલત ના થાય કે ના લપસી પડાય વગેરેનું ધ્યાન રાખતી કદમથી કદમ મિલાવતી આગળ વધી રહી હતી. યોગેન્દ્રસિંહ યાદવની તરકીબ અને ટુકડીની એકસૂત્રતાને કારણે દુશ્મનો હજુ સુધી એ પણ ના જાણી શક્યા કે ભારતીય જવાનો તેમની આસપાસમાં જ છે. પરંતુ કમનસીબે અંધકારને કારણે યોગેન્દ્રસિંહ અને તેમના સાથીઓ બંકરો જોઈ શક્યા નહીં. પણ દુશ્મનોની નજરે ચડી ગયા.

"ભારતીય પ્લેટ્ન ઉપર તરફ ચઢાણ કરી રહી છે, ગોળીબાર કરો." આદેશ થતાં જ દુશ્મનોની બંદૂકમાંથી તીવ્ર અવાજ સાથે વિસ્ફોટ થયો અને ગોળીઓની ઝડી વરસવી ચાલુ થઈ ગઈ. દિવસના લગભગ સાડા દસ વાગી ચૂક્યા હતાં. ભારતીય જવાનોએ પણ પાંચ પાંચ કલાક સુધી ઘણી બહાદુરીથી ચારેબાજુ અંધાધૂંધ ગોળીબાર કરવાનું શરૂ કરી દીધું. જેને કારણે દુશ્મનો માટે ભારતીય જવાનોની સંખ્યાનો અંદાજ લગાવવાનું મુશ્કેલ થઈ પડ્યું. આમ યોગેન્દ્રસિંહ સહિત સાત જવાનોએ બતાવી દીધું કે ત્યાં સાત નહીં પણ સાતસો જવાનો છે.

લગભગ ૧૧ વાગે દુશ્મનની એક નાની ટુકડી ભારતીય જવાનોએ જોઈ. જ્યારે પાકિસ્તાની સૈન્ય એમની બિલકુલ નજદીક આવ્યું ત્યારે એમણે એમના ઉપર ગોળીબાર શરૂ કરી દીધાં. જેમાં આઠ પાકિસ્તાની સૈનિકોને મારી નાંખ્યા અને બે સૈનિક ઘાયલ થયા. આ બે ઘાયલ સૈનિકોએ પોતાના કમાન્ડરને જણાવી દીધું કે ત્યાં માત્ર સાત જ હિન્દુસ્તાની જવાન છે. ત્યારે તેમના કમાન્ડરે ફરીથી યોજના બનાવી અને અડધા કલાકમાં ફરીથી હુમલો કર્યો.

અલ્લાહ હુ અકબરના નારા સાથે લગભગ ૭૦ પાકિસ્તાની સૈનિકો ભારતીય ટુકડી ઉપર હુમલો કરવા માટે આવ્યા. યોગેન્દ્રસિંહ અને તેમના સાથીઓ દુશ્મન નજીક આવે તો તેમના ઉપર ગોળીબાર શરૂ કરી દે તેની રાહ જોવા લાગ્યા. પરંતુ ભારતીય સૈનિકોને જોતાં જ પાકિસ્તાની સૈનિકોએ ઉપરથી તીવ્ર પથ્થરમારો શરૂ કર્યો.

પરંતુ આ પરિસ્થિતિની વચમાં ભારતીય જવાનો ગોળીબાર કરતાં રહ્યાં, અને આગળ વધતાં રહ્યાં. યોગેન્દ્રસિંહ મનુષ્યેતર (દૈવી) શક્તિ અને દઢતાથી ભેખડના બાકી રહેલા ૬૦ ફૂટ પણ ચડી ગયા. આવી દુર્લભ હિંમત અને ધીરજથી તેઓ બંકર તરફ સરક્યા અને બંકરમાં ગ્રેનેડ ફેંકી ચાર પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા. બીજી બંકરને પણ હાથાપાઈની લડતમાં સાથીઓની મદદથી કબજે કરી અને પાકિસ્તાની સૈનિકોને મારી ખદેડ્યા. તેમની અસાધારણ વીરતાએ જ સાથી જવાનોને પ્રોત્સાહન આપ્યું. પણ હજુ સંપૂર્ણ ટાઈગર હિલ કબ્જે કરવાનું બાકી હતું.

બબ્બે બંકરોના નાશ પછી યોગેન્દ્રસિંહની ટુકડીને એરિયા ટોપ તરફ આગળ વધતા જોઈને દુશ્મનોએ ભારે માત્રામાં એમની ઉપર સ્વયં સંચાલિત હથિયારો, ગ્રેનેડ્સ, રોકેટ, બોમ્બમારો વગેરેથી હુમલો કરવાનું શરૂ કરી દીધું. જેમાં ભારતીય ટુકડીના છ જવાનો શહીદ થઈ ગયા. પણ મરતાં મરતાં દુશ્મનોના ૩૫ જવાનોને મોતને ઘાટ ઉતારતા ગયા.

યોગેન્દ્રસિંહ પણ બેહોશીની હાલતમાં પડેલા હતા. ગોળીઓથી ઘાયલ હતાં. તેમના જંઘામૂળ અને ખભા પર ત્રણ ગોળીઓ વાગી હતી; લોહી નીકળતી હાલતમાં હતાં. પરંતુ એનું દર્દ એમને નહોતું અનુભવાતું. કારણ કે જ્યારે માથા પર દેશભક્તિનું જનૂન સવાર હતું ત્યારે એમને માત્ર ત્રિરંગો અને ભારતમાતા જ દેખાઈ રહ્યાં હતાં. ઈજાગ્રસ્ત યોગેન્દ્રસિંહે બેહોશીની હાલતમાં પાકિસ્તાની સૈનિકોનો આપણા શહીદ સૈનિકો સાથેનો દુર્વ્યવહાર જોયો. ભારતના શહીદ જવાનોના શબ ઉપર પાકિસ્તાની સૈનિકોએ ત્રણ ત્રણ વાર આવીને ગોળીઓ મારી, આખું શબ છિન્ન ભિન્ન કરી નાંખ્યું. પછી પણ એમને શાંતિ ના વળી તો બૂટથી ઠોકરો મારી અને પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવવાનું શરૂ કર્યું અને ૫૦૦ મીટર નીચે આવેલી આપણી એમ એમ જી (MMG) (Midium Machine Gun) પોસ્ટ નાશ કરવાનો સંદેશો મોકલ્યો. ત્યારે યોગેન્દ્રસિંહના મગજમાં એકદમ ચમકારો થયો કે જો દુશ્મનો એ પોસ્ટ ઉપર કબજો જમાવી દેશે તો ઉપર અને નીચે બંને જગ્યાએ પાકિસ્તાની પોસ્ટ રહેશે અને વચમાં ભારતની પોસ્ટ. જો આમ થાય તો આપણા સાથીઓ તો આપોઆપ જ ખતમ થઈ જાય. કારણ કે નીચેની પોસ્ટના સાથીઓને ખબર નહોતી કે ઉપરની પોસ્ટના તેમના સાથીઓ શહીદ થઈ ચૂક્યા છે.

યોગેન્દ્રસિંહે ત્યાંથી છટકવાનું વિચાર્યું. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવાન ! મને એટલો જીવતો રાખ કે હું બેઝકેમ્પ પર પહોંચી મારા સાથીઓને દુશ્મનોની યોજના વિષે સૂચના આપી શકું. પણ એટલામાં જ દુશ્મનોની સેનાના કમાન્ડરે આદેશ આપ્યો કે ભારતીય સૈનિકોની બંદૂકો ઉઠાવી લો. એક પાકિસ્તાની સૈનિક રાયફલ્સ ઉઠાવી રહ્યો હતો. એણે યોગેન્દ્રસિંહને પણ જોયો અને એમના પગમાં, આજુબાજુમાં ગોળીઓ મારી ચાલ્યો ગયો. યોગેન્દ્રસિંહનું માથું તો પહેલેથી જ ઈજાગ્રસ્ત હતું. એમણે વિચાર્યું કે જો આ મારા માથા પર અને છાતીમાં ગોળીઓ નહીં મારે તો હું જીવતો રહી શકીશ; ભલેને એ લોકો મારો પગ કેમ કાપીને ના લઈ જાય ! પરંતુ તે પાછો આવ્યો અને પાછા ફરીને યોગેન્દ્રસિંહની છાતીમાં ગોળીઓ મારી દીધી.

યોગેન્દ્રની છાતીના ખીસ્સામાં એમણે એક વૉલેટ રાખ્યું હતું અને એમાં પાંચ પાંચના સિક્કા જથ્થામાં પડ્યા હતા. ગોળીઓ એ સિક્કા પર વાગી. દુશ્મનને લાગ્યું કે યોગેન્દ્રસિંહ શહીદ થઈ ગયો છે અને એ એમની રાયફલ ઉઠાવીને ચાલ્યો ગયો. યોગેન્દ્રસિંહને પણ ગોળીના ઝટકાથી વાગ્યું કે તે મૃત્યુ પામ્યા છે પણ ત્યાં તો એમને અંતરાત્માનો અવાજ આવ્યો કે હજુ સુધી તને કોઈ મારી નથી શકતું તો હવે તને કોઈ મારી નહીં શકે.

''કરમવીર કો કોઈ રોક નહીં શકતા હૈ કરને સે

ઓર ઉસકો કૌન માર સકતા હૈ જો કભી ન ડરતા હો મરને સે.''

યોગેન્દ્રસિંહ પાસે બે હાથગોળા બચ્યા હતા. તેમાંથી એક હાથગોળો (ગ્રેનેડ) લઈને તેમણે દુશ્મન ઉપર ફેંક્યો. ઠંડીના કારણે બધાએ કોટ પહેર્યાં હતાં. ગ્રેનેડ દુશ્મનની ટોપીમાં જઈ ફસાઈ પડ્યો, અને બહાર કાઢવાની કોશિશ કરે ત્યાં તો તે ફાટી ગયો. પાકિસ્તાની સૈન્યને લાગ્યું કે ભારતીય સૈનિકો નીચેની પોસ્ટ ઉપરથી આવી ગયા. યોગેન્દ્રસિંહ એક હાથથી ઈજાગ્રસ્ત હોવા છતાં બીજા હાથથી રાયફલ ઉઠાવી અને ત્યાંથી જ ચારેબાજુ ધનાધન ગોળીબાર ચાલુ કરી દીધાં અને પાકિસ્તાનના ચાર સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા.

પાકિસ્તાની સૈનિકો ભાગ્યા. પાછા ફરીને એમણે એ પણ ના જોયું કે અહીંયા ભારતીય સૈન્યનો માત્ર એક જ જવાન છે. યોગેન્દ્રસિંહ ચારેબાજુથી ગોળીબાર કરતાં રહ્યાં અને દુશ્મનો ભાગતા રહ્યાં. પછી યોગેન્દ્રસિંહ એમના સાથીઓ પાસે પાછા આવ્યા. એમને લાગ્યું કે કદાચ આમાંથી કોઈ જીવિત હોય પણ જોયું તો તમામ સાથીઓ શહીદ થઈ ગયા હતા.

"હું તમારા મોતનો બદલો લઈશ." યોગેન્દ્રસિંહ સાથીઓના શબ પાસે બેસીને ગુસ્સાથી બોલ્યા અને ઘણાં સમય સુધી યાદ કરીને રોતા રહ્યાં. હવે તેમણે નીચે લગભગ ૫૦૦ મીટર સુધી જવાનું હતું. એમણે એક નાળાની નીચે લટકવાની કોશિશ કરી. પરંતુ નડતરરૂપ તૂટેલા હાથને કારણે તેઓ સફળ ના થયા. તૂટેલા હાથને તેમણે ઉખેડવાનો પ્રયત્ન કર્યો. તેમને લાગ્યું કે હાથ નકામો થઈ ચૂક્યો છે, તો તેમણે હાથને ઝટકો માર્યો પણ તે છૂટો ના થયો. એમણે હાથને પીઠ પાછળથી નાંખીને બેલ્ટમાં ભરાવી દીધો અને દોરડા મારફતે લટકીને નીચે જવા તૈયાર થયા. ત્યારે જ એમણે જોયું કે એમ એમ જી પોસ્ટ પરથી ભારતીય સેનાના જવાનો આવી રહ્યાં છે.

એમણે ટીમના કમાન્ડર લેફ્ટનન્ટ બલવાનસિંહ અને કેપ્ટન સચિન નેપાલકરને બૂમ પાડી. યોગેન્દ્રસિંહની હાલત જોઈને તો તેમના જીવિત રહેવાની આશા ઘણી ઓછી હતી. એમના કપડાંનાં ચીંથરા ઉડી ગયા હતા. લોહી નીંગળતી હાલતમાં હતાં છતાં પણ તેમણે કહ્યું કે સર, મને કંઈ જ નથી થયું પણ અહીં હુમલો થવાનો છે. કમાન્ડરે તરત જ ઘટતાં પગલાં લીધાં. તુરત જ યોગેન્દ્રસિંહને નીચે કેમ્પ મોકલવામાં આવ્યા. પહોંચ્યા ત્યારે ત્યાં હાજર ઑફિસરોએ એમને ભીની આંખે છાતી સરસા ચાંપી દીધાં. પણ જ્યારે ડૉક્ટરોએ સારવાર ચાલુ કરી ત્યારે તેમના શરીર પર ગોળીઓ જોઈને ત્યાં ઉપસ્થિત તમામ લોકોના મોંમાંથી ચીસ અને શરીરમાંથી કંપારી વછૂટી ગયા.

યોગેન્દ્રસિંહની સૂચનાથી કમાન્ડિંગ ઑફિસરે તુરત જ પ્લાનિંગ કરી ફરી એક રિઝર્વ કંપની ટાઈગર હિલ પર રવાના કરી અને ૪ થી જુલાઈની એ જ રાતે ટાઈગર હિલને વિજયનો તાજ પહેરાવી દીધો અને ભારતીય તિરંગો લહેરાવી દીધો ત્યારે જ ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહને શાંતિ થઈ. ૩૬ કલાક સુધી ચાલેલા આ યુદ્ધમાં ભારતની જીત થઈ, જેમાં વાયુસેનાની જાંબાઝી પણ મહત્વની હતી.

ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહને પોતાના કર્તવ્ય પરાયણતાનું પાલન કરતાં, વિકટ પરિસ્થિતિમાં પણ અનુકરણીય વીરતા તથા સાહસ દર્શાવી, દુશ્મનો સાથેના યુદ્ધમાં પોતાની વ્યક્તિગત સલામતીની પણ પરવાહ કર્યા વિના ભારે હિંમત, અજેય બહાદુરી અને દૃઢતા દર્શાવવા બદલ સેનાના સર્વોચ્ચ શૌર્ય સન્માન પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારે પરમવીર ચક્રએ પણ આ ૧૯ વર્ષના યુવાનની છાતીએ વળગવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં પરમ આનંદ અનુભવ્યો. પરંતુ આ અંગેની જ્યારે જાહેરાત થઈ ત્યારે તેઓ હૉસ્પિટલની પથારીમાં ભાંગેલા હાથ, ભાંગેલા પગ અને શરીરમાં પંદર ગોળીઓ ઈજા સાથે સારવાર હેઠળ હતા.

ચાહ નહીં, મૈં સુરબાલા કે
ગહનો મેં ગૂંથા જાઉં,
ચાહ નહીં પ્રેમી-માલા મેં બિંધ

(અનુસંધાન પૃષ્ઠ ૪૨)

# વત્સલ દાદીમા

**દક્ષાબહેન દાવડા**

પૂર્વ ગ્રંથપાલ, જે.એન. બાલિકા વિદ્યાલય

આવો ઓળખીએ આપણા દીર્ઘદષ્ટા દાદીમાને. જશીબહેન એટલે સરસ્વતીનાં ધરોહર અને સરસ્વતી એટલે તેમના જીવનનો પર્યાય તેમ કહી શકાય. મેદાન પર રમતા કે પ્રવૃત્તિમાં રોકાયેલ બાળકોને જોઈને હંમેશા આંખોમાં અમી છલકાતું જોવા મળે. વિદ્યાર્થીઓના સ્વપ્ન પૂરા થાય એ જ તેઓની મહેચ્છા પ્રશંસા પુરસ્કાર કે પારિતોષિકનાં પ્રકૃત્તિ મોહતાજ નહીં વિદ્યાર્થીઓ તરફથી મળતા માન-આદર એ જ તેઓ શ્રીને મન પુરસ્કાર.

વર્ષ ૧૯૯૪ મુરબ્બી શ્રી જશીબહેન પતિ ડૉ. રઘુભાઈ નાયક સાથે મળી ભાવનગરથી મુકામ અમદાવાદ આવી પૂર્વ વિસ્તારમાં આવેલ સરસપુર જેવા આર્થિક રીતે નબળા વિસ્તારનાં બાળકોને શિક્ષિત કરવાના મનસૂબા સાથે સરસ્વતી વિદ્યાલયની સ્થાપના કરી. પતિ સાથે ખભા મિલાવી કામની શરૂઆત કરી અને સાચા અર્થમાં સહકર્મચારિણી બની રહ્યા.

સફરની શરૂઆત એક સાંકડી કેડીથી કરી આજે આપણા સહુ માટે એક રાજમાર્ગ તૈયાર કરી આપ્યો.

ચોક્કસ વિચારો સાથે મક્કમ મનથી ધીરે ડગલે પાછું વળીને જોયા વગર આગળ વધતા રહ્યા. શાળાની શરૂઆતનાં સમયમાં અનેક મુશ્કેલીઓ, પડકારો શાળામાં અપૂરતી સગવડ, ટાંચા સાધનો આર્થિક અને સામાજિક રીતે નબળો વિસ્તાર છતાં સફળતા અંગે શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પોતાના કાર્યની શરૂઆત કરી.

અથાગ મહેનતને અંતે શાળાને એ મુકામ પર લાવીને મૂકી કે જેમાં અભ્યાસ કરવામાં સરસપુર-બાપુનગરનાં વિદ્યાર્થીઓ પોતાને ગૌરવશાળી સમજતા અને કેમ ન સમજે ? કારણ શહેરની અગ્રગણ્ય નામાંકિત શાળાઓમાંની એક હોવાની શાખ ખૂબ જ ઓછા સમયમાં મેળવી અને તે શાખ એટલે મુ. શ્રી રઘુભાઈ અને મુ. શ્રી જશીબહેનની દીર્ઘદષ્ટિ અને શાળા તથા કાર્ય પ્રત્યેની કટિબદ્ધતાનું પરિણામ.

સરસપુર જેવા અવિકસિત વિસ્તારના બાળકોને શિક્ષિત કરવાના નિર્ધાર સાથે શાળાની સ્થાપના કરી. પરંતુ અહીં માત્ર ભાઈઓ કિશોરો જ અભ્યાસ માટે આવતા હતા. વાલીઓ દીકરીઓને શાળાએ અભ્યાસ માટે મોકલવા તૈયાર ન હતા. તે સંદર્ભે મુ. શ્રી રઘુભાઈ અને શ્રી જશીબહેન વાલીઓને મળ્યા. દીકરીઓને અભ્યાસ માટે શાળામાં મોકલવા બાબત સમજાવવાનાં પ્રયત્નો કર્યા પરંતુ વાલી કો એજ્યુકેશન માટે સંમત ન થતા તેના ફળ સ્વરૂપે તેની ફલશ્રુતિરૂપે ૧૯૫૯માં જે. એન. બાલિકા વિદ્યાલયની સ્થાપના કરી.

સરસપુર વિસ્તારનાં બાળકોનો શૈક્ષણિક વિકાસ જોઈ અસારવા વિસ્તારનાં રહીશોની માંગણી અને લાગણી જોઈ અસારવા વિદ્યાલયની સ્થાપના કરી અને અસારવા વિદ્યાલયનાં સર્વ પ્રથમ આચાર્યાની જવાબદારી પણ મુ. શ્રી જશીબહેને નિભાવી. આમ એક નાના રોપામાંથી વિસ્તરી અનેક શાખાઓ સાથેનું વટવૃક્ષ તૈયાર થયું. જેની શીળી છાયામાં આજે લગભગ પાંચેક હજાર જેટલા બાળકો અભ્યાસ કરે છે.

''સોટી વાગે સમસમ વિદ્યા આવે રમઝમ'' શિક્ષણ જગત અને સમાજમાં આ પ્રકારનાં વિચારો પ્રવર્તમાન હતા ત્યારે તેઓએ નવો ચીલો ચાતર્યો. જેમ કે બાળક, તેમના પ્રશ્નો અને તેમની મૂંઝવણને સમજવા. બાળક સાથે શિક્ષાત્મક કે અપમાનજનક વર્તાવને બદલે તેને પ્રેમથી સમજી સમજાવીને પણ યોગ્ય માર્ગે વાળી શકાય. આ વિચારધારા અમલમાં મૂકી વિદ્યાર્થીઓ તથા વાલીઓનો વિશ્વાસ સંપાદિત કર્યો. મુ. શ્રી. જશીબહેનનું માનવું છે કે શાળાનું વાતાવરણ મુક્ત હોવું જોઈએ. બાળક શાળામાં ભયભીત કે ડરેલું હોય તો તેનો વિકાસ કુંઠિત થઈ જાય. રૂંધાય શિક્ષક સભામાં તેઓશ્રી કહેતા હોય છે કે તમે ઈચ્છતા હોય કે બાળક અમુક ચોક્કસ પ્રકારનું વર્તન શાળામાં કરે

(અનુસંધાન પૃષ્ઠ ૪૧)

# માતૃભાષા એ તો માનો ખોળો છે

**વિનોદ ભટ્ટ**

અમદાવાદ.

જે વાર્તામાં બુદ્ધિનો જરાતરા ચમત્કારો વરતાયતેને એક રિવાજ લેખે બિરબલ સાથે જોડી દેવામાં આવે છે. અને બાદશાહ અકબર તેનો અન્નદાતા, તેનો બોસ હોવાને કારણે બુદ્ધિની બાબતમાં અકબરને પણ બેનિફિટ ઓફ ડાઉટ કહેતાં શંકાનો લાભ આપવામાં આવે છે. એ વખતની કથા પ્રમાણે એક દિવસ અકબર બાદશાહના દરબારમાં પંડિત અટકધારી કોઈ એક વિદ્વાન આવ્યો, જે દસ જેટલી ભાષાઓ કડકડાટ બોલી જતો, જે સાંભળીને એ કહેવું અઘરું પડે કે તેની માતૃભાષા કઈ હશે. મૂંઝવણના આવા દરેક કિસ્સામાં અકબર બિરબલને સવાલ પૂછતો - તેની પાસે ફક્ત સવાલો જ હતા. અને બિરબલ અકબરને ઇન્ટેલિજન્ટ લાગે એવા ઉત્તરો આપવા બુદ્ધિ કસતો. આ રીતે સવાલ જવાબ કરવામાંથી બચે એટલો સમય રાજા રાજ્ય કરતો. આ વખતે પણ બાદશાહે રાબેતા મુજબ બિરબલને પૂછ્યું કે 'હે બિરબલ ! આ પંડિતની માતૃભાષા કઈ હશે ? '(ભાષાને પિતૃપ્રધાન સમાજમાં પણ આપણે પિતૃભાષાને બદલે માતૃભાષા એ કારણે કહીએ છીએ કે ઘરમાં લગભગ તો મા જ બોલતી હોય છે, બાપ તો કાયમ શ્રોતા જ હોય છે. બાપને મોઢું ખોલવાની તક દિવસમાં માંડ ચાર-પાંચ વખત, જમવા ટાણે કે પછી બગાસું ખાતી વેળાએ મળતી હોય છે. એટલે અંગ્રેજીમાં આપણે તેને મધર ટંગ ને ગુજરાતીમાં માતૃભાષા કહીએ છીએ.) રાજાનો મહેલ બતાવવાના બહાને બિરબલ પંડિતને પહેલા માળે લઈ ગયો. દાદરો ઊતરતી વખતે બિરબલે જાણીબૂઝીને પંડિતને પાછળથી ધક્કો માર્યો, ગબડતાં ગબડતાં એ પંડિતથી ચીસ પડાઈ ગઈ : 'ઓ માડી રે !' આવું ક્રૂર અને અ-બૌદ્ધિક વર્તન આચર્યા બાદ હસતાં હસતાં બિરબલે અકબર બાદશાહને માહિતી આપી દીધી કે પંડિતજી ગુજરાતી છે એટલું જ નહીં, કાઠિયાવાડના છે. ગુજરાતી તેની માતૃભાષા છે.

આમ રડવું, હસવું તેમજ સ્વપ્ન માણસને માતૃભાષામાં - દૂધભાષામાં જ આવે છે. (તાજેતરમાં કોલકાતા કોર્ટે ચુકાદો આપ્યો છે કે વ્યક્તિનું મરણોન્મુખ નિવેદન માતૃભાષામાં જ માન્ય ગણાશે.) મારો નાનો પૌત્ર તેજ હસવું આવે ત્યારે, ગુજરાતીમાં ખુલ્લા ગળે હસી પડે છે. રૂંગું આવે ત્યારે પણ તે એટલી જ ખુલ્લાશથી ગુજરાતીમાં રડી લે છે અને રિસાય છે ત્યારે જમીન પર એ જ ભાષામાં આળોટે છે. તેને એકવાર મેં આનું કારણ પૂછ્યું તો મને કહે, 'દાદુડી, હું ગુજરાતી માધ્યમમાં ભણેલો છું, ઓ... કે... !'

એક રીતે જોવા જઈએ તો જગતભરની બધી જ ભાષાઓ પોતપોતાને સ્થાને ઉત્તમ છે. પણ માતૃભાષા એ તો માનો ખોળો છે. એટલે બાળક જે ભાષામાં હાલરડું સાંભળતાં સાંભળતાં ઊંઘી જતું હોય એ જ ભાષામાં તેને ભણાવવું જોઈએ. ગુજરાતી મા-બાપે પોતાના બાળકને સૌ પ્રથમ કક્કો બોલતાં લખતાં શીખવવું જોઈએ. ત્યારબાદ એ.બી.સી.ડી.... **પણ બાળકને ઈંગ્લિશ મીડિયમમાં ભણાવવાની મા-બાપની ઘેલછા ભારતમાં છે એટલી તો ઈંગ્લેન્ડમાંય નહીં હોય.** વર્ષો સુધી અંગ્રેજોની ગુલામી વેઠી હોવાને લીધે મનથી હજી પણ આપણે ગુલામ છીએ તે એટલે સુધી કે આપણી આગળ કોઈ અંગ્રેજીમાં ખોટી ખોટી ફેંકાફેંકી કરે તો પણ તેનાથી આપણે ઝટ અંજાઈ જઈએ છીએ. અંગ્રેજી ભાષાના અજ્ઞાનને લઈને આપણી જાતને આપણે અધૂરા માનીએ છીએ. આપણી આ માનસિકતાની જાણ હોવાથી અંગ્રેજી ભાષાનાં શસ્ત્ર વડે કેટલાક ગઠિયા સેલ્સમેનના વેશમાં આવી અસ્ખલિત ઇંગ્લીશ બોલીને છેતરપિંડી કરી જતા હોય છે. **બપોરના સમયે પુરુષવર્ગ લગભગ ઘેર ન હોય ત્યારે બહેનો પાસે આવા મોરલા ટપકી પડતા હોય છે ને અંગ્રેજીમાં ગોટપીટ કરી જે કંઈ મળી જાય તે લઈ અંતર્ધાન થઈ જાય.** તો આવો કોઈ મોરલો ભરબપોરે કળા કરવા આવે અને અંગ્રેજીમાં ધાણી ફોડવાની શરૂઆત કરે કે તરત જ તમારે તેને વચ્ચેથી

અટકાવીને પૂછવું કે ભાઈ, તને ગુજરાતી ભાષા આવડે છે ? તે હા પાડે તો તેને પ્રેમથી માહિતી આપવી કે વાહ સરસ... મને પણ ગુજરાતી આવડે છે, એટલે તું ગુજરાતીમાં બોલીશ તો તને બોલવામાં ને મને સાંભળવામાં ઓછો શ્રમ પડશે. પછી તમે જોજો, તમારી જોડે વાત કરવાનો પેલાનો ઉત્સાહ ઓસરી જશે ને તે ચાલતી પકડશે. પણ મને ખાતરી છે કે મેં કહ્યું એવું તમે તેને નહીં જ કહો, તમારી લઘુતાગ્રંથિ આડે આવશે... અંગ્રેજીમાં આને ઇન્ફિરિઑરિટી કૉમ્પ્લેક્સ કહે છે.

આપણે અંગ્રેજી ભાષાને સુરમાની જેમ આંખમાં આંજીને બેઠા છીએ, કિન્તુ જગતના ૧૮૦ દેશો પૈકી માત્ર ૧૨ દેશો જ અંગ્રેજીમાં વ્યવહાર કરે છે.બાકીના દેશો પોતાની ભાષાનો ઉપયોગ કરે છે. અને આપણા દેશની વાત કરીએ તો ફક્ત ૩ ટકા બાળકો જ ઈંગ્લિશ મીડિયમમાં ભણે છે જ્યારે ૯૭ ટકા બાળકો માતૃભાષા કે પછી પ્રાદેશિક ભાષામાં અભ્યાસ કરે છે. દુનિયાનો કોઈપણ દેશ પારકી ભાષામાં પ્રાથમિક શિક્ષણ નથી આપતો.

બાળકને તો બાપડાને 'મીડિયમ' એટલે શું એની પણ કશી ગતાગમ નથી હોતી, કિન્તુ નવોદિત ફાધર્સ-મધર્સ આજકાલ વધુ પડતા મટીરિઆલિસ્ટીક થઈ ગયાં છે. **ભણવાથી સંસ્કાર મળે છે, સુસંસ્કૃત થવાય છે એ તો ઠીક મારા ભૈ, એનો ખાસ ખપ નથી, પણ અંગ્રેજી માધ્યમમાં ભણવાથી ભવિષ્યમાં બંગલા ને મોટરગાડીવાળા થવાય છે. સારી નોકરી રાહ જોઈને ઊભી હોય છે. જોતજોતામાં ધનિક થવાય છે અને જેની પાસે પૂરતો પૈસો હોય એની આપોઆપ સંસ્કારપુરુષમાં ગણતરી થાય છે. તે પાંચમાં પૂછાય છે. સમાજમાં તેનો રોલો પડે છે. આ ઈંગ્લિશ મીડિયમનાં તરફદાર મા-બાપનું લાકડાવાળું ગણિત હોય છે.**

પણ આ મા-બાપને કદાચ એ જાણ નથી કે ભાષા એ આમ તો અભિવ્યક્તિનું માધ્યમ છે. નાનાં બાળકને પોતાની ભાષામાં વિચારેલી વાત બીજી ભાષામાં બોલવા કે લખવામાં સિક્સ ટાઈમ્સ - છ ગણી મગજશક્તિ ખર્ચી નાખવી પડે છે. માતૃભાષામાં જ પ્રાથમિક શિક્ષણ આપવાનો આગ્રહ એટલા માટે રખાય છે કે માધ્યમ જાણીતું હોય તો એ માધ્યમમાં ભણાવાતો વિષય બાળકના ગળે સહેલાઈથી ઊતરી જાય છે. **જ્યારે અજાણી ભાષામાં એ જ વિષય તેને શીખવો હોય તો પહેલાં પોતાની ભાષા સમજી, ગોઠવી, તેને અનુરૂપ એ ભાષાના યોગ્ય શબ્દો શોધી તેને એ ભાષામાં ઢાળવામાં આવે છે.** કેટલીક વાર તો પ્રક્રિયામાં તમામ શક્તિ એ અનુવાદ પાછળ વેડફાઈ જાય છે. મનોવિજ્ઞાનીઓ જણાવે છે કે બાળકને માતૃભાષાના ૨૫૦૦ શબ્દો આવડી જાય ત્યાર પછી જ તેના પર કોઈ વિદેશી ભાષા લાદવી જોઈએ.

ગાંધીબાપુનું મોટામાં મોટું સુખ એ હતું કે આપણા બાપુ હોવાને કારણે લગભગ બધા જ વિષયો પર, આપણા બદલે તે વિચારતા. અરે, ગુજરાતી માધ્યમની વાત કરતાં તેમણે કહ્યું છે કે હું હવે સમજ્યો છું કે મને અંકગણિત, ભૂમિતિ, બીજગણિત, રસાયણશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રના જેટલા ભાગ શીખતાં ચાર વર્ષ લાગ્યાં તેટલા એ વિષયો અંગ્રેજી મારફત નહીં, પણ ગુજરાતી મારફત શીખવાના હોત તો વધારે સહેલાઈથી અને વધારે સ્પષ્ટપણે ગ્રહણ કરી શક્યો હોત.

સાચી વાત તો એ છે કે ઇંગ્લિશ મીડિયમમાં અંગ્રેજી તો મિડીયમ જ હોય છે, જે દેશમાં ગળથૂથીમાં જ અંગ્રેજી ભાષા પાવામાં આવે છે એ દેશની રાણીએ ખુદે જ વચ્ચે જાહેરમાં ફરિયાદ કરી હતી કે અમારા કારકૂનોનું ઇંગ્લિશ ખૂબ જ ખરાબ છે, હોરિબલ, જસ્ટ ડિસ્ગસ્ટિંગ.... જો ઇંગ્લેન્ડની રાણીની જ આ પ્રકારની ફરિયાદ હોય તો તે ચિંતાજનક કહેવાય, કેમ કે **માતૃભાષા કેવળ માતૃભાષા નથી. એક હૂંફ છે, સ્નેહ છે, સંસ્કાર છે.** હવે જો રાણીના મુલકમાં જ અંગ્રેજી ખોટું બોલાતું હોય તો આપણા રાજ્યમાં ખોટું ઇંગ્લિશ બોલાય એમાં શી નવાઈ ?

આપણા ગુજરાત, આગવા ગુજરાતની એક કૉલેજમાં ચાલુ ક્લાસે અવાજ કરતા એક વિદ્યાર્થીને પ્રોફેસરે ગુસ્સાથી કહ્યું હતું, 'એય, સી મી બિહાઈન્ડ ધ પીરિઅડ્...' જો પ્રોફેસર ઊઠીને આવું અંગ્રેજી બોલે તો વિદ્યાર્થીને તો આવા વિશિષ્ટ પ્રકારના ઇંગ્લિશ માટે માફ કરી જ શકાય ને... ગુજરાતના એક મંત્રીને શરદી થઈ હતી. ઇન્ટરવ્યૂ માગતી કોઈ એક ચેનલની સ્ત્રી પત્રકારને મંત્રીની પત્નીએ ફોન પર

જણાવ્યું કે તમે આવતી કાલે ફોન કરજો. આજે તો એ શરદીના દરદી છે. બીજે દિવસે સવારે એ મહિલા પત્રકારે મંત્રી-પત્નીને સૌજન્યથી જસ્ટ પૂછ્યું, 'હાઉ ઇસ યોર હસબન્ડ, ઇસ હી વેલ ?' 'યસ... મંત્રીની પત્નીએ હસીને કહ્યું, 'હિસ ઇન ધ વેલ.' (તે કૂવામાં છે) આ જ ગ્રેજ્યુએટ પ્રધાન-પત્ની પાસે ફોન પર એક માણસે વારંવાર 'સાહેબ હજી આવ્યા કે નહીં ?' એ જાણવા માંગ્યું. અનેક વાર 'સાહેબ હજી ઘેર નથી આવ્યા.' એવું કહી કહીને કંટાળી ગયેલ આ સ્ત્રીએ ગુસ્સાથી પેલા ભાઈને કહી દીધું કે તમને હું કેટલી વાર કહું કે હિ ઇસ નો મોર.

કે.જી.માં ભણતા એક શિશુની સુશિક્ષિત મા મને કહેતી હતી કે 'મારા ચિન્ટુને ઇંગ્લિશ કડકડાટ બોલતાં આવડે એ માટે તેની સાથે દરરોજ ઇંગ્લિશમાં**'કોન્વોકેશન'**કરું છું. (પ્રિય વાચક, મારા ગળાના સમ, આ 'જોક' નથી. હકીકત છે.)

ઇંગ્લીશ મીડિયમમાં ભણતો બાબો (કે બેબી) અટક્યા વગર, ફૂટતા ફટાકડાની પેઠે નાચતાં કૂદતાં ઇંગ્લિશમાં કવિતા ગાઈ શકે છે. રામા અને રાવણાની વાતો કરી શકે છે. એ સાંભળવાનું ગમ્મ્ત ખાતરેય કોઈપણને ગમે. એક બાળક ગુસ્સે થઈ જાય તો 'માય ફૂટ' કહીને પોતાના બંને પગ વારાફરતી પછાડે અને કોઈ નાખી દીધા જેવી વાત પર આશ્ચર્યચકિત થઈ જાય ત્યારે 'વાઉઉઉઉ... ' જેવો ઉદ્‌ગાર તેનું ગળું છોલીને બહાર ધસી આવે છે. એ સાંભળી મા-બાપની છાતી ગર્વથી ફાટફાટ થાય છે. ઇંગ્લિશ મીડિયમ પાછળ ખર્ચેલાં નાણાં વસૂલ થયાની લાગણી થતી હશે. થોડો ઈગો (અહમ્) પણ સંતોષાશે. પણ પછી શું ?

પણ ઈંગ્લિશ મીડિયમમાં ભણીને બી.એ. કે એમ.એ. (વિથ ઈંગ્લિશ) થયેલો એકેય યુવાન મેં જોયો નથી જેના હાથમાં મિલ્ટન કે બનાર્ડ શૉનું એકાદ પુસ્તક હોય. અને અંગ્રેજી માધ્યમવાળી શાળામાં અંગ્રેજી ભાષા એટલી બધી વજનદાર થઈ જાય છે કે તેના ભાર હેઠળ ગુજરાતી ભાષા કચડાઈ જાય છે. બાળકનું ગુજરાતી શરમ આવે એટલું બધું હાસ્યાસ્પદ થઈ જાય છે. પાછો કહે છે કે આઈ હેટ ગુજરાતી – હું ગુજરાતી (ભાષા) ને ધિક્કારું છું. અંગ્રેજી ભાષા સાથે કોઈને વાંધો નથી. પણ ગુજરાતીના ભોગે તો અંગ્રેજીનો મહિમા ના જ ગવાય ને !... માતૃભાષા એ તો આપણી ઓળખ છે. આપણે આપણી મા જેવી પોતીકી ભાષાને પિછાણતા હોઈએ તો પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, ચુનીલાલ મડિયા, સ્વામી આનંદ જેવા અનેક સર્જકોના વિશિષ્ટ ગદ્યની મજા માણી શકીશું. તેમની આગવી શૈલીમાં એક ખાસ પ્રકારની સોડમ છે, એનાથી મન ભરાઈ જશે.

આપણી ભાષામાં એવા ઘણા વિશિષ્ટ શબ્દો છે, જેમાંથી આપણી સંસ્કારિતા, પરંપરા વગેરે પ્રગટ થાય છે. ઉ.દા.મામેરું – મોસાળું, યજ્ઞોપવીત, રામણ દીવો, માણેકથંભ, મંગલફેરા, પ્રણામ, વંદન, સાષ્ટાંગ દંડવત્ ઈત્યાદિ શબ્દોમાં આપણી ભાવનાઓ અને સંસ્કારનાં મૂળ પડેલાં છે. આ બધા શબ્દો ક્યા અંગ્રેજી કોશમાં જોવા મળશે !

આપણામાં પડેલી સમજણ, વ્યવહારપટુતા અને રમૂજવૃત્તિ આપણી કહેવતો ને આપણા રૂઢિપ્રયોગોમાં ઠેર ઠેર વેરાયેલી દેખાશે. જેમ કે, 'ડાહી સાસરે ન જાયને ગાંડીને શિખામણ દે' – આ કહેવત તો આખેઆખી આપણી પોતાની જ છે. બાકી પશ્ચિમના દેશોમાં તો ગાંડી હોય કે ડાહી – બંને સાસરે જાય છે એટલું જ નહીં, નવાં નવાં સાસરાં શોધીને છાશવારે ત્યાં જાય છે. 'કાગડો દહીંથરું લઈ ગયો.' ભલભલા કુંવારા ને બાડિયો કહે, 'મારે બે જોઈએ.' 'ફોઈને મૂછો હોત તો તેને કાકો ના કહેવાત !' 'સગપણમાં સાઢુ ને જમણમાં લાડુ,' 'જમવામાં જગલો ને કૂટવામાં ભગલો,' 'શેઠની શિખામણ ઝાંપા સુધી' વગેરે, વગેરે, વગેરે.

તેમ જ મડાગાંઠ, હૈયાઉલકત, પારકી છઠ્ઠીનો જાગતલ જેવા હજારો શબ્દો આપણી માતૃભાષા પાસે છે, માના ખોળામાં છે. **જે મા-બાપને પોતાની ભાષા માટે સાચુકલો પ્રેમ હશે તેમને જ લાંબે ગાળે સમજાશે કે પોતાનાં બાળકને અંગ્રેજી માધ્યમમાં દેખાદેખી અને પરાણે ધકેલીને, બાળપણ ખૂંચવી લઈને તેમણે તેને કેટલો મોટો અન્યાય કર્યો છે ! આપણી ભાષાની સમૃદ્ધિથી અળગો કરી તેને ગરીબ કરી નાખ્યો છે, પાછળ પાડી દીધો છે. એ બાળકનો ગુનો તો એટલો જ ને કે તેણે તમારા પેટે જન્મ લીધો છે ! એની આટલી મોટી સજા !**

('દિવ્યભાસ્કર'માંથી સાભાર)

## પુસ્તક પરિચય

### સ્મરણ-પુષ્પ

**સોલંકી ઉન્નતિ**
(ધો-૧૧, ખ), જે. એન. બાલિકા વિદ્યાલય.


મુ. શ્રી જશીબહેન નાયકને પુસ્તક સ્મરણ પુષ્પ એ તેમના જ વિદ્યાર્થી તથા સંસ્થાની સંભાળ લેનાર શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેને આ પુસ્તક અર્પણ કર્યું છે.

મા. મુ. શ્રી જશીબહેન એટલે કે લેખિકા પોતે વિદ્યાર્થી હતા, ત્યારે તે વિદ્યાર્થી જીવનના અનુભવ પંચોત્તેર વર્ષની મંજીલ કાપ્યા પછી તેમના સ્મરણો તાજા કરવા માટે આ નાનકડી પુસ્તક લખી છે.

'રેતીની રમત' આ વાર્તામાં હરભાઈ એ બાળકોની સાથે બાળક બનીને તેમના બાળપણના શાળાના દિવસો યાદ કરીને પહેલાના દિવસોની મજા માણી હતી. હરભાઈએ વિદ્યાર્થીઓની સાથે 'રેતીની રમત'માં ખૂબ જ આનંદ માણ્યો હતો. તે આ વાર્તામાં વ્યક્ત થયું છે.

''અમારી શાળા-રાષ્ટ્રની શાળા'' આ વાર્તામાં દાદા અને પૌત્ર બંને ખાદીના કપડાની વાત કરવામાં આવી હતી, અને તેનું કેટલું મહત્ત્વ છે તે આ વાર્તામાં ગાંધીબાપુએ અંગ્રેજોની સામે સ્વતંત્રતા મેળવવા માટેની જે લડાઈ શરૂ કરી છે. તેમાં ખાદીનું સ્થાન તો બહું મોટું જ છે અને તેનું ખૂબ મહત્ત્વ આ વાર્તામાં દર્શાવ્યું છે, તેથી તે દાદાને એક પંક્તિની યાદ આવી હતી, ''વાહ ! મારી ખાદી, ખરી ખાનદાન,'' તે આ વાર્તામાં વ્યક્ત થયું છે.

'નાથાભાઈની વાડી' આ વાર્તામાં મોહન, પ્રાણલાલ અને વિનય શાળાએ જતાં હોય ત્યારે જમરૂખ ખાતા હોય છે અને વ્યાયામ શિક્ષક તેમને બોલે છે અને હરભાઈ એ પિકનિકમાં 'નાથાભાઈની વાડી' માં જવાનું નક્કી કરે છે ત્યાં નાથાભાઈ અને તેમની પત્ની દિવાળીબહેનનો સ્વભાવ કોમળ હોય છે અને તે વિદ્યાર્થીઓની માટે તેમની વાડીમાંથી જ મ રૂ ખ બાળકને આપે છે અને બાળકના મોઢા ઉપર સ્નેહ અને આનંદ તેઓ જોઈ ખૂબ ખુશ થતા હતા. તે જોઈ વ્યાયામ શિક્ષકને તેમની લાગણીનો અહેસાસ થાય છે તે આ વાર્તામાં દર્શાવ્યું છે.




'ઘોઘાનો દરિયા કિનારો' આ વાર્તામાં ભાવનગરમાં રહેતો એક પટેલ પરિવાર હતો. જે ખૂબ ધનવાન હતો. ત્યાં ભાવનગરની નજીક 'ઘોઘા' નામનું એક ગામ છે. જ્યાં સરસ દરિયા કિનારો હતો. વિદ્યાર્થીઓ તેમના વિજ્ઞાનના શિક્ષક સાથે તેઓ ગયા હતા, કારણ કે તેમને પણ નવા નવા અનુભવ કરવાનો ખૂબ શોખ હતો. ત્યાં દરિયાની અંદર માછલીઓ સંખ્યાબંધ હતી, તે દરિયાની અંદર નાસ્તાના કટકા નાખી, તે માછલીઓને પાણીમાં કૂદકા ભરતી દેખી વિદ્યાર્થીઓ તેનો આનંદ માણતા હતા. ત્યાં તેમના વિજ્ઞાનના શિક્ષક આ વિશાળ દરિયો, પાણીના ઘૂઘવાટ અને આકાશ-આ બધું જોઈને તેમને એમના શિક્ષકે કહેલી એક પંક્તિ : તેઓ બાળકોને કહે છે, ''આજ, મહારાજ જલ ઉપર ઉદય જોઈને, ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે.''

એ પંક્તિની અંદર કવિએ કેવી સરસ ચંદ્રની કલ્પના કરી છે. અને તેઓની ત્યાં ભરતી અને ઓટ વિશેનો પણ ખૂબ અનુભવ થયો હતો. તેઓએ ત્યાં દરિયાની અંદર

છીપલા, શંખલા પણ જોયા હતા. તેઓ જ્યારે ભાવનગર આવ્યા ત્યારે તેમના સ્વપ્નની અંદર આ દરિયાકાંઠાના સ્મરણો તાજા થતા હતા. આ વાર્તામાં તે દર્શાવ્યું હતું.

'અમારું પ્રિયસ્થળ - 'બોર તળાવ' આ વાર્તામાં ભાવનગર એક નાનકડું શહેર હતું. ભાવનગરના રાજા પોતાની પ્રજાની સુખસગવડ માટે ખૂબ જ લાગણીશીલ હતા. તેથી તેઓએ ભાવનગર શહેરથી થોડે દૂર એક તળાવ બંધાવ્યું. એ તળાવનું નામ હતું : 'બોર તળાવ'. તળાવની નજીક ત્યાં એક મહાદેવનું મંદિર હતું. આ આખુય સ્થળ પ્રજા માટે એક આનંદ મિલનનું સ્થાન બની રહેતું. લેખિકાના પિતાનું કહેવું હતું કે, "વિદ્યાર્થી જીવન દરમિયાન જે કાંઈ નાના મોટા અનુભવો તમે કરો એ પણ મારે મન એક શિક્ષણ જ છે." એક રાત્રે આઠમ કે નોમના ચંદ્રમાનું તેજ હોય એવી રાત્રિએ અમારી મંડળીને વિજ્ઞાન શિક્ષક 'બોર તળાવ' લઈ પહોંચી ગયા. ત્યાં અમને આગિયા નામનું એક માખી જેવાં કીટકનો અનુભવ થયો હતો જે ખૂબ આનંદમય હતો.

લેખિકાને આજે પણ સ્મરણોમાં એ તળાવનાં પાણીમાં નાચતી સંધ્યાનાં રંગો સ્મૃતિમાં સમાય છે. અમારા વિદ્યાર્થી જીવનના વિકાસમાં આ એક અનેરો અનુભવ હતો. જેણે અમારો માનસિક વિકાસ કર્યો છે. તે આ વાર્તામાં વ્યક્ત થયું છે.

'તખ્તેશ્વર મંદિર' આ વાર્તામાં ભાવનગર એક નાનકડું શહેર હતું. અમે ગામની બહાર રહેતા હતા. અમારા ઘરની સામે સરસ ટેકરી હતી. અને ટેકરી ઉપર સફેદ આરસપહાણનું એક મહાદેવનું મંદિર હતું. મંદિરનું નામ હતું 'તખ્તેશ્વર મહાદેવ.' તેનો રંગ ઘઉંવર્ણો હતો. તે મંદિરના પૂજારી સ્વભાવના ખૂબ કોમળ હૃદયના હતા. તે પૂજારી મંદિરની અંદર બેઠેલા સૌ પોતાની આંખો ખોલે એટલે પૂજારી અમને બિલીપત્ર આપે એ અમારે આંખે અને માથે અડાડવાનું હોય આ બધું પૂજારી કેમ કરાવતા હશે તે હજુ સુધી મને સમજાતું નથી ? આમ આ સરસ મઝાનું સંગેમરમરનું મંદિર ભાવનગરના લોકોના હૃદયમાં એક મહત્ત્વનું સ્થાન ભોગવતું. અમારી આ મંદિરની પ્રવૃત્તિનો અનુભવ અમૂલ્ય બની રહ્યો હતો જે ખૂબ જ રસપ્રદ છે. જે આ વાર્તામાં દર્શાવ્યું છે.

'વિક્ટોરિયા પાર્ક' આ વાર્તામાં બાળપણના મિત્રોની સાથે ફરવા જતાં મારા બાળપણના સ્મરણો ખૂબ તાજા થયા. ત્યાં અમે આંબોડાનાં પીળાં પીળાં ફૂલ, જંગલી બે છોડવાઓ અને નાના મોટા છોડવાની હારમાળાઓ હતી. ત્યાંથી પાછા વળતી વખતે રસ્તામાં નવી નવી જંગલી વનસ્પતિઓ, વેલાઓ, છોડવાઓ, જાબુંડા અને ભૂરાં ફૂલો જોતાં જોતાં બહાર નીકળ્યા. 'વિક્ટોરિયા પાર્ક'માં જોયેલી વનસ્પતિ હરણાં, સસલાંને યાદ કરતાં ઘેર પહોંચ્યાં. તે દિવસે અમારા ઘરમાં વિક્ટોરિયા પાર્કની વાતો જ કર્યા કરી અને અમારા અનુભવ વ્યક્ત કર્યા હતા. આ વાર્તામાં આ વ્યક્ત થયું છે.

'ભૂત કેવું હોય ?' આ વાર્તામાં વિદ્યાર્થીઓ હરભાઈને એક પ્રશ્ન પૂછે છે કે ભૂત કેવું હોય ? ત્યારે હરભાઈ તેમના અનુભવની એક વાત કરે છે કે, હું જ્યારે કૉલેજમાં ભણતો હતો ત્યારે અમારા વર્ગમાં એક પ્રાણલાલ કરીને વિદ્યાર્થી હતો. જેણે કહ્યું હતું કે, લોકો અમાસની રાત્રે સ્મશાનભૂમિમાં જતા નથી. તેથી બધાં મિત્રોએ ત્યાં જવાનું નક્કી કર્યું હતું. પણ ત્યાં કશું જ નહોતું. હરભાઈનો અનુભવ વિદ્યાર્થીઓને કહે છે કે, ભૂત હોતું જ નથી. વિદ્યાર્થીઓ કહે છે કે, "તમારો વર્ગ ઝિંદાબાદ અને ભૂત મુર્દાબાદ." આ વાર્તામાં આ દર્શાવ્યું છે.

આ વાર્તામાં લેખિકાએ પોતાના જીવનના સ્મરણો આ વાર્તામાં અભિવ્યક્ત કર્યા છે.

વાંચી રહી'તી પંક્તિઓ,
એક કવિની કવિતાની,
"હું માનવી માનવ બનું તો ઘણું"
પંકિતઓ પૂરી થતાં થતાં તો,
બની એક છબી દશ્યમાન,
શ્વેત વસ્ત્રે પહાડ સરખા ગુરૂ ઊભા.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

● **સેમેસ્ટર સિસ્ટમમાં પાસ વિદ્યાર્થી પણ બોર્ડ પરીક્ષા આપી શકશે :** સરકારના આદેશથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગયા વર્ષે ધો.૧૧-૧૨ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ રદ કરીને એન્યુઅલ એક્ઝામ પેટર્ન દાખલ કરી દેવાઈ છે. પરંતુ ગત માર્ચ ૨૦૧૭માં સેમેસ્ટર સિસ્ટમમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ઈચ્છે તે આગામી માર્ચ-૨૦૧૮ની બોર્ડની પ્રથમ વાર્ષિક પરીક્ષા આપી શકશે. આ પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ગુણપત્રક કે પ્રમાણપત્ર બોર્ડમાં જમા કરાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીઓ વિષયો બદલી શકશે નહીં. આ માટે બોર્ડ દ્વારા જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર પણ કર્યો છે.

● **ગ્રાન્ટેડ શાળાઓમાં સરકારે રૂ. ૧૬૫૦થી ૩૦૦૦ સુધીનો ગ્રાન્ટ વધારો કર્યો :** રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે રૂપિયા ૧૬૫૦ થી લઈને ૩૦૦૦ રૂપિયા સુધીનો ગ્રાન્ટ વધારો કર્યો છે.

આ વધારા મુજબ ૩૦ થી ઉપરના વર્ગો ધરાવતી શાળાઓ માટે ૧૬૫૦, ૬ થી ૩૦ સુધીના વર્ગો ધરાવતી શાળા માટે ૨૫૦૦ અને ૧ થી ૫ વર્ગો ધરાવતી શાળા માટે ૩૦૦૦ રૂપિયાનો વધારો કર્યો છે.

અગાઉ સરકારે ૧૯૯૯ માં ૧ થી ૫ વર્ગ માટે ૧૮૦૦, ૬ થી ૩૦ વર્ગ માટે ૧૫૦૦ અને ૩૦ થી ઉપરના વર્ગ માટે ૧૦૦૦ તેમજ ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં અનુક્રમે ૨૪૦૦, ૨૦૦૦ અને ૧૪૦૦ સુધીનો ગ્રાન્ટ વધારો કર્યો હતો. આમ હવે ચાર વર્ષ બાદ ફરી એકવાર ગ્રાન્ટ વધારો આપ્યો છે.

● **GTU માસ્ટર ઓફ એન્જિનિયરિંગ ફેકલ્ટીમાં નવા ત્રણ કોર્સ શરૂ કરાશે :** જીટીયુમાં એકેડેમિક કાઉન્સિલની મળેલી બેઠકમાં માસ્ટર ઓફ એન્જિનિયરિંગમાં ત્રણ નવા કોર્સ અને એમબીએ માં એક નવો કોર્ષ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ત્રણ નવા કોર્સમાં એક કોર્સ છે એમ ઈ ઈન એરોનોટિક્સ, બીજો કોર્સ છે એમ ઈ ઈન મોબાઈલ એપ્લિકેશન એન્ડ વાયરલેસ ટેકનોલૉજી તથા ત્રીજો કોર્સ છે એમ ઈ ઈન ઈન્ભાસ્ટ્રક્ચર.

ઈજનેરીમાં માસ્ટર ડિગ્રીના આ ત્રણ નવા કોર્સ ઉપરાંત એમબીએમાં પણ એક નવો કોર્સ શરૂ કરાશે. જેનું નામ છે એમબીએ ઈન ઈન્ટરનેશનલ બિઝનેશ. જીટીયુ દ્વારા આ તમામ કોર્સ માટે એઆઈસીટીઈ.ની મંજૂરી લેવાશે અને આગામી શૈક્ષણિક વર્ષથી તે દાખલ કરાશે.

વિશેષમાં હવેથી કોન્વોકેશનમાં બેસ્ટ એકેડેમિક પરફોર્મન્સ માટે વિદ્યાર્થીઓને અપાનારા ગોલ્ડ મેડલ સાથે બેસ્ટ ટિચિંગ પરફોર્મન્સ કરનારા પ્રોફેસરોને પણ અવૉર્ડ આપવામાં આવશે.

● **માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૧૦૦ થી વધુ આચાર્યની જગ્યા હાલ ખાલી :** ગુજરાતમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લા ઘણાં વર્ષોથી આચાર્યોની જગા ખાલી છે. સરકાર દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ હાલમાં ૨૧૦૦ થી વધુ આચાર્યોની જગ્યા ખાલી છે. જેમાં અમદાવાદ શહેરમાં આશરે ૨૧૫ જેટલી જગ્યા ખાલી છે.

સરકારે આ વર્ષે આચાર્યની ભરતી માટેનું નોટિફિકેશન જાહેર કરીને ભરતી પ્રક્રિયા શરૂ કરી છે.

● **ગુજરાતમાં ૩૦ હજાર ઉમેદવારોએ નેટ પરીક્ષા આપી :** કૉલેજોમાં લેક્ચરશિપ માટે જુનિયર રિસર્ચ ફેલોશિપ

માટે સીબીએસઈ દ્વારા દેશભરમાં એલિજિબિલિટી ટેસ્ટ એટલે કે નેટ લેવામાં આવી હતી. જેમાં ગત પરીક્ષાની સરખામણીએ વધુ ઉમેદવારો નોંધાવા સાથે ૩૦ હજાર જેટલા ઉમેદવારો સહિત દેશભરમાં સાત લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

આ વખતની નેટ માટે ૪૦૯૪૩૯ મહિલા ઉમેદવાર અને ૫૧૯૫૫૭ પુરુષ ઉમેદવારો નોંધાયા હતા. જેમાં ૭૫ ટકાથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

**ટૂંકાવીને...**

- ટેકનિકલ કૉલેજોની સંભવિત ફી નક્કી કરાઈ. ૧૦ થી ૧૫ ટકાનો વધારો.
- ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બે હજાર સ્કૂલ આચાર્યની ભરતી માટે ૯ હજાર ઉમેદવારે H-MAT પરીક્ષા આપી.
- ધોરણ ૬ થી ૮ ની પ્રાથમિક શાળાઓમાં શિક્ષક માટેની TET-2 માં ૫૦૭૫૫ ઉમેદવારો પાસ થયા. એકંદરે પરિણામ ૨૩.૬૪% થયું.
- ૨.૩૦ લાખમાંથી ૨.૧૪ લાખ ઉમેદવારે પરીક્ષા આપી હતી. ગત પરીક્ષા કરતા ૩ ટકા પરિણામ વધ્યું.
- કેન્દ્રએ અધ્યાપકો માટે સાતમું પગારપંચ જાહેર કરતા રાજ્ય સરકાર દ્વારા કૉલેજ વહીવટી કર્મીઓ માટે સાતમાં પગારપંચનો ઠરાવ થયો.
- પેરામેડિકલના છ રાઉન્ડ બાદ પણ ૩૭૦૦ થી વધુ બેઠકો ખાલી રહી.



અને શાળાના નિયમોની વિરુદ્ધ કાંઈ જ નહીં આ પ્રકારનો ઉપદેશ તેમને આપો તો બાળક તે બાબત તરત ન સ્વીકારે. તમે બાળકને સીધા આદેશ આપો તે તેમને કદાપી માન્ય નથી હોતા. કારણ બાળકો ફૂલ જેવા ઋજુ નિર્દોષ અને કેટલીક વખત ધાર્યું કરવાની ટેવવાળા હોય છે. તેમનું વૈચારિક જગત અલગ હોય છે. અને તેથી જ બાળકનાં અસામાન્ય વર્તન બાબતે સીધો ઠપકો આપવાના બદલે તેમની સાથે પ્રેમપૂર્વક વાતચીતનો દોર સાધવો પડે. આ દરમ્યાન તમે જે કહેવા માગો છો તેનો બાળકને ઉદાહરણ સાથે અનુભવ કરાવવો ત્યારબાદ બાળકનો પ્રતિભાવ કે પ્રતિબિંબ શું છે તે જાણો એ તે રીતે બાળકનાં વર્તણૂંકમાં ફેરફાર કે પરિવર્તનની અપેક્ષા રાખી શકાય. નહીં કે મારપીટ કે ધાકધમકીથી. આ રીતે તો બાળક શાળા શિક્ષક અને અભ્યાસથી વિમુખ થતું જાય.

Syllabus વિદ્યાર્થીને માત્ર પુસ્તકીય માહિતી આપી શકે, જ્ઞાન નહીં. બાળક જ્યાં સુધી પ્રવૃત્તિમાં સ્વયં ન જોડાય ત્યાં સુધી તેને સાચું જ્ઞાન પ્રાપ્ત નથી થતું. તેથી જ બાળકનાં સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી શાળાની સ્થાપનાના શરૂઆતનાં સમયથી જ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર મૂક્યો. બાળકમાં વિશ્વાસ મૂકી તેમને પ્રવૃત્તિઓની જવાબદારી-નેતૃત્વ સોંપવાથી બાળકનો આત્મવિશ્વાસ વધે છે અને રસપૂર્વક ચીવટથી કામ કરે છે. દરેક બાળકના રસ રૂચિ આવડત ક્ષમતા અલગ અલગ હોય છે. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટે આપણે એવું કંઈક વિચારવું, કરવું જોઈએ કે જે બાળકને શાળામાં આવવા માટે ઉત્સાહ પ્રેરનાર હોય.

શ્રદ્ધા અને આત્મવિશ્વાસ જ ઈચ્છિત મંજીલ સુધી પહોંચાડે છે. તેની તેવી પ્રતીતિ બાળકોને કરાવવી જરૂરી છે. ધ્યેય પ્રાપ્ત કરવાનાં માર્ગમાં અવરોધો મુશ્કેલીઓ તો આવે અને ક્યારેક ધારેલી સફળતા ન પણ મળે તેવા સમયે નાસીપાસ કે હતાશ ન થતા પ્રયત્ન અટકાવી છોડી ન દેવાય. સફળતા ક્યારેય સહેલાઈથી કે જાદુથી નથી મળતી તેને માટે સખત મહેનત કરવી પડે. અથાગ પ્રયત્નો કરવા પડે તેવો અનુભવ બાળકને પ્રવૃત્તિ દ્વારા કરાવી શકાય. અને આને માટે જરૂરી છે તમારો હૂંફાળો સ્પર્શ અને પ્રોત્સાહન તેવું તેઓશ્રીનું અંગત રીતે માનવું છે.

આમ જેમનું સમગ્ર જીવન શાળા અને શાળામાં અભ્યાસ કરતા બાળકોને સમર્પિત છે તેવા શ્રદ્ધેય આદરણીય મુ. શ્રી જશીબહેનને મારા શત શત નમન.

## ગાંધી પણ એવા ને એવા નહીં ચાલે

વિજ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ હોત તો એ એના સિદ્ધાંતોને બદલત; કારણ એ ચિંતનશીલ મનુષ્ય હતો. આજે વિજ્ઞાનયુગમાં માર્ક્સ નહીં ચાલે, તેમ પુરાણા કાળનો મનુ પણ આજે નકામો નીવડશે. અને ગેરસમજ ન કરો તો હું નમ્રતાપૂર્વક કહેવા માગવું છું કે ગાંધી પણ આજે એવો ને એવો નહીં ચાલે.

આપણે તો સમાજ-શરીરમાં કાંટાની પેઠે ઘૂસી જવાનું છે. કાં તો શરીર કાંટાને ફેંકી દે છે, કાં એ શરીરને સતત ભોંકાયા જ કરે છે. તે જ રીતે આપણે કુશાગ્ર બુદ્ધિથી સમાજશરીરમાં પેસી જવાનું છે. સમાજ આપણને ફેંકી દે તો જરાયે આશ્ચર્યની વાત નથી. મને તો ઊલટું આશ્ચર્ય એ વાતનું થાય છે કે હજી સુધી ફાંસી, શૂળી કે ક્રોસ આપણાથી આટલાં છેટાં ને છેટાં કેમ રહ્યાં છે !

આપણો વિચાર સમાજને ભોંકાવો જોઈએ. વિચાર જો પરોણીની જેમ ન ભોંકાય તો સમજવું જોઈએ કે આપણે જે વિચાર રજૂ કર્યો તેનાથી સમાજનું ગાડું આગળ ધપે તેમ નથી, એ સમાજને 'જૈસે થે' (જેવો ને તેવો) રાખનારો છે.

**આપણા ગાંધીબાપુમાંથી સાભાર...**

## સારી શાળા

અને જરૂરી નક્શા કે શૈક્ષણિક સાધનો આવશ્યક છે. શાળામાં પ્રોજેક્ટર હોય અને તેનો ઉપયોગ થતો હોય તે બાળકો માટે વધુ લાભદાયી છે. સ્માર્ટક્લાસની વ્યવસ્થા હોય અને તેનો ઉપયોગ કરનાર સ્માર્ટશિક્ષક શાળા પાસે હોય તો તો શાળા અને વિદ્યાર્થી બંને નસીબદાર કહેવાય. શાળાની દીવાલ પર સારા વ્યક્તિઓના ફોટોગ્રાફ્સ હોય, શૈક્ષણિક ચાર્ટ્સ હોય, સુવિચારો લખ્યા હોય, પેઈન્ટિંગ્સ હોય તો શાળા દિપી ઉઠે. ઘણી શાળાઓ બુલેટીનબોર્ડના શણગારથી જ આખી શાળાની રોનક બદલી નાંખે છે.

સારી શાળાના નિર્માણમાં આ વિચારો અને આ ક્રમ તમને વૈચારિક ટેકો આપશે. જો કે વર્તમાન સમયમાં ઘણી શાળાઓમાં ભૌતિક પાસાને સૌથી વધુ મહત્વ અપાય છે કારણ કે માર્કેટિંગ માટે એ જ ઉપયોગી થાય તેમ છે. વાલી પણ ભૌતિક પાસાંને આધારે જ અંજાઈ જાય છે અને પછી એ પૂછવાનું ભૂલી જાય છે કે તમારી શાળામાં શિક્ષક કેવા છે ? અને ઘણીવાર તો પાછું શિક્ષક હોય તોય કે જેવા હોય તેવા શિક્ષક પાસે ફરજિયાત ભણી નાખવાનું. મિત્રો, શિક્ષક તરીકે આપણા બાળકને કોઈ શાળામાં પ્રવેશ અપાવતી વખતે જે અપેક્ષાઓ લઈને જઈએ છીએ, જે પ્રશ્નો પૂછીએ છીએ એ બધું આપણી શાળામાં ભણવા આવતા બાળકોના માતા-પિતા માટે આપણે પૂરું કરી શકવાનો પ્રયત્ન એટલે સારી શાળા બનાવવા તરફની આપણી ઉર્ધ્વગતિ. ટૂંકમાં સારી શાળા એટલે એવી શાળા કે જેના વિશે પૂછવામાં આવે કે તમારી શાળાની પાંચ વિશેષતા શું ? તો બાળક, વાલી, કે શિક્ષક માથું ખંજવાળ્યાં વગર ઝડપથી ગણાવી શકે ને આપણે કહેવું પડે કે બસ બસ પાંચ થઈ ગઈ.

## પરમવીર ચક્ર

પ્યારી કો લલચાઉં,
ચાહ નહીં સમ્રાટો કે શવ પર
હે હરિ ડાલા જાઉં,
ચાહ નહીં દેવો કે સિર પર,
ચઢૂં ભાગ્ય પર ઈઠલાઉં,
મુઝે તોડ લેના બનમાલી,
ઉસ પથ પર દેના તુમ ફેંક !
માતૃ-ભૂમિ પર શીશ-ચઢાને,
જિસ પથ પર જાવેં વીર અનેક

કવિશ્રી માખનલાલ ચતુર્વેદીની કવિતા ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવના અસીમ શૌર્યની આ આશ્ચર્યકારક ઘટના સાથે કેટલી બધી સુસંગત છે !

ટાઈગર હિલના આ નાયકના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવતાં આપણાં કોટિ કોટિ પ્રણામ.

જય હિન્દ.

# સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં શાળાકીય રમતોત્સવ

## સરસ્વતી કુમારશાળા નં.૧







## સરસ્વતી કુમારશાળા નં.૨






Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • જાન્યુઆરી ૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# મહાત્મા ગાંધી પછીની દેશની સ્થિતિ



"તમે મેળવી આપિયું અમને હિન્દ સ્વરાજ
અમે પચાવી ના શક્યા રે ગાંધી મહારાજ."

તમે તો બાપુ ખૂબ કીદી ભલાઈ
અમારી દશે કૈક એવી કમાઈ
અતિ હિતકારી છતાં ના સરાહી
પચાવી ના શક્યા અમે લોકશાહી...

અહીં બંધુઓ સામસામા લડે છે
પરાપૂર્વનાં વેર ઊભાં કરે છે
પૂકારો ગરીબો કરે પાડી પાડી
પચાવી ના શક્યા અમે લોકશાહી...

નથી દિલમાં દેશની લેશ ભક્તિ
ગુમાવી વિવાદો મહી વ્યર્થ શક્તિ
કરે સાવ ખોટી નકામી ગવાહી
પચાવી ના શક્યા અમે લોકશાહી...

થયા છે અહીં કેટલા પક્ષ ઊભા
થવું કેટલાને હજી દેશ સૂબા
નથી ખુરશી રાખવા સ્થાન ક્યાંહી
પચાવી ના શક્યા અમે લોકશાહી...

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.